પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

ઉગતો સૂર્ય અને દોડતા ઘોડાના પોસ્ટર રાખવાથી પ્રગતિ નથી નથી... પ્રગતિ માટે આપણે સૂર્યની પહેલા ઉઠીને ઘોડાની જેમ દોડવું પડે છે!!!

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૫-૫-૨૦૨૫, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક : ૫૭

**માવઠાની આગાહી વચ્ચે સૂર્યનારાયણ ફરી 'ધગ્યાં'**

(વાંચો છેલ્લા પાને)

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

## ભૂલી જાવ 5G ને 6G માટે દેશ સજ્જ!!!

# ભારત 5G કરતા ૧૦૦ ગણી સ્પીડ સાથે 6G લાવી અર્થતંત્રને આપશે ૧ ટ્રિલિયન ડોલરનું બુસ્ટ

### 6G પેટન્ટ ફાઈલ કરનારા વિશ્વના ટોચના છ દેશોમાં ભારતનો પણ સમાવેશ: ૧૧૧થી વધુ સંશોધન પ્રોજેક્ટ્સને ૩૦૦ કરોડનું ભંડોળ પુરુ પાડવામાં આવ્યું

### 6G એઆઈથી સજ્જ હશે, જીવન બદલાઈ જશે

મંત્રીએ ભાર મૂક્યો કે ૬જી ગેમ-ચેન્જર સાબિત થશે. આમાં પહેલાથી જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સમાવેશ થશે, જે ઉદ્યોગો અને આપણા રોજિંદા જીવનમાં ક્રાંતિ લાવશે. તેમણે કહ્યું કે ૫જી નો ઉપયોગ, જેમ કે દરેક ગામમાં વાઈ ફાઈ પૂરું પાડવું, હજુ પણ તેના પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ ૬જી એ તેનાથી પણ મોટી સફળતા હશે. ડો. પેમ્માસાનીના મતે, "૪જી થી ૫જી તરફ જવું એ એક પરિવર્તન હતું, પરંતુ ૬જી તરફ જવું એ એક સંપૂર્ણ પરિવર્તન હશે."

### વહેલી તકે 6Gને સામાન્ય વ્યક્તિના ઉપયોગ સુધી પહોંચાડાશે

તેમણે સ્વીકાર્યું કે શરૂઆતમાં ૬જી ફક્ત થોડા લોકો જ અપનાવશે જેમને નવી ટેકનોલોજી ગમે છે, પરંતુ તેમને વિશ્વાસ છે કે સમય જતાં આ ટેકનોલોજી સામાન્ય બનશે અને તેના ઘણા નવા ઉપયોગો બહાર આવશે. ઉપરાંત થોડા જ સમયમાં હાલ જેમ ૫જીનો સામાન્ય લોકો ઉપયોગ કરી રહ્યા છે તેમ ૬જીનો ઉપયોગ પણ સામાન્ય વ્યક્તિ કરતા થઈ જશે.

### 6Gમાં વિશ્વનું નેતૃત્વ કરવાનું ભારતનું લક્ષ્ય

'ઈન્ડિયા ૬જી ૨૦૨૫' કોન્ફરન્સ એ દેશની યોજનાનો એક ભાગ છે જેના હેઠળ ભારત માત્ર ૬જી ટેકનોલોજી અપનાવવા જ નહીં પરંતુ વિશ્વમાં તેના વિકાસનું નેતૃત્વ પણ કરવા માંગે છે. મંત્રીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ચ ૨૦૨૩ ના સ્વપનને દોહરાવ્યું કે તેઓ ૨૦૩૦ સુધીમાં ભારતને ૬જી માં વિશ્વનું અગ્રણી બનાવશે. આ સ્વપનને પૂર્ણ કરવા માટે, ભારત જાપાન, સિંગાપોર અને ફિનલેન્ડ જેવા દેશો સાથે મળીને કામ કરી રહ્યું છે અને એઆઈ, ટેરાહર્ટ્ઝ કોમ્યુનિકેશન (ખૂબ જ ઉચ્ચ આવર્તન તરંગો) અને બુદ્ધિશાળી નેટવર્ક્સ (સ્માર્ટ નેટવર્ક્સ) પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

### આરોગ્ય, શિક્ષણ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં 6Gનો મહત્તમ ઉપયોગ થશે

ડો. પેમ્માસાનીએ એમ કહીને કાર્યક્રમમાં સમાપન કર્યું કે ૬જી માત્ર ટેકનોલોજીની સીમાઓને આગળ વધારશે નહીં પરંતુ આરોગ્ય, શિક્ષણ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં સામાજિક અને આર્થિક પ્રગતિ પણ લાવશે. ૬જીનો ઉપયોગ આ ક્ષેત્રોમાં મહત્તમ થાય અને સામાન્ય લોકોનું જીવન સરળ બને તેનું પૂરતું ધ્યાન રખાશે.

**અબતક, નવી દિલ્હી**

અત્યારનો સમય ઈકોનોમી વોરનો છે. એટલે જ ભારત ઈકોનોમીને મજબૂત કેમ બનાવાય તે દિશામાં એક પછી એક મહત્વપૂર્ણ નિર્ણયો લઈ રહ્યું છે. જે અંતર્ગત ભારત ૬જી લાવવામાં અગ્રેસર બન્યું છે. આ ૬જી આપણા અર્થતંત્રને આગામી દશકામાં ૧ ટ્રીલિયન ડોલરનું બુસ્ટ આપશે.

ભારત હવે ૬જી પેટન્ટ ફાઈલ કરનારા વિશ્વના ટોચના છ દેશોમાં

(અનુ. આઠમા પાને)

# યુરોપ પછી ગલ્ફ સાથે વેપાર સંધી સાધી ભારત એક કાંકરે અનેક નિશાન સાધશે

### ઓમાન સાથે મુક્ત વેપાર કરાર માટેની વાટાઘાટો પૂર્ણ, આ મહિને જાહેરાત થવાની અપેક્ષા: કતાર પણ ભારત સાથે વેપાર વધારવા આતુર

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત હવે યુરોપ બાદ ગલ્ફ દેશો સાથે તેના આર્થિક સંબંધોને મજબૂત બનાવી રહ્યું છે. વેપાર સોદાઓને અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે. ભારત ટૂંક સમયમાં આ ક્ષેત્રમાં તેના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદાર ઓમાન સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરી શકે છે.

**ગલ્ફ દેશો સાથેનો નાણાકીય વર્ષ ૨૦૨૫નો વેપાર**

| દેશ | નિકાસ (બિલિયન ડોલર) | આયાત (બિલિયન ડોલર) |
|---|---|---|
| ઓમાન | ૪.૪ | ૪.૫ |
| કતાર | ૧.૭ | ૧૨.૩ |
| યુએઈ | ૩૫.૬ | ૪૮ |
| જીસીસી | ૫૧.૮ | ૧૦૭.૯ |



આ ઘટનાક્રમથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે ભારત-ઓમાન મુક્ત વેપાર કરાર માટેની વાટાઘાટો લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને આ મહિને તેની જાહેરાત થવાની અપેક્ષા છે. કતારના પ્રતિનિધિએ

(અનુ. આઠમા પાને)

# જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં સેનાનું મોટું ઓપરેશન: જૈશના ત્રણ આતંકી ઠાર

### એન્કાઉન્ટર ત્રાલના નાદિર ગામમાં ચાલી રહ્યું છે: પુલવામામાં ૪૮ કલાકમાં બીજું એનકાઉન્ટર: મંગળવારે શોપિયામાં લશ્કરના ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા

**અબતક, નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં સુરક્ષાદળ અને આતંકવાદીઓ વચ્ચે અથડામણના સમાચાર સામે આવ્યા છે. આ દરમિયાન ત્રણ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. આ વિસ્તારમાં જૈશ-એ-મોહમ્મદના બેથી ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાના માહિતી હતી. આ એનકાઉન્ટર ત્રાલના નાદિર ગામમાં ચાલી રહ્યું છે. પુલવામામાં ૪૮ કલાકમાં આ બીજું એનકાઉન્ટર છે. આ પહેલાં મંગળવારે (૧૩ મે) શોપિયામાં લશ્કરના ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓને સુરક્ષાદળોએ જિનપથેર કેલર વિસ્તારમાં ઘેરી લીધા હતા. આ ઓપરેશનને 'ઓપરેશન કેલર' નામ આપવામાં આવ્યું હતું. સૈન્ય દ્વારા મોતને ઘાટ ઉતારવામાં આવેલા

(અનુ. આઠમા પાને)



# અમેરિકન વસ્તુ પર ઝીરો ટેરિફની ધારણાથી સેન્સેક્સમાં ૧૨૦૦થી વધુ પોઈન્ટનો ઉછાળો

### નિફ્ટી પણ ૪૦૦થી વધુ પોઈન્ટ અપ શેરબજારમાં પાછી ફરતી તેજી

**અબતક, રાજકોટ**

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત સત્તારૂઢ થયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના અનેક દેશો પર આકરા ટેરિફ ઝીંક્યા છે. વર્લ્ડ ટેરિફ વોર જેવો માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન અમેરિકાથી ભારતમાં આયાત કરવામાં આવતી એકપણ ચીજ-વસ્તુ પર કેન્દ્ર સરકાર કોઈ જ ટેરિફ વસૂલશે નહિં તેવી વિચારણાં શરૂ કરાતાની સાથે જ આજે શેરબજારમાં તેજીના ઘોડાપૂર જોવા મળ્યા હતા. સેન્સેકસમાં ૧૯૦૦થી વધુ પોઈન્ટની અફરાતફરી રહેવા પામી હતી. જો ટેરિફ ઝીરોનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવે તો બંને દેશ માટે ફાયદાકારક રહેશે અને બજારમાં તેજીને બળ પણ મળશે.

આજે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સ રેડ ઝોનમાં ખૂલ્યા હતા. દરમિયાન બપોરે એવા અહેવાલો વહેતા થયા હતા કે ભારત સરકાર દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે અમેરિકાથી ભારતમાં આયાત કરાતી એકપણ ચીજ-વસ્તુ પર ભારત સરકાર દ્વારા ટેરિફ વસૂલવામાં આવશે નહિં. જેના કારણે બજાર અચાનક મંદીની રાહથી તેજીના ટ્રેક પર આવી ગયું હતું. આજે સેન્સેક્સમાં ૧૯૦૦થી વધુ પોઈન્ટની અફરાતફરી રહેવા પામી હતી. ઈન્ટ્રાડેમાં સેન્સેક્સનું નીચલું લેવલ ૮૦૭૬૨.૧૬ રહેવા પામ્યું હતું. જ્યારે દિવસ દરમિયાન સેન્સેક્સે ૮૨૭૧૮.૧૪ની સપાટી હાંસલ કરી હતી. નિફ્ટી પણ આજે ૨૫૦૦૦ની સપાટી ઓળંગવામાં સફળ રહી હતી. નિફ્ટીની નીચલી સપાટી ૨૪૪૯૪.૪૫ રહેવા પામી હતી. જ્યારે ઉપલી સપાટી ૨૫૧૧૬.૨૫ રહી હતી. બેંક નિફ્ટીમાં પણ ૫૩૦ પોઈન્ટથી વધુનો ઉછાળો રહેવા પામ્યો હતો. જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦માં

(અનુ. આઠમા પાને)

# ચારધામ યાત્રામાં "દેશી"ની સાથે ૧૫૦થી વધુ વિદેશોને શ્રદ્ધા જાગી

### ૧૫૦ થી વધારે દેશોના ૩૧૫૮૧ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું, જેમાં યુએસ, નેપાળ, મલેશિયા, યુકે, ઓસ્ટ્રેલિયા, કેનેડાના સૌથી વધુ યાત્રીઓ

**અબતક, નવી દિલ્હી**

હિન્દુઓ માટે ઘણી મહત્ત્વની ગણાતી એવી ચારધામ યાત્રાની શરૂઆત આ મહિનાથી થઈ ગઈ છે. તેના ઓનલાઈન અને ઓફલાઈન રજીસ્ટ્રેશન પણ એપ્રિલના છેલ્લા દિવસોમાં ચાલુ કરી દેવાયા હતા. દર વર્ષે દેશ વિદેશથી લખો ભક્તો અંહિયા દર્શન કરવા આવે છે. ત્યારે આ વર્ષે પણ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામના દર્શનાર્થે આવના રલોકોની સંખ્યામાં વધારો થયો છે.દુનિયાના ખૂણે-ખૂણેથી લોકો ચારધામ યાત્રાના ભાગ લેવા માટે ઈચ્છુક છે. રજીસ્ટ્રેશનનો આંક ૨૮ લાખને ક્રોસ કરી ગયો છે. જેમાં ૧૫૦ થી વધારે દેશોના ૩૧૫૮૧ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં યુએસ, નેપાળ, મલેશિયા, યુકે, ઓસ્ટ્રેલિયા, કેનેડાના સૌથી વધુ યાત્રીઓ છે.જેમાંથી

(અનુ. આઠમા પાને)



## વિશ્વને બજાર બનાવતા અમેરિકા પર ભરોસો ક્યારે??

# ક્રિપ્ટો કરન્સીમાં પાકિસ્તાન સાથે અમેરિકાની સંધિ: ટ્રમ્પ પરિવારનો ૬૦ ટકા હિસ્સો

**અબતક, રાજકોટ**

ભારત હંમેશા વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે આગળ વધી રહ્યું છે. જ્યારે અમેરિકા આ વિશ્વને બજાર તરીકે જોઈ રહ્યું છે. ખાસ કરીને જ્યારે હવે ભારત મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે અમેરિકાના પેટમાં આગ લાગી છે. પાકિસ્તાન તો સામી છાતીએ લડવા સક્ષમ નથી, પરંતુ બેવડી નીતિથી ચાલતા અમેરિકા પર પણ વિશ્વાસ કરવો અઘરો છે.



અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવામાં રસ દાખવી રહ્યા છે, પરંતુ આ વખતે તેમની રુચિ પાછળ એક નવું કારણ ચર્ચાઈ રહ્યું છે. હાલમાં જ પાકિસ્તાનની એક નવી ક્રિપ્ટો કાઉન્સિલ અને વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્શિયલ (ડબલ્યુએલએફ) વચ્ચે એક સોદો થયો છે. આ ડબલ્યુએલએફ કંપની ટ્રમ્પ પરિવાર સાથે સંબંધ ધરાવે છે જેમાં ટ્રમ્પના પરિવારનો હિસ્સો ૬૦% જેટલો છે, અને ક્રિપ્ટોકરન્સીના વ્યવસાયમાં છે. કંપનીમાં ટ્રમ્પના બે પુત્રો અને જમાઈ પણ ભાગીદાર છે.

રસપ્રદ વાત એ છે કે ડબલ્યુએલએફ એ પાકિસ્તાનની આ નવી ક્રિપ્ટો કાઉન્સિલ સાથે સોદો કરવા માટે પોતાના ખાસ લોકોને ઈસ્લામાબાદ મોકલ્યા હતા, જેમનું સ્વાગત પાકિસ્તાનના

(અનુ. આઠમા પાને)

### ભારત-પાક. વચ્ચે મધ્યસ્થી બનવાના દાવામાં અમેરિકાની ભૂલ છતી થઈ

#### ભારત ક્યારેય કાશ્મીર મુદ્દા પર કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારતું નથી

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને શાંત કરવા માટે અમેરિકાએ દરમિયાનગીરી કરી, પરંતુ તેના પ્રયાસોમાં એક મોટી ભૂલ જોવા મળી રહી છે. અમેરિકાના વિદેશ સચિવે જાહેરાત કરી હતી કે બંને દેશો 'તટસ્થ સ્થળે વ્યાપક મુદ્દાઓ' પર વાતચીત કરવા માટે રાજી થયા છે. યુએસ સશસ્ત્ર દળોના કમાન્ડર-ઈન-ચીફે દાવો કર્યો હતો કે તેમણે પરમાણુ યુદ્ધને રોકવા માટે વેપારનો ઉપયોગ કર્યો હતો. જોકે ભારતીય અધિકારીઓએ યુદ્ધવિરામ અંગે બંને પક્ષો વચ્ચેના કોલમાં વેપારના કોઈપણ વાતના ઉલ્લેખને નકારી કાઢ્યો હતો.

જો કે, દક્ષિણ એશિયાના જાણકારોનું કહેવું છે કે અમેરિકાની આ વાતચીતની શરતમાં જ મોટી ખામી છે. ભારત ક્યારેય કાશ્મીર મુદ્દા પર કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થી

(અનુ. આઠમા પાને)

## આજે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ

# પરિવાર એ સૃષ્ટિનો પાયો છે, તેના વગર માણસની કલ્પના અધૂરી

### સમાજની પરિકલ્પના પરિવાર વગર અધુરી ગણાય, સમગ્ર વિશ્વ એક પરિવાર છે : પૃથ્વી આપણા સૌની માતા છે, અને આપણે તેના સંતાનો છીએ, ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવના વિકસાવવી જરૂરી: ભારતીય કુટુંબ વ્યવસ્થા વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ ગણાય છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ છે. આજનો દિવસ પ્રેમ હુંફ લાગણીનો દિવસ છે. વિશ્વભરમાં ભારતીય કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ છે. વર્ષોથી પરિવારમાં સંયુકત પરિવારમાં રહેનારી રહેનારી પ્રજા એક મેકનાં સથવારે ગમે તેવી મુશ્કેલીને પાર પાડે છે. કુટુંબના મોભીના નેતૃત્વ હેઠળ સમગ્ર પરિવારની સંસાર યાત્રા સુખરૂપ પસાર થાય છે.

પરિવાર સૃષ્ટિનો પાયો છે, તેના વગર માણસની કલ્પના અધૂરી છે. સમાજની પરિકલ્પના પણ પરિવાર વગર અધુરી ગણાય છે, આમ જોઈએ તો પણ સમગ્ર વિશ્વ એ પરિવાર છે. પરિવાર બનાવવા માટે સૌએ હળી મળીને રહેવું જરૂરી છે.

આપણાં દેશમાં ગ્રામ્ય સંસ્કૃતિથી શરૂ કરીને શહેરોની વિભકત કુટુંબની સંસ્કૃતિમાં મા-બાપ, દાદા-દાદી, નાના-નાની, ભાઈ-ભાભી, પુત્રો-પોત્રોનો વિશાળ પરિવાર એક વડિલની છત્ર છાયા તળે વર્ષો સુધી અકબંધ રહીને શ્રેષ્ઠ આનંદિત જીવન પસાર કરે છે. પરિવારની નાની મોટી મુશ્કેલીમાં કે સુખ-દુ:ખનાં પ્રસંગોમાં એક ઝુટ થઈને કાર્ય કરવાથી કુટુંબ પરિવાર મોટી મુશ્કેલીમાંથી સાંગો પાંગ બહાર નીકળી શકે છે. આજે પણ વેકેશનમાં મામાને ઘેર કે માસીને ઘરે જવાની પ્રણાલી લુપ્ત થઈ નથી. ગામડે સુખી રહેતો માનવી સંયુક્ત કુટુંબ માંથી છૂટો પડી ને શહેરમાં આવીને એકલો વિભક્ત કુટુંબમાં રહેતા મુશ્કેલીમાં મુકાયો છે.

પરિવર્તનના દોરે કે વેપાર-ધંધાને કારણે સંયુક્ત કુટુંબમાંથી વિભકત કુટુંબો થયા પણ સારા નરસા પ્રસંગે સમગ્ર પરિવાર એક સાથે સંપથી જીવનનો આનંદ માણે છે. સંયુકત કુટુંબના ફાયદાઓ પણ છે જેમાં એકાદ નબળો ભાઈ સબળાની સાથે જીવન તરી જતો જોવા મળે છે તો વિભકત કુટુંબમાં એકલ દોકલ પરિવાર પણ મુશ્કેલી સમયે સંયુકત પરિવારની ભાવના તરફ ઢળે છે. આપણાં દેશની કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ એટલા માટે છે કે સૌ સાથે મળીને એક સંપથી મુશ્કેલીનો સામનો કરે છે.

પરિવાર દિવસે આપણા સંસ્કારો-શાખ ને પણ વડિલો મહત્વ આપતાં ને સારા આહાર- વિચારો- કાર્યો થકી સમગ્ર ગામ કે પોતાની નાતમાં પરિવારનું નામ ઉજળું કરતાં કયારેય કુટુંબ પરિવારને નુકશાન થાય તેવું આજે પણ બહુ જ જુજ બને છે. ભારતીય પરિવાર વ્યવસ્થામાં સૌને વિકાસ કરવાની વિશાળ તકો રહેતી તો બાળકોના સર્વાંગી વિકાસમાં, સંસ્કાર સિંચનમાં પણ કુટુંબનો હાથ અગ્રેસર રહે તો વેવિશાળ વખતે પણ કુટુંબ પરિવારની શાખ-નામ






આજે પણ જોવાય છે, નોંધ લેવાય છે. કુટુંબ પરિવારની આબરૂ તો ગામે ગામ પ્રસરતીને તેની મુશ્કેલી સમયે સૌ સાથે મળીને પ્રશ્નોનું નિરાકરણ કરતાં તહેવારો હોય કે લગ્ન પ્રસંગ પરિવાર માટે હરહમેશ આનંદોત્સવ વિશ્વભરમાં આપણે જ માણીએ છીએ.આજે વિશ્વ કુટુંબ દિવસે ભારતીય પરિવારની સીસ્ટમ સૌને લોક શિક્ષણ પણ પુરૂ પાડે છે. સમગ્ર વિશ્વમાં ગમે ત્યાં તમો જાવ આપણા જેવી કુટુંબ વ્યવસ્થા ક્યાંય જોવા મળશે નહીં. ખાસ કરીને આપણા સંયુક્ત કુટુંબ પ્રથા તો વિશ્વભરમાં પ્રચલિત છે. 'એક એકલા થક જાગેયા..મિલકર બોજ ઉઠાના સાથી હાથ બઢાના' વર્ષો પહેલાના ફિલ્મ ગીતમાં આપણાં જીવનની ફિલસુફી સમાયેલી છે. પરિવારમાં એક બીજાને મદદ કરીને તેની મુશ્કેલી હળવી કરાય છે. વર્ષોથી અને આજે પણ એક રસોડે બધા ભેગા રહેતા ને વિશાળ પરિવાર એક બીજાનાં સથવારે આનંદ કિલ્લોલથી રહેતા અને આજે પણ રહે છે, જે વિશ્વમાં બીજે ક્યાંય તમોને જોવા મળશે નહીં.આજના દિવસે પરિવારથી અલગ થઈને વિભક્ત કુટુંબને થોડો સમય સારૂ લાગે છે, પણ મુશ્કેલી સમયે ફરી એ જ માહોલ યાદ આવતાં માનવી ફરી એ માહોલ તરફ ઢળે છે. આપણી કુટુંબ વ્યવસ્થા પ્રમાણે આપણા મકાનોની રચના પણ એ પ્રમાણેની હતી જેમાં વિશાળ ફળીયું ઓસરી ઉતાર રૂમો વિગેરેમાં સુખેથી માનવી જીવન જીવતો કયારેય પણ તેને તણાવ ન આવતો, આજે વિશ્વનો માનવી યોગ ધ્યાન જેવી વિવિધ ક્રિયા પૈસા દઈને શાંતિ મેળવે છે એવી શાંતિ આપણી કુટુંબની વ્યવસ્થામાં તો વર્ષોથી છે જ બાળકોને દાદા-દાદીની વાર્તા, સંતાનોની વિવિધ રમતો સંસ્કારો, જીવનલક્ષી ગુણો ભાઈચારો વિગેરે જેવા જીવન મુલ્યો આપણી પરિવારની સિસ્ટમ સાથે વણાયેલા હતા. જે ભારત દેશ સિવાય વિશ્વમાં તમને કયાંય જોવા નથી મળતા.

વિશ્વ પરિવાર દિવસે વિશ્વએ ભારતીય કુટુંબ વ્યવસ્થ વિશે અધ્યયન કરીને તે પ્રમાણે જીવન જીવવાની પ્રેરણા લેવી પડશે. આજે પરિવારના કુટુંબો ભાંગી રહ્યા છે. વિવિધ બદીઓના શિકાર બને છે જેમ કે દારૂ -જુગાર કે ગુનાહિત કૃત્ય જો પરિવાર એક તાંતણે બંધાઈને રહયો હોત તો આવી મુશ્કેલી આવત જ નહી. વિભકત પરિવારમાં આર્થિક- સામાજીક અને માનસિક મુશ્કેલી પારાવાર આવે છે. જેમાં આપણી સંયુકત પરિવારની ભાવના જ બહાર કાઢી શકે છે. વિશ્વ પરિવાર દિવસે સમગ્ર વિશ્વ સાથે ભારતનાં પરિવારે પણ સંકલ્પ કરવાનો સમય આવી ગયો છે. જેમાં ઝગડા-જમીન- જોરૂ ના ઝગડાઓ વધવા લાગ્યા છે. ત્યારે પહેલાની કુટુંબ વ્યવસ્થા તરફ પરત ફરીને શ્રેષ્ઠ માનવ જીવન પાત્રા સંપન્ન કરે એજ આજના દિવસની શ્રેષ્ઠ વાત હોય શકે છે. ઈન્ટરનેશનલ ફેમિલી ડે-૨૦૨૫નો ઉદ્દેશ સમુહ પરિવાર વ્યવસ્થાઓના ફાયદાઓની જાગૃતિ સાથે કુટુંબનું મહત્વ અને આપણાં સામાજીક વિકાસમાં તેની ભુમિકા તેના વિશ્વ વ્યાપી પાલન કરવા સંમત થવું તથા કુટુંબના તમામ વ્યકિતનાં સુખાકારી માટેની એક પહેલ છે. આ વર્ષની ઉજવણી થીમ ''ટકા વિકાસ માટે પરિવાર લક્ષી નીતિઓ અને સામાજિક વિકાસ'' આજના ટેકનોલોજી, નવીનતા, વસ્તી વિષયક ઉથલપાથલ, શહેરીકરણ, સ્થળાંતર અને આબોહવા પરિવર્તન જેવી પ્રક્રિયા સંદર્ભેનો થીમનો હેતુ છે. પરિવાર વિકાસને આગળ વધારવા કેમ મદદ કરી શકાય તેવો સૌએ પ્રયાસ કરવો જોઈએ. એક કુટુંબ સમાજના વિકાસમાં પાયાના સ્તંભનું મુલ્ય ધરાવે છે. કારણ કે સામાજીક કાયદા અને ધારા ધોરણ કૌટુંબિક બંધન અને તાકાતનું અપેક્ષિત સ્વરૂપ છે. ૧૯૯૩ યુ.એન. ની જનરલ એસેમ્બલીએ મૂળભૂત કુટુંબ પ્રણાલીને મહત્વ સમજાવી સૌ પ્રથમ ૧૫ મે ૧૯૯૪ આ ફેમીલી ડે ઉજવાયો હતો ૧૯૯૬ થી દર વર્ષે એક ખાસ થીમ વિશ્વને આપવામાં આવે છે.

#### સંયુક્ત કુટુંબમાં રહેવાની મજા કંઈક અલગ જ હતી

આજે બધાંના મોઢે આપણે સાંભળીએ છીએ કે પહેલા જેવી મઝા જીવનમાં નથી આવતી, વર્ષો પહેલા આપણે નાના હતા ત્યારે બધા સાથે રહેતા ત્યારે કેવી મઝા આવતી. જીવનનાં તમામ પાઠો એક બીજા સાથે હળી મળીને રહેવાથી શિખવા મળી જતાં, કયારેય કોઈ ચિંતા હતી જ નહીં. ઘરનો મોભી કહે, તેમ કરતાંને તેથીજ તમામ કામો વિના વિધ્ને પૂર્ણ પણ થઈ જતા. આજના યુગમાં એકલાપણું પણ ડિપ્રેશનનો શિકાર બને છે, તેથી પરિવાર સાથે રહેવું ખૂબ જ જરૂરી છે.

''કોઈ લોટા દે મેરે બીતે હુએ દિન, બીતે હુએ દિન વો પ્યારે પ્યારે પલ''

### પરિવારના મતભેદોને મનભેદોમાં ન પરિણમે શાંતિ અને એકતા જાળવીને સૌ સંપીને રહે એજ આજના યુગમાં જરૂરી : કુટુંબના વિખવાદને કારણે ઘણા પરિવારો તૂટતા જોવા મળે છે: આ વર્ષની ઉજવણી થીમ ''ટકાઉ વિકાસ માટે પરિવારલક્ષી નીતિઓ અને તેનો સામાજિક વિકાસ'' છે

## અમેઝિંગ ફોરમ: ધો.૧૦માં ૯૫.૦૮ ટકા મેળવી ચૌહાણ પરિવારનું નામ રોશન કર્યું



**અબતક, રાજકોટ**

સીબીએસઈ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતનું ધો.૧૦નું ૯૬.૭૩ ટકા અને ધો.૧૨નું ૯૨.૯૬ ટકા પરિણામ આવ્યું હતું.ત્યારે રાજકોટની નિર્મલા કોન્વેન્ટ સ્કૂલમાં અભ્યાસ કરતી ફોરમ અમિતભાઈ ચૌહાણે ધોરણ ૧૦માં ૮૫.૦૮ ટકા મેળવી ચૌહાણ પરિવારનું નામ રોશન કર્યું છે. ફોરમે જણાવ્યું હતું કે, મારી મહેનત માતા-પિતાના આશીર્વાદ તેમજ સ્કૂલના શિક્ષકોનો સપોર્ટ છે. વધુમાં તેને જણાવ્યુ હતું કે, હું રોજનું આઠ કલાક વાંચન કરતી હતી. તેમજ સ્કૂલે પાંચથી છ કલાક જેટલો સમય અભ્યાસ માટે આપતી હતી. આજે હું ખુબ જ ખુશ છું.મારા ઉજ્વ્વલ ભવિષ્ય માટે મારા માતા પિતાનો સહયોગ અનેરો છે. આગામી સમયમાં પણ ખુબ જ મહેનત કરીને મારા સાપનો સાકાર કરવા છે. ફોરમની મહેનત રંગ લાવી છે વિદ્યાર્થીની આ મહેનત પાછળ તેના માતા-પિતાએ અને શિક્ષકોએ પણ ભોગ આપ્યો છે.આજે આ પરિણામ જાહેર થતાં ઉચ્ચ ક્રમાંક લાવનાર ફોરમને મિત્રવર્તુળ, સ્નેહીજનો અને લોકો અભિનંદન પાઠવી રહ્યા છે.

## વોર્ડ નં.૮ માં ડામર રી-કાર્પેટના કામનું ખાતમુહુર્ત કરતાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૮માં એક્શન પ્લાન હેઠળ ૧) ચંદ્રપાર્ક-૨માં રૂ.૩૦.૪૮ લાખ (૨) પ્રદ્યુમન પાર્ક તથા સાંકેત પાર્કમાં રૂ.૩૦.૨૪ લાખ ૩) મારુતિ પાર્કમાં રૂ.૨૧.૮૭ લાખ ૪) અમીન રોડ પર આવેલ સૂર્ય પાર્કમાં રૂ.૧૦.૮૮ લાખ, એમ મળી કુલ રૂ.૯૩ લાખના ખર્ચે ડામર રી-કાર્પેટ કરવાના કામનું ખાતમુહૂર્ત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ તથા મેયર નયનાબેન પેઢડીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ પૂજાબેન પટેલ, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર બિપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડયા, પ્રિતીબેન દોશી,વગેરે ઉપસ્થિત રહેલ.

## મફત કાનુની સહાય માટે આવક મર્યાદા ૧ લાખથી વધારી ૩ લાખ સુધીની કરાય

### ગુજરાત સરકારનો વધુ એક નાગરિક હિતલક્ષી નિર્ણય લેવાયો

**અબતક, રાજકોટ**

ભારતના બંધારણમાં મફત અને સક્ષમ કાનૂની સહાયને દેશના પ્રત્યેક નાગરિકનો અધિકાર ગણવામાં આવ્યો છે. ગુજરાતના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓનો અધિકાર પ્રાપ્ત થાય તે દિશામાં રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

નિર્ણય અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, સમાજના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓ પૂરી પાડવા માટે કાનૂની સેવા સત્તામંડળોની રચના કરવાના હેતુસર ધ લીગલ સર્વિસ ઓથોરીટી-૧૯૮૭ અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ-૧૯૯૭નો કાયદો હાલ ગુજરાતમાં અમલી છે. આ કાયદાની કલમ-૧૨ મુજબ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્ય, મહિલા, બાળક, દિવ્યાંગ અને ઔદ્યોગિક કામદાર સહિત નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિને મફત અને સક્ષમ કાનૂની સહાય મળવાપાત્ર છે. આ કાયદાના નિયમ-૨૦ મુજબ નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિને સુપ્રીમ કોર્ટ સિવાય અન્ય કોઈપણ કોર્ટ સમક્ષ કેસ દાખલ કરવા અથવા બચાવ કરવા માટે કાનૂની સેવાઓનો હક મળે છે. સમયાંતરે આવક અને મોંઘવારી વધતાં વર્ષ ૨૦૧૨માં નિયમ-૨૦માં સુધારો કરીને રાજ્ય સરકાર દ્વારા કાનૂની સહાય મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા વધારીને રૂ. એક લાખ કરી હતી. રાજ્યમાં નબળા વર્ગના મહત્તમ નાગરિકોને મફત અને સક્ષમ કાનૂની સેવાનો લાભ મળી રહે તે માટે ફરી એકવાર આ જોગવાઈમાં સુધારો કરીને કેબિનેટ બેઠકમાં આવક મર્યાદાને વધારીને રૂ. ત્રણ લાખ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે,

આ સુધારા થી સમાજના બહોળા વર્ગને કાનૂની સેવા મફતમાં પ્રાપ્ત થશે અને જન સમુદાયને પોતાના હકોના રક્ષણ માટે કાનૂની ઉપચારો સરળતાથી પ્રાપ્ત થશે.

## ઓખાપુરી એકસપ્રેસ તા.૨૮મે અને ૧૮ જૂને રાબેતા મુજબ દોડશે

**અબતક, રાજકોટ**

દક્ષિણ મધ્ય રેલ્વેના સિકંદરાબાદ ડિવિઝનના બલ્લારશાહ-કાઝીપેટ સેક્શનમાં સ્થિત બેલ્લમપલ્લી યાર્ડમાં ત્રીજી લાઈન પેચ ટ્રિપલિંગના કામને કારણે, રેલ્વે વહીવટી તંત્રે ૨૮ મે અને ૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનોને રદ કરવાને બદલે ડાયવર્ટ રૂટ સાથે પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. ૨૮મે અને૧૮જૂન,૨૦૨૫ની ટ્રેન સંખ્યા૨૦૮૨૦ઓખા-પુરી એકસપ્રેસ અને૨૫મે અને ૧૫ જૂન,૨૦૨૫ની ટ્રેન સંખ્યા ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ-વિશાખાપટ્ટનમ-વિજયવાડા-બલ્લારશાહ-બડનેરા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા લખોલી-રાયપુર-નાગપુર-બડનેરાના રસ્તે ચાલશે. ટ્રેનો ના સંચાલન અંગે નવીનતમ અપડેટ્સ મેળવવા માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૬.૫.૨૦૨૫, શુક્રવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ ચોથ, મૂળ નક્ષત્ર, સિદ્ધ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ) :** શત્રુઓથી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

## ગુરૂ મહારાજ ઉતાવળી ચાલે મિથુનમાં પહોંચી ચુક્યા છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

સૂર્ય મહારાજ વૃષભમાં અને ગુરુ મહારાજ ઉતાવળી ચાલે મિથુનમાં પહોંચી ચુક્યા છે જાણે હાથી તોફાની ચાલે આગળ વધતો હોય આ સ્થિતિમાં ઈઝરાયેલ વધુ એક્ટિવ થશે તો ભારત પણ વધુ કડક વલણ અપનાવતું જોવા મળશે જયારે ઈરાન અને મિડલ ઈસ્ટ પણ કોઈને કોઈ રીતે સળગતા જોવા મળે. જીવનમાં કેટલાક અલૌકિક અનુભવ આપણને દિવ્ય શક્તિઓની ઝાંખી કરાવે છે.હાલમાં શ્રીવિદ્યા પર લેખ ચાલુ છે અને એ અન્વયે જ શ્રીસુકતમની ૠચાઓમાંથી પસાર થઈ રહ્યો હતો દૈનિક લલિતા સહસ્ત્ર નામ અને શ્રીસુકતમ નો પાઠ કર્યા પછી મારા ચિત્તમાં '' ગંધદ્વારાં દુરાધર્ષાં નિત્યપુષ્ટાં કરીષિણીમ્ ઈશ્વરીં સર્વભૂતાનાં તામિહોપહ્વયે શ્રિયમ્ '' રૂચાનું મનન ચાલી રહ્યું હતું એક મિત્રના જમીન અંગેના પ્રશ્ન માટે તેને આ રુચા ઉપાયમાં આપવી તેવો ભાવ અંદર થી આવતો હતો કેમકે આ રુચા જમીનના પ્રશ્નો માટે અક્સિર છે વળી આ ૠચામાં માતાના દિવ્ય સુગંધી રૂપનું વર્ણન છે અને માતાને સુગંધના સ્ત્રોત કહેવામાં આવ્યા છે જે શ્રીવિદ્યા ધ્યાનમાં પણ અનુભવી શકાય છે અને માતાને એ ભાવથી ચિત્તશક્તિમાં પ્રગટ થવા વિનંતી કરતો હતો. શાંત વાતાવરણમાં ધીમી ધીમે માટીની મહેક આવી રહી હતી એવામાં કોઈએ બેલ વગાડી. દરવાજો ખોલ્યો તો કુરીઅરમાં પાર્સલ આવેલું હતું. કોઈ ઓર્ડર અપેક્ષિત નહોતો એટલે કુતુહલવશ ખોલીને જોયું તો એક શુભેચ્છક મિત્રએ ત્રણ વિવિધ રીઅલ અત્તર મોકલ્યા હતા!!! માતાની અપરંપાર કૃપા કે જયારે હું માતાને આ ૠચાથી યાદ કરતો હતો જેમાં માતાને સુગંધના સ્ત્રોત કહેવામાં આવ્યા છે ત્યારે જ અનપેક્ષિત રીતે આ દિવ્ય સુગંધી ભેટનું પ્રાપ્ત થવું એ સંયોગ બ્રહ્માંડનું સંચાલન કરતી માતા ત્રિપુરા સુંદરીની કૃપા સિવાય બીજું શું હોઈ શકે!! ગદગદ ભાવે માતાના ચરણમાં નમન કરી મારો આદરભાવ પ્રકટ કરતો રહ્યો અને એ પણ સમજાયું કે જયારે ભાવપૂર્વક માતાને યાદ કરવામાં આવે છે ત્યારે માતા કોઈને કોઈ રીતે સંકેત આપે છે અને તેના દ્વારા રચિત યુનિવર્સ તુરત જ તમારી સાથે આ રીતે સંવાદ કરે છે!!!

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૫-૦૫-૨૦૨૫ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (લોચા લાપસી)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (વિઝા સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કાર્બન કોપી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૬-૦૫-૨૦૨૫ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




**તા.૧૬-૫-૨૦૨૫ શુક્રવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | વૈશાખ વદ ચોથ સંકષ્ટ ચતુર્થી | | |
| **નક્ષત્ર** | મૂળ | | |
| **યોગ** | સિધ્ધ | **કરણ:** | બવ |
| **સુર્યોદય** | ૬.૦૮ | **સુર્યાસ્ત:** | ૭.૧૯ |
| **ચંદ્ર રાશી** | ધન | | |
| **રાશિ અક્ષર** | ભ.ફ.ધ | | |
| **દિશાશૂળ** | પશ્ચિમ દિશા તરફ | | |
| **રાહુકાળ** | સવારે ૧૦.૩૦ થી ૧૨ | | |
| **દિવસનાચોઘડીયા** | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ | | |
| **રાત્રીનાચોઘડીયા** | રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ૯ |
| ૨ | | ૭ | ૩ | ૧ | ૯ | | ૮ | |
| | | | ૭ | | | | ૧ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૩ | ૮ | ૧ | | |
| ૪ | ૫ | | ૧ | | | ૩ | | |
| | ૩ | ૮ | | | ૨ | ૯ | | |
| | | ૧ | ૮ | | ૩ | ૨ | | ૯ |
| | | | | | | ૮ | | |
| ૩ | | | | ૯ | ૫ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૫ | ૯ | ૨ | ૮ | ૪ | ૩ | ૭ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૬ | ૭ | ૫ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૮ | ૪ | ૫ | ૩ | ૧ | ૬ | ૨ |
| ૫ | ૨ | ૬ | ૩ | ૭ | ૯ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૩ | ૯ | ૫ | ૮ | ૧ | ૨ | ૭ | ૬ |
| ૭ | ૮ | ૧ | ૨ | ૪ | ૬ | ૩ | ૯ | ૫ |
| ૮ | ૧ | ૨ | ૭ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ |
| ૬ | ૯ | ૪ | ૮ | ૩ | ૨ | ૭ | ૫ | ૧ |
| ૩ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૯ | ૨ | ૮ |

# “તિરંગા યાત્રા” થકી સૈનિકોને સલામી આપતા રાજકોટવાસીઓ



## પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાંસદ અને ધારાસભ્યો સહિત શહેરીજનો હોંશભેર તિરંગા યાત્રામાં જોડાયાઃભારત માતા કી જય,વંદે માતરમના ગગનચૂંબી નાદ



તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

ઓપરેશન સિંદૂર દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ભારતીય સેનાના વીર અને બહાદુર જવાનો દ્વારા અદ્વિતીય પરાક્રમનો પરચો બતાવી ભારતની સરહદપાર કરી આંતકીઓ અને આંતકવાદને હંમેશા પ્રોત્સાહન અને પીઠબળ પુરૂ પાડતાં પાકિસ્તાનની સરહદમાં છેક અંદર સુધી ઘૂસી આંતકીઓના આશ્રય સ્થાનો અને તાલીમ કેમ્પોને એરસ્ટ્રાઈક દ્વારા ધ્વસ્ત કરી દેવા અને ત્યારબાદ પાકિસ્તાનના વિવિધ એરબેઝોનો પણ નાશ કરી દેવામાં આવ્યો છે. સેનાના જવાનોના ઓપરેશન સિંદૂરની આ સફળતાને સલામી આપવા રાજકોટ શહેર રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા એક તિરંગા યાત્રા રાજકોટ શહેરના બહુમાળી ભવન ખાતેથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ તિરંગા યાત્રામાં રાજકોટ શહેરના સાધુ સંતો, સમાજના આગેવાનો, ઉધોગપતિઓ, વેપારીઓ, વિવિધ એસોશીએશન, એનજીઓ, પ્રબુધ્ધ નાગરિકો સહિત વિવિધ સંસ્થા સાથે જોડાયેલા આગેવાનો આ તિરંગા યાત્રામાં જોડાયા હતા. રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, આર્ષ વિધામંદિરના પરમાત્માનંદ સરસ્વતીજી, રામકૃષ્ણ આશ્રમ, સ્વામીનારાયણ સંપ્રદાય સહિત સનાતન ધર્મના સાધુ સંતો, બ્રહ્માકુમારી સંસ્થાના બહેનો, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, કમલેશભાઈ મીરાણી, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, જયમીનભાઈ ઠાકર, મનીષ રાડીયા, લીલુબેન જાદવ સહિત તમામ શ્રેણીના હોદ્દેદારો અને વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ-મહામંત્રી, શહેર મોરચાના હોદ્દેદારો, સેલના સંયોજક અને સહસંયોજક સહિત વિવિધ સામાજીક અને સેવાકીય અને શૈક્ષિણક સહિત તમામ ક્ષેત્રના આગેવાનો અને સમર્થકો, પૂર્વ સૈનિકો અને તેનો પરિવાર, એનસીસી કેડેટસ તેમજ રાજકોટ શહેરના દેશપ્રેમી નાગરિકો આ તિરંગા યાત્રામાં ખુબ જ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. ૨૦૦ ફુટથી મોટો તિરંગો, તિરંગા ખેસ, તરણેતરથી ખાસ આવેલ પારંપરિક વેશભુષા અને છત્રી સાથેના યુવાનો, નાસિક ઢોલ અને બેન્ડ, દેશભકિતના ગીતો સાથેના ડી.જે., ભારત માતા અને સૈનિકની વેશભુષામાં આવેલ બાળકો આ તિરંગા યાત્રામાં મુખ્ય આકર્ષણો રહયા હતા. આ તિરંગા યાત્રાનો પ્રારંભ તિરંગા કલરના ફુગ્ગા આકાશમાં છોડી અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટય કરી કરવામાં આવ્યો હતો.

# સૌ.યુનિ.માં સાયબર ડિપ્લોમા ઈન હ્યુમન રાઈટ્સ એન્ડ સિક્યુરિટી લો નો અભ્યાસ શરૂ થશે

## વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ પોલિસ સ્ટેશનની મુલાકાત કરાવાશે અને યુનિવર્સિટીમાં અધિકારીઓ વિદ્યાર્થીઓને પાઠ ભણાવશેઃ વાયરસ એટેક, સાયબર ક્રાઈમને લગતા કાયદાઓ, બચવા માટેના ઉપાયો પર અભ્યાસ થશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હવે ઓનલાઈન બેન્કિંગ ફ્રોડ, ડિજિટલ એરેસ્ટ અને હની ટ્રેપ પર રિસર્ચ કરશે કારણકે અહીંના માનવ અધિકાર અને આંતરરાષ્ટ્રીય માનવીય કાયદા ભવન દ્વારા વર્ષ ૨૦૨૫ - ૨૬ ના નવા શૈક્ષણિક સત્રથી પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન હ્યુમન રાઈટ્સ એન્ડ સાયબર સિક્યુરિટી લો નો નવો અભ્યાસક્રમ શરૂ થઈ રહયો છે. જેમા વિદ્યાર્થીઓ સાયબર ગુનાઓ અને તેની મોડેસ ઓપરેન્ડીનુ ડેટા એનલીસિસ કરી સંશોધન કરશે. જેમાં સાયબર ક્રાઈમની સમજ, મનોવૈજ્ઞાનિક તકનીક, સોશિયલ મીડિયા ફ્રોડ, ઓનલાઈન બેન્કિંગ-મોબાઈલ એપ્લિકેશન ફ્રોડ, કોમ્પ્યુટર/લેપટોપ પર વાયરસ એટેક, સાયબર ક્રાઈમને લગતા કાયદાઓ, બચવા માટેના ઉપાયો પર અભ્યાસ થશે. જે પોલિસ વિભાગ અને સમાજ માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનવ અધિકાર અને આંતરરાષ્ટ્રીય માનવીય કાયદા ભવનનાં અધ્યક્ષ ડો. ભગીરથસિંહ માંજરીયાએ જણાવ્યું હતુ કે, મને ગત વર્ષે સાયબર સિક્યુરિટી અંતર્ગત સાયબર ક્લબ અંતર્ગત કો - ઓર્ડીનેટર તરીકે નિમણૂક કરવામાં આવેલી હતી. જેથી સાયબર ક્રાઈમ પોલિસના અધિકારીઓ સાથે મળવાનું થતું



હતુ. સાઈબર ક્રાઈમની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને માનવ અધિકારી અને સાયબર ગુનાઓ સબંધિત પીજી ડિપ્લોમા ઈન હ્યુમન રાઈટ્સ સાયબર સિક્યુરિટી લો નો અભ્યાસક્રમ શરૂ કરીએ. ગત વર્ષે અમે મંજૂરી માંગતા કુલપતિ ડો. ઉત્પલ જોશી દ્વારા આ વર્ષે આ કોર્સ શરૂ કરવા માટે મંજૂરી આપવામા આવેલી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૫ - ૨૬ ના નવા શૈક્ષણિક વર્ષથી સાયબર સિકયુરિટીનો નવો કોર્સ શરૂ કરવા જઈ રહ્યા છીએ. વર્તમાનમાં સાયબર ગુનાઓની પદ્ધતિમાં ખૂબ જ બદલાવ આવેલો છે. જેમાં હનીટ્રેપ, ડિજિટલ એરેસ્ટ અને ફાઈનાન્સિયલ ફ્રોડનો યુવાનો, મહીલાઓ અને વડીલો સહિતનાં ભોગ બનતા હોય છે. આ વખતે યુનિવર્સિટીના માનવ અધિકાર ભવનમાં નવો શરૂ થઈ રહેલો સાયબર સિકયુરિટી કોર્સ ૧ વર્ષનો રાખવામાં આવેલો છે. જેમાં પ્રથમ સેમેસ્ટરમાં ૨ વિષયો રાખવામાં આવેલા છે.

સાયબર ક્રાઈમના અધિકારીઓને એક્સપર્ટ તરીકે લેક્ચરમાં પણ બોલાવવામાં આવશે. અહીં એડમિશન લેતા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ પોલીસ મથકની પણ મુલાકાત લેવડાવવામાં આવશે.

જેથી વિદ્યાર્થીઓ સાયબર ગુનાઓ અટકાવવા માટે ડેટા એનાલીસિસ કરી ચોક્કસ તારણ મેળવી શકશે અને તેથી લોકોમાં પણ જાગૃતિ આવશે.

### વિદ્યાર્થીઓ સમાજ ઉપયોગી સંશોધન કરે અને તેનાથી શ્રેષ્ઠ ડેટા મેળવી પોલીસ વિભાગને મદદરૂપ થઈ શકે તેવા પ્રયત્નો કરાશે

બીજા સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓ પાસે ડીઝર્ટેશન રિસર્ચ તૈયાર કરાવવાના છીએ. જેમાં કયા પ્રકારના સાયબર અપરાધો થાય છે. જેમાં પ્રશ્નાવલીના માધ્યમથી લોકોના અભિપ્રાય જાણવામાં આવશે. સાયબર અપરાધોની લોકો પર શું અસર પડે છે તેનો અભ્યાસ કરવામાં આવશે આ સાથે જ સાયબર અપરાધોથી માનવ અધિકારોનુ હનન થાય છે.લાઈફ, લિબર્ટી, ઈક્વાલિટી, ડીગ્નીટીનો ભંગ થાય છે. વિદ્યાર્થીઓ સમાજ ઉપયોગી સંશોધન કરે અને તેનાથી શ્રેષ્ઠ ડેટા મેળવી પોલીસ વિભાગને મદદરૂપ થઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૧૫ સીટો સાથે પ્રવેશ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન હ્યુમન રાઈટ્સ સાયબર સિક્યુરિટી લો નો કોર્સ પ્રાથમિક તબક્કે ૧૫ સીટો સાથે શરૂ કરવામા આવશે. જેની વાર્ષીક ફી રૂ. ૧૨,૦૦૦ રાખવામાં આવશે.જીકાસના માધ્યમથી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. વિદ્યાર્થીઓનો રસ વધુ હશે તો વધુ સીટોની માંગણી કરવામા આવશે. આ કોર્સમાં ૭૫ ટકા હાજરી ફરજિયાત છે.

# જેતપુરમાં શનિવારે સેવાસેતુ કેમ્પઃ ૪૮૦ દિવ્યાંગોને સાધન સહાય અપાશે

## ધોરાજી, ઉપલેટા અને જેતપુરના ૪૮૦ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ૬૧.૬૩ લાખના વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવશેઃ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લેવા મેવાસા, કેરાલી, લુણાગરા, માંડલીકપુર, પાંચપીપળા અને સરધારપૂર સહિતના ૧૩ ગામવાસીઓને અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારની વિવિધ સેવાઓ યોજનાઓનો લાભ પ્રજાજનોને તેઓના રહેઠાણના નજીક સ્થળ પર તે જ દિવસે પ્રાપ્ત કરી શકે તેવા ઉમદા હેતુથી રાજકોટમાં જિલ્લાના જેતપુર તાલુકામાં મેવાસા ગામે ૧૭ મેના રોજ સવારે ૯ વાગ્યે રામ બાપાની જગ્યાની વાડીમાં સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેવા સેતુ કાર્યક્રમમાં આગવના જે લાભાર્થીઓ છે તેમને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે સાધનોનું વિતરણ કરવામાં આવશે. જેતપુર તાલુકાના ૧૩ જેટલા ગામો જેમાં મેવાસા કેરાલી, લુણાગરા, માંડલીકપુર, પાંચપીપળા અને સરધારપૂર સહિતના ગામો આ કેમ્પનો લાભ લઈ શકશે. મેડિકલ કેમ્પમાં ધોરાજી, ઉપલેટા,જેતપુરના દિવ્યાંગ લાભાર્થીઓને



સાધન વિતરણ કરવામાં આવશે. ૪૮૦ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ૬૧.૬૩ લાખના સાધનોનું વિતરણ કરવામાં આવશે. વયશ્રી યોજના હેઠળ ૫૩ લાભાર્થીઓને ૨.૯૫ લાખની સાધનની સહાય આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત યોજનારા મેડિકલ કેમ્પમાં ગાયનેક, ઓર્થોપેડીકે, બાળ રોગ, સ્ત્રી રોગ અને આંખ-કાન-નાકના નિષ્ણાંત ડોકટરો દ્વારા સારવાર આપવામાં આવશે. જેતપુર તાલુકા ૧૩ ગામડાઓ મેડિકલ કેમ્પ લાભ લેશે. મેડિકલ કેમ્પમાં સરકારની તમામ યોજનાના ફોર્મ વિતરણ કરવામાં આવશે. મેડિકલ કેમ્પની સેવાઓ જેમાં આધાર કાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર પરિવર્તન,રાશન કાર્ડમાં નામ દાખલ કરવું,રાશન કાર્ડમાં નામ કમી કરવું. રાશન કાર્ડમાં નામમાં સુધારો કરવા, જાતિ પ્રમાણપત્ર,કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના,ફી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન,દિવ્યાંગતા પ્રમાણપત્ર,કસ્તુરબા પોષણ



સહાય યોજના,પી.એમ.જે.મા (અરજી),હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી. ની ચકાસણી),ઘરેલું નવા વીજ જોડાણ (અરજી),પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર,રસીકરણ,કૃત્રિમ બીજદાન,કિશાન ક્રેડીટ કાર્ડ- નવું કાર્ડ તથા ક્રેડીટ મર્યાદામાં વધારો,આધાર કાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ,મોબાઈલ નંબર સાથે બેન્ક એકાઉન્ટનું જોડાણ,નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું,જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું,પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના,પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના,સુકન્યા સમૃદ્ધિ યોજના,અટલ પેન્શન યોજના, ભીમ એપ,કેસલેસ લીટરેસી (ડીઝીટલ ટ્રાન્ઝેકશન લીટરેસી) સહિતની સેવાઓ સેવાસેતુકાર્યક્રમ એક સ્થળ પરથી મેળવી શકાશે.

# આજી અને ન્યારી ડેમમાં જૂનના આરંભે જ નર્મદાના નીર ઠાલવવા માંગ

## ચોમાસાની સિઝનમાં વરસાદ ખેંચાય અને જળાશયોમાં સંતોષકારક પાણીની આવક ન થાય તેવા સંજોગોમાં રાજકોટવાસીઓએ પાણીની હાડમારી વેઠવી ન પડે તેવું કોર્પોરેશનનું આગોતરૂં આયોજન



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનો આરંભ ૧૫ જૂન આસપાસ થઈ જતો હોય છે. જો ચોમાસું ખેંચાય અને વરસાદ ન પડે આવા સંજોગોમાં રાજકોટવાસીઓએ પીવાના પાણીની હાડમારી વેઠવી ન પડે તે માટે કોર્પોરેશન દ્વારા આગોતરૂં આયોજન કરવામાં આવ્યું છે. જૂનના આરંભે જ આજી ડેમ અને ન્યારી ડેમમાં ૮૯૨ એમસીએફટી નર્મદાના નીર ઠાલવવાની માંગણી કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. જેની સામે સિંચાઈ વિભાગ દ્વારા પણ કોર્પોરેશન પાસે બાકી રહેતા ૧૯૩ કરોડની ઉઘરાણી કાઢવામાં આવી છે.

ગત વર્ષે ચોમાસાની સિઝન પૂર્ણ થયા બાદ કોર્પોરેશનની વોટર વર્કસ શાખા દ્વારા શહેરની પાણી વિતરણ વ્યવસ્થા આખું વર્ષ સુચારૂં રૂપે જાળવી શકાય તે માટે સૌની યોજના અંતર્ગત શહેરના આજી ડેમમાં તબક્કાવાર ૧૮૦૦ એમસીએફટી અને ન્યારી ડેમમાં ૭૦૦ એમસીએફટી સહિત કુલ ૨૫૦૦ એમસીએફટી નર્મદાના નીર ઠાલવવાની માંગણી કરવામાં આવી હતી. જેનો રાજ્ય સરકાર દ્વારા સ્વિકાર કરવામાં આવ્યો હતો. આજ સુધીમાં આજી ડેમમાં ૮૩૬ એમસીએફટી અને ન્યારી ડેમમાં ૭૭૨ એમસીએફટી સહિત કુલ

(અનુ. આઠમા પાને)

# હાઈરાઈઝ બિલ્ડીંગોના સમ્પ કનેકશનમાં વધુ પાણી આપવા કોર્પોરેશનની વિચારણા

## વધુ વેરાઓ ચૂકવતા છતાં ઓછુ પાણી મળતું હોવાની ફરિયાદો ઉઠતા વધુ પાણી આપવાની તૈયારી

શહેરમાં હાઈરાઈઝ બિલ્ડીંગોને વધુ પાણી આપવાની કોર્પોરેશન દ્વારા વિચારણા શરૂ કરવામાં આવી. છે.

વર્ષો પહેલા હાઈરાઈઝ બિલ્ડીંગો ન હતી ત્યારે ટેનામેન્ટને અડધાની લાઈનનું નળ કનેકશન આપવાનો નિયમ અમલમાં મુક્યો હતો. જે આજ સુધી ચાલુ છે.પરંતુ હાઈરાઈઝ બિલ્ડીંગોમાં એક વીંગમાં ૪૦ ફ્લેટ હોય ત્યારે તેઓને સંપ કનેકશનના નિયમ હેઠળ અઢી અથવા ૩ની લાઈનનું કનેકશન આપી દેવાય છે. અને ટેનામેન્ટ કરતા વધારે પાણી ચાર્જ વસુલવામાં આવી રહ્યો છે.આ અંગે તંત્ર દ્વારા ફરી વખત વિચારણા હાથ ધવામાં આવી છે.

એક સોસાયટીમાં ૪૦ ટેનામેન્ટ હોય અને તમામને અડધાની લાઈનનુ કનેકશન અપાય છે તો એક વીંગમાં ૪૦ ફ્લેટ હોય તેને સંપ કનેકશનની વ્યાખ્યામાં ૨૦ની લાઈનનું કનેકશન મળવું જોઈએ તેની સામે ફકત અઢી અને ૩ની લાઈન માંથી પાણી આપવામાં આવી રહ્યું છે. જેના લીધે ટેનામેન્ટ કરતા એપાર્ટમેન્ટના લોકોને અંદાજે ૬૦ ટકા ઓછુ પાણી મળી રહ્યું છે. છતાં તંત્ર પાણીવેરો પુરેપુરો ઉઘરાવે છે. આ અન્યાય વર્ષોથી ચાલ્યો આવતો હોય હવે ટેનામેન્ટની સંખ્યા વધવા લાગતા વિરોધ પણ વધવા લાગ્યો છે. આથી તંત્ર દ્વારા હવે

(અનુ. આઠમા પાને)

# શ્રી રાજ સ્કૂલનું ઉત્તમ શિક્ષણ અને શિક્ષકોના નિષ્ઠાવાન પ્રયત્નો થકી સર્વશ્રેષ્ઠ પરિણામ

## માત્ર ઉપલાકાંઠા વિસ્તારમાં જ નહીં, પરંતુ સમગ્ર રાજકોટમાં શિક્ષણના ક્ષેત્રમાં આગવા સ્થાનથી એક સાથે ૫ વિદ્યાર્થીઓએ જી-નીટમાં ૯૯.૯૯ પી.આર તેમજ ૫૧ વિદ્યાર્થીઓએ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા અને ૬૨ વિદ્યાર્થીઓએ અ૧ ગ્રેડ મેળવી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું

**અબતક, રાજકોટ**

ઉપલાકાંઠા વિસ્તારમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ તક પૂરી પાડવામાં શ્રી રાજ સ્કૂલ ખરેખર મોખરે છે.એક સાથે ૫ વિદ્યાર્થીઓએ ૯૯.૯૯ પી.આર મેળવવો અને રાજકોટ જિલ્લામાં ટોચના માર્કર્સ મેળવવા એ નાનીસૂની વાત નથી. આ સિદ્ધિ વિદ્યાર્થીઓની સખત મહેનત, શાળાનું ઉત્તમ શિક્ષણ અને શિક્ષકોના નિષ્ઠાવાન પ્રયત્નોનું પરિણામ છે. ૫૧ વિદ્યાર્થીઓએ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા અને ૬૨ વિદ્યાર્થીઓએ અ૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે કે શાળામાં દરેક વિદ્યાર્થીની ક્ષમતાને પોષવામાં આવે છે અને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.શ્રી રાજ સ્કૂલે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તેઓ માત્ર ઉપલાકાંઠા વિસ્તારમાં જ નહીં, પરંતુ સમગ્ર રાજકોટ જિલ્લામાં શિક્ષણના ક્ષેત્રમાં એક આગવું સ્થાન ધરાવે છે, સિદ્ધિ અન્ય શાળાઓ અને વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ છે. ભવિષ્યમાં પણ રાજ સ્કૂલ આવી જ રીતે સફળતાના નવા શિખરો સર વિદ્યાર્થીઓ થી શુભેચ્છાવર્ષા વરસી રહી છે.

જી - નીટમાં૧૭૯ વિદ્યાર્થીઓ માંથી ૫-૫ વિદ્યાર્થીઓ ૯૯.૯૯ પી.આર મેળવી સ્કૂલનું નામ રોશન કર્યું આ ઉપરાંત બોર્ડમાં પણ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ સાથે ઉત્તિર્ણ થયા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને



ડોબરીયા પાર્થીવ 99.99 PR | લીંબડ સોહન 99.99 PR | ઢોલરીયા મનન 99.99 PR | કાકડીયા પ્રિયેશ 99.99 PR | માલાણી ધ્રુવી 99.99 PR

પર્સનલ ગાઈડન્સ આપવામાં આવતું હતું તેમજ વિકલી ટેસ્ટ લેવામાં આવતી હતી જેથી વિદ્યાર્થીઓએ બાજી મારી છે, ખરેખર સખત મહેનત કરીને અનેરી સિદ્ધિ મેળવી છે ૧૦૦% પરિણામ એ શાળાના ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ, વિદ્યાર્થીઓની લગન અને શાળાના સમર્પિત પ્રયત્નોનું પ્રતિબિંબ છે આવું અદ્વિતીય પરિણામ ત્યારેજ શક્ય બને જ્યારે શાળાના આચાર્યની વાલી તરીકેની હુફની સાથે સતત માર્ગદર્શન, સંસ્કાર અને કેળવણી મળતી હોય અને તેમના શિક્ષકોનો હંમેશા વિદ્યાર્થીઓને સહકારની સાથે સાથે અથાગ પરિશ્રમ મળતો હોય ત્યારે જ કોઈ શાળા આવી પરંપરા જાળવી રાખવા માટે સક્ષમ બને છે.ઉપલાકાંઠા વિસ્તાર માં આવેલી શ્રી રાજ સ્કૂલ્સના વિદ્યાર્થી પાર્થિવ ડોબરીયા, કે જેમને બાળપણથી પિતાની છત્રાછાયા ગુમાવી હતી અને તેમના માતા સરોજબહેને પ્રાથવેટ સર્વિસ કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવી સાથે સાથે પોતાના બાળકોને ભણાવ્યા હતા જેમના એક પાર્થિવે પહેલેથી જ પોતાના અભ્યાસની ધગશ, સખત પરિશ્રમ અને નવું નવું શીખવાની વૃતિ સાથે અભ્યાસ માં સતત અસાધારણ પ્રગતિ કરી

(અનુ. આઠમા પાને)

# સિવિલ એન્જિનિયરીંગના ૧૦૦ વિદ્યાર્થીઓએ કોન્ક્રીટ ડિઝાઇનનું મોડેલ રજુ કર્યુ

## મારવાડી યુનિવર્સિટીના સિવિલ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા ઈન્ડીયા ચેપ્ટર ઓફ અમેરિકન કોક્રીંટ ઈન્સ્ટિટયુટના ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર સહિત દેશ-વિદેશના છાત્રો

**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી ના સિવિલ એન્જીનીયરીંગ વિભાગ દ્વારા ઈન્ડિયા ચેપ્ટર ઓફ અમેરિકન કોંક્રિટ ઈન્સ્ટિટ્યૂટ ના ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું સફળ આયોજન થયું તાજેતરમાં મારવાડી યુનિવર્સિટી ના સિવિલ ઈજનેરી વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની કોંક્રીટ ક્યુબ ટેસ્ટિંગ કોમ્પિટિશન નું સફળ આયોજન કરાયું હતું. મારવાડી યુનિવર્સિટી ના ઈન્ટીગ્રેટેડ કેમ્પસ રાજકોટ ખાતે સિવિલ વિભાગની એડવાન્સ કોંક્રીટ લેબમાં દર વર્ષે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેછે. આ



સ્પર્ધા અમેરિકન કોંક્રીટ ઈન્સ્ટિટ્યૂટના ઈન્ડિયા ચેપ્ટર-મુંબઈના ઉપક્રમે યોજવામાં આવે છે. જેમાં કોઈપણ કોલેજના સિવિલ એન્જીનીયરીંગ બ્રાન્ચના સ્ટુડેંટ્સ નિઃશુલ્ક ભાગ લઈ શકે છે. સિવિલ ઈજનેરી વિભાગમાં આઈસીએસીઆઈનું સ્ટુડન્ટ ચેપ્ટર છેલ્લા અગિયારથી પણ વધુ વર્ષોથી ચાલી રહ્યું છે જે અહીંના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોના માર્ગદર્શનથી સફળતા પૂર્વક સંચાલિત રહ્યુંછે.

તાજેતરની આ સ્પર્ધામાં કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનું કોન્ક્રીટ મિક્સ ડિઝાઈનનું કૌશલ્ય રજુ કર્યું હતું. સ્પર્ધા જીતવા માટે ઓછામાં ઓછી ૩૦ એમ પી એની સ્ટ્રેન્થ સહીત છ થી સાત પેરામીટર માપવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્રની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ અનુભવ મેળવ્યો હતો. મારવાડી યુનિવર્સિટી ના નેશનલ અને ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહ ભેર ભાગ લીધેલો. અને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓ માં ભાગ લઈ ઉત્તમ પરિણામ મેળવવા

(અનુ. આઠમા પાને)

# એસજીવીપી ઈન્ટરનેશનલ સ્કુલના સંસ્કાર સભર સમર કેમ્પમાં ભુલકાઓએ માણી મોજ




**અબતક, રાજકોટ**

શાસ્ત્રી મઅધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી અને હેમલભાઈ પંડયાના સહકારથી એસજીવીપી ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા તા. ૫-૫ થી ૩૧-૫-૨૫ સુધી સંસ્કાર સભર સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બાળકોને તમામ જાતની રમતો જેવી કે ક્રિકેટ, ફુટબોલ, બોસ્કેટ બોલ બેડમિન્ટન, લોન ટેનિસ, ટેબલ ટેનિસ, સ્કેટીંગ, નૃત્ય, સ્વીમીંગ વગેરે શીખવાડવામાં આવી રહેલ છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરિણામમાં વેલનોન કોલેજના છાત્રોનું શ્રેષ્ઠ રિઝલ્ટ

## બીસીએ, બીબીએ, બી.કોમના અભ્યાસક્રમો પૈકી શ્રુતિ મકવાણાએ ૯૦% સાથે સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવ્યું



**અબતક,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સલગ્ન વેલનોન કોલેજનામાં ચાલતા બીપીસીએ, બીબીએ, બીકોમ, બીએસી અભ્યાસક્રમો પૈકી તાજેતરમાં જાહેર થયેલ બી.સી.એ સેમ-૬ ના યુનિવર્સીટીના પરિણામમાં છાત્રોએ ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યુ છે, અને કોલેજની વિદ્યાર્થીની મકવાણા શ્રુતિ ૯૦.૦૦% સાથે સમગ્ર યુનિવર્સીટીમાં દ્વિતીય અને કોલેજમાં પ્રથમ ક્રમાંક અને સગપરિયા દિયા ૮૮.૦૦% સાથે સમગ્ર યુનિવર્સીટીમાં છઠ્ઠા અને કોલેજમાં દ્વિતીય ક્રમાંક સાથે ઉતિર્ણ થયેલ છે.અને સાથે કોલેજના બીજા વિદ્યાર્થીઓએ પણ શ્રેષ્ઠ પરિણામ મેળવેલ છે જેમાં પિત્રોડા મીત ૮૧.૦૦% સાથે કોલેજમાં ૩ ક્રમાંક, ઠેબા રિયાજ ૮૦.૦૦% સાથે કોલેજમાં ૪ ક્રમાંક, ભંડેરી નિકુંજ ૭૭.૦૦% સાથે કોલેજમાં ૫ ક્રમાંક સાથે સિધ્ધિ હાસલ કરી છે તે બદલ

(અનુ. આઠમા પાને)

# કોલકત્તાની મીઠી મધુરી લીચીનું આગમન

## રૂ ૪૦૦થી ૫૦૦ના ભાવે વેચાણ

**અબતક, રાજકોટ**

મીઠા મધુરા ફળ લીચીનું શહેરમાં આગમન થયું છે ગુજરાતમાં લીચી વાવેતર થતું નથી સૌથી વધુ પાક બિહારમાં થાય છે પરંતુ,માર્કેટમાં સૌ પ્રથમ આવક હાલ મે માસમાં આસામ અને કલકત્તાથી અને છેલ્લે બિહાર, ઝારખંડ,ઉત્તરાખંડથી લીચીની આવક જૂન માસમાં શરૂ થાય છે સૌરાષ્ટ્રમાં હાલ કલકત્તા, પશ્ચિમ બંગાળથી લીચી આવી રહી છે. આ ફળ ત્યાં તો તદ્દન સસ્તુ મળતું હોય છે .હાલ રૂ. ૫૦૦ સુધીના ભાવ માં વેચાણ થઈ રહ્યું છે હજુ બિહારથી આવક શરૂ થઈ નથી પણ સપ્તાહ પછી તે આવક પણ શરૂ થશે.



વિશ્વમાં લીચીનું સૌથી વધુ ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં આશરે ૮ લાખ ટનનું થાય છે. વિટામીન સી, પોટેશિયમ સહિત અનેક મિનરલ્સ, વિટામીન્સ ધરાવતી લીચી હૃદયરોગ,ડાયાબીટીસથી માંડીને કેન્સર સહિતના રોગો અટકાવવામાં મદદરૂપ બની શકે તેવો જાણકારોનો મત છે. પરંતુ, અન્ય ફળની સાપેક્ષે લીચી વેચનારા અને ખરીદનારાએ વિશેષ ધ્યાન રાખવું પડે છે, વેચનારાઓ તેને ડાળખી સાથે જ રાખે છે જેથી તે જલ્દી બગડે નહીં અને નિયમિત પાણીનો છંટકાવ કરીને ગરમીથી બચાવતા હોય છે. આ ફળ આવે છે ગરમીમાં અને તડકામાં રખાય તો બગડી જાય છે.

# જમીનની 'ફળદ્રુપતા' માટે નવતર અભિગમ 'બાયો નેચરલ પ્રોસેસ'

## ઓછા ખર્ચે ઘર આંગણે બેક્ટેરિયા કલ્ચર અને પ્રાકૃતિક પદ્ધતિથી જમીનને સમૃદ્ધ બનાવી શકાય, આ પધ્ધતી અપનાવી ખેડૂતો વધુ લાભ મેળવી શકે છે

**અબતક રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિને વધુ વેગ આપવા માટે પ્રેરણા શિબિરથી લઈ વ્યવહારુ પ્રશ્નોના નિવારણોની કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિ માટે આ વર્ષના રાજ્યના બજેટમાં વિશિષ્ટ સહાયની જોગવાઈ પણ કરવામાં આવી છે ત્યારે રાજકોટ જિલ્લાના મેંગણી તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ધવલભાઈ પાનસુરીયાએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી પ્રાકૃતિક કૃષિમાં ફળદ્રુપતા અને જમીનનો કાર્બન વધારવા વિશે વિશિષ્ટ પ્રયોગો કર્યા છે.

### 'બાયો નેચરલ પ્રોસેસ' પાક ઉગાડવાની સરળ પ્રક્રિયા

શણ અને ઈક્કડ નામના ઘાસને સરખા પ્રમાણમાં ઉગાડીને તેને જૈવ રાસાયણ સાથે ભેળવી તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ ઘાસ અને જૈવ રસાયણનું મિશ્રણ જમીનમાં કોહવાતા જમીનમાં ફળદ્રુપતા વધારે છે સાથે જ જમીનને વધુ બેક્ટેરિયાયુક્ત બનાવી, કાર્બનનું પ્રમાણ પણ વધારે છે. આ સરળ પધ્ધતી અપનાવવાથી જમીનને અલગથી જૈવ કે પ્રાકૃતિક ખાતર આપવાની જરૂર રહેતી નથી. જેના કારણે સરળતાથી સારું ઉત્પાદન પણ મેળવી શકાય છે.

ધવલભાઈ પાનસુરીયા છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે. મસાલા, કઠોળ, ઘઉંની વિશિષ્ટ જાતોના ઉત્પાદન કરતા આ ખેડૂતે જમીનનો કાર્બન તેમજ તેમાં આવશ્યક એવા બેક્ટેરિયા વધારવા માટેની વિશિષ્ટ બાયો નેચરલ પ્રોસેસ વિકસાવી છે. જેમાં તેઓ જમીનની ફળદ્રુપતા વધારવા માટે પાક લીધા બાદ જમીનને થોડા સમય માટે આરામ આપે છે. ત્યારબાદ જમીનમાં શણ અને ઈક્કડ નામના બે ઘાસનું સરખું વાવેતર કરવામાં આવે છે. આ બંને પ્રકારના ઘાસને ત્રણ થી ચાર ફૂટ જેટલું ઉગવા દઈ ૪૦ થી ૪૫ દિવસે આ ઘાસ પર રોટાવેટર ફેરવી તેને જમીનદોસ્ત કરવામાં આવે છે. ઘાસને જમીન સાથે ભેળવી ધવલભાઈ દ્વારા જ તૈયાર કરવામાં આવેલા જૈવ રસાયણને તેમાં ભેળવી દેવામાં આવે છે. ત્યારબાદ જમીનને ફરી આજ સ્થિતિમાં તાપ નીચે આરામ આપવામાં આવે છે. આ પ્રક્રિયામાં આ ઘાસ અને જૈવ રસાયણનું મિશ્રણ જમીનમાં કોહવાતા જમીનમાં ફળદ્રુપતા વધારે છે સાથે જ જમીનને વધુ બેક્ટેરિયાયુક્ત બનાવી, કાર્બનનું પ્રમાણ પણ વધારે છે.આ સામાન્ય બાયો નેચરલ પ્રોસેસથી પ્રાકૃતિક ખેતી કરતા સમયે જમીનને અલગથી જૈવ કે પ્રાકૃતિક ખાતર દેવાની પણ જરૂર પડતી નથી અને ત્યારબાદ ઉગાડવામાં આવતા પાકને પણ તમામ પ્રકારનું પોષણ મળી રહે છે. આ અંગે ધવલભાઈ પાનસુરીયાએ જણાવ્યું હતું કે, ''ખેતરમાં જ પ્રાકૃતિક વસ્તુઓને આથો આપી તેમાં બેક્ટેરિયા કલ્ચર તૈયાર કરી જમીનમાં સમયાંતરે શરૂઆતના તબક્કામાં ઘાસ સાથે ખાતર સ્વરૂપે તેમજ ત્યારબાદ આવશ્યકતા સમયે બીજા પાકમાં પિયતમાં આ રસાયણ આપી પાકને પોષણ આપવામાં આવે છે. સામાન્ય રીતે એવી માન્યતા હોય છે કે ''બેક્ટેરિયા એ નકારાત્મક સ્વરૂપ છે પરંતુ જમીનમાં રહેલા અનેક બેક્ટેરિયા અને જૈવ તત્વો પ્રાકૃતિક રીતે કોઈ પણ પાકને ઉગાડવામાં ખૂબ જ સહાયક બનતા હોય છે. અગાઉ રાસાયણિક ખેતીના રસાયણોના કારણે આ જરૂરી બેક્ટેરિયાને હાનિ પહોંચતી હતી જેથી તેની સંખ્યા ઘટતી જતી હતી, પરંતુ આ પ્રકારની બાયો નેચરલ પ્રોસેસ અને જૈવ રસાયણો આ બેક્ટેરિયાના નિર્માણ અને તેના વધારા માટે ખૂબ સહાયક બને છે.



ખૂન કા બદલા ખૂન

# મેટોડામાં હત્યાનો બદલો લેવા ફુવા અને ફઈના દીકરાઓએ શિવરાજનું કાસળ કાઢી નાખ્યું

## શિવરાજને ઉઠાવી જઈ છરીના ઘા ઝીંકી રોડ પર સુવડાવી દેવાયો : ટૂંકી સારવાર બાદ મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો

### પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો

મામલામાં પ્રાપ્ત વિગત અનુસાર શિવરાજ મૂછડિયાએ સારવાર દરમિયાન દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. જે બાદ પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. બીજી બાજુ મેટોડા પોલીસે ચારેય હત્યારાઓને ઝડપી લીધા હતા. મામલાની ગંભીરતાને ધ્યાને રાખી તપાસ ડીવાયએસપી કે જી ઝાલાને સોંપવામાં આવી છે.

**અબતક,રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ મેટોડામાં બોલીવુડ ફિલ્મને ટક્કર મારે તેવી ક્રાઈમ સ્ટોરી સામે આવી છે. આઠ માસ પૂર્વે શરૂ થયેલી આ લોહીયાળ કહાનીનો કરુણ અંત આવ્યો છે. આઠ માસ પૂર્વે થયેલી પુત્રની હત્યાનો બદલો લેવા પિતા-પુત્રોએ હત્યારા દંપતીના નિર્દોષ સંતાનને મેટોડાથી ઉઠાવી જઈ છરીના ઘા ઝીંકી રોડ પર સુવડાવી દીધો હતો. જીવલેણ ઈજાઓ સાથે યુવકને સારવાર અર્થે દાખલ તો કરવામાં આવ્યો પણ ટૂંકી સારવાર બાદ યુવકનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. મામલામાં મેટોડા પોલીસે ચારેય હત્યારાઓને ઝડપી લઈ ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ હાથ ધરી છે.

મામલામાં રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ પ્રેમજીભાઈ મુછડીયા (ઉ.વ.૫૭ રહે. ઈન્દીરાનગર ૧૨/૧૩ નો ખુણો રૈયાધાર, રામાપીર ચોકડી, રાજકોટ મુળ રહે. ઢોકળીયા, પડધરી, રાજકોટ)એ મેટોડા જીઆઈડીસી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા નાના ભાઈ ગોવિંદભાઈ પ્રેમજીભાઈ મુછડીયા તથા ભાભી કંચનબેન ગોવિંદભાઈ મુછડીયા હાલ મર્ડર કેસમાં પોપટપરા જેલમાં છે. તેનો દિકરો શિવરાજ તથા ગોવિંદભાઈની ત્રણ દિકરીઓ મિતલ, સોનલ અને હેતલ એમ ચારેય મેટોડા જી.આઈ.ડી.સી. માં આવેલ એકતાનગરમાં છેલ્લા બે મહિનાથી રહે છે. ત્રણ ચાર દિવસથી શિવરાજ તથા સોનલ મારા ઘરે રહેવા આવેલ હતા.



વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૧૩/૦૫/૨૦૨૫ ના રાત્રીના નવેક વાગ્યાના અરસામાં હું તથા મારી પત્નિ નાથીબેન અમારા ઘરે હતા. ત્યારે મારી પત્નિના મોબાઈલ ઉપર શિવરાજનો ફોન આવેલ અને મારી પત્નિને કહેવા લાગેલ કે, ખુશાલ, રાહુલ અને રોહિત અહીં ખીરસરા જી.આઈ.ડી.સી. આવેલ છે અને મને જબ દસ્તીથી તેની ફોર વ્હીલર ગાડીમાં બેસાડી દીધેલ છે. તેમ વાત કરતા મારી પત્નિએ મને જાણ કરેલ અને ફોન કપાઈ ગયેલ હતો. બાદ થોડીવારમાં મારા ભત્રીજા શિવરાજનો પાછો ફોન આવેલ કે, આ લોકો મને તેના ઘર બાજુ ગાડીમાં બેસાડી લઈ જાય છે. તેમ કહેલ બાદ શિવરાજનો ફોન બંધ થઈ ગયેલ હતો. એકાદ કલાક બાદ ફરી મારી પત્નિમાં મારા ભત્રીજા શિવરાજનો ફોન આવેલ અને ત્યારે કોઈ અજાણ્યો માણસ ફોનમાં વાત કરતો હતો કે, તમારા દિકરાનું એક્સીડન્ટ થયેલ છે અને અમે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી દીધેલ છે. તેને રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે મોકલી દઈએ છીએ. જેથી હુ, મારી પત્નિ નાથીબેન અને મારા દિકરાઓ સરકારી હોસ્પીટલે દોડી ગયા હતા. ત્યારે ૧૦૮ એમ્બયુલન્સમાં શિવરાજ પણ હોસ્પીટલે પહોંચેલ હતો. તેના બન્ને હાથમાં, પડખામાં, પીઠમાં તીક્ષ્ણ હથિયાર વડે ઈજા થયેલ હતી. જેથી અમે શિવરાજને બનાવ બાબતે પુછતા તેણે જણાવેલ કે, રાહુલ હમીરભાઈ મેરીયા, ખુશાલ હમીરભાઈ મેરીયા, રોહિત કીરીટભાઈ ઉર્ફે તીરથ રાખશીયા મેટોડા જી.આઈ.ડી.સી. માં આવેલ હતા અને મને જબરદસ્તીથી ગાડીમાં બેસાડેલ હતો. રાહુલ અને ખુશાલ મને તેના ઘરે લઈ ગયેલ જ્યા રાહુલ, ખુશાલ અને તેના પિતા હમીરભાઈએ છરી અને ધોકાથી માર મારેલ હતો. માર મારીને મને રોડ ઉપર સુવડાવી દીધેલ અને કોઈ અજાણ્યા માણસોએ ૧૦૮ માં ફોન કરી મને હોસ્પીટલ પહોંચાડેલ હતો. ત્યારે આ લોકો સામે જ ઉભા હોય ફોન કરનારે મારો અકસ્માત થયો છે તેમ જણાવેલ હતુ. ત્યારબાદ આ મારો ભત્રીજો બેભાન થઈ ગયેલ હતો. ઘટનામાં પ્રથમ મેટોડા જીઆઈડીસી પોલીસે પ્રથમ હત્યાની કોશિશ, અપહરણ સહીતની કલમો હેઠળ રાહુલ હમીર મેરિયા, ખુશાલ હમીર મેરિયા, હમીર મનજી મેરિયા અને રોહિત કિરીટ ઉર્ફે તીરથ રાખસિયા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બીજી બાજુ ઈજાગ્રસ્ત યુવક શિવરાજે ગત રાત્રે સારવાર દરમિયાન દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો.

### બોલીવુડ ફિલ્મને ટક્કર મારે તેવો બનાવ
### જયદીપની હત્યાનો બદલો વાળવા શિવરાજનું ખૂન

મામલામાં ફરિયાદીએ બનાવ કારણ જણાવતા કહ્યું હતું કે, આઠેક મહિના પહેલા મારા બનેવી હમીરભાઈ મનજીભાઈ મેરીયાનો મોટો દિકરો જયદીપ દારૂ પીને અવાર નવાર મારા મોટાભાઈ ગોવિંદભાઈના ઘરે ગામ ઢોકળીયા,પડધરી, રાજકોટ ખાતે જતો હોય અને તમારી દિકરી મને ગમે છે. મારા લગ્ન તેની સાથે કરાવી દો તેમ કહેતો હોય અને ઝઘડો કરતો હોય જેથી મારા ભાઈ ગોવિંદભાઈ તથા ભાભી કંચનબેને જયદિપને માર મારતા જયદિપ મરણ ગયેલ હતો. આ બાબતની ફરીયાદ થતા મારા ભાઈ-ભાભી હાલ રાજકોટ જેલમાં છે અને તે બાબતનો ખાર રાખી હમીર મેરીયાઝં તેના પુત્રો અને મિત્રએ મળી શિવરાજનું અપહરણ કરી જાનથી મારી નાખવાના ઈરાદે છરીના ઘા ઝીંકી દઈ રોડ પર સુવડાવી દીધેલ હતો.

**મેટોડા પોલીસે ચારેય હત્યારાઓને ઝડપી લીધા : ફરિયાદમાં ખૂનની કલમનો ઉમેરો કરવા તજવીજ**

# ફ્લિપકાર્ટનો ડિલિવરી બોય રૂ. ૩.૭૬ લાખના મોબાઈલ ફોન ઓળવી ગયો

## લક્ષ્મીનગર સ્થિત વેરહાઉસમાંથી ૩૨ મોબાઈલ ઉઠાવી જનાર વિવેક શિયાળ માલવિયાનગર પોલીસના સકંજામાં : મુદ્દામાલ રિકવર કરવા તજવીજ

**અબતક, રાજકોટ**

ફ્લિપકાર્ટમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો શખ્સ રૂ. ૩.૭૬ લાખની કિંમતના ૩૨ મોબાઈલ ફોન ઓળવી ગયાનો બનાવ માલવિયાનગર પોલીસના ચોપડે નોંધાયો છે. લક્ષ્મીનગર સ્થિત ફ્લિપકાર્ટના વેર હાઉસમાંથી ડિલિવરી બોય વિવેક શિયાળ અલગ અલગ સમયે મોબાઈલ ચોરી ગયાની ફરિયાદ પરથી પોલીસે ડિલિવરી બોયને સકંજામાં લઈ મુદ્દામાલ કબ્જે કરવા તજવીજ હાથ ધરી છે.

મામલામાં રાજનગર સોસાયટી શેરી નંબર-૫ માં રહેતા મહેશભાઈ મોહનભાઈ રાઠોડ નામના ૬૨ વર્ષીય વૃદ્ધએ માલવિયાનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વિવેક જાદવભાઈ શિયાળનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ ફલીપકાર્ટ કંપનીમાં એન્ફોર્સમેન્ટ ઓફીસર તરીકે નોકરી કરે છે અને લક્ષ્મીનગર શેરી નં.-૦૧ ખાતે અમારી ફલીપકાર્ટ કંપનીનુ વેર હાઉસ આવેલ છે જ્યાંથી અમારી કંપનીના તમામ કુરીયર જમા થાય છે અને ત્યાંથી ઓર્ડર મુજબ ડિલીવરી બોય મારફતે જે તે પાર્ટીને મોકલવામાં આવે છે અને ડિલીવરી બોય તરીકે ૧૨૫ જેટલા કર્મચારીઓ કામ કરે છે. અમારી કંપનીમાં જે માલ સામાન આવે છે તેનુ અવાર નવાર કંપનીમા આવેલ દરેક પાર્સલ બાબતે કંપનીની અલગ અલગ ટીમ દ્વારા કંપનીને થયેલ લોસ બાબતે તપાસ કરવામા આવતી હોય છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ અમારી કંપનીના હબ મેનેજમેન્ટ ટીમએ મને ફોન કરી વેર હાઉસ ખાતે બોલાવી જણાવેલ હતું કે, કંપનીની ટીમ દ્વારા કંપનીને થયેલ લોસ બાબતે તપાસ કરાવો. જેથી કંપનીમાં નુકસાન અંગે કર્મચારીઓની પુછપરછ કરતા અને સામાન ચેક કરતા ડિલીવરીબોય તરીકે નોકરી કરતા વિવેક જાદવભાઈ શીયાળના થેલામાંથી એક મોબાઈલ ફોન મળી આવેલ હતો. જે કંપનીમાં જમા કરાવેલ અને તેની પુછપરછ કરતા તેણે આવી રીતે અન્ય મોબાઈલ ફોનની પણ ચોરી કરી લીધાનું જણાવ્યું હતું અને તે બધા મોબાઈલ ફોન હમણાં લઈ આવું છું કહીને ગયા બાદ પરત આવ્યો ન હતો. બાદ કંપનીની લોસ એન્ડ પ્રીવેન્સન ટીમે ચેક કરતા તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા. ૩૧/૧૨/૨૦૨૪ દરમિયમ કુલ ૩૨ જેટલાં અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન ચોરી થયાનું જણાઈ આવ્યું હતું. જે તમામ મોબાઈલની કુલ કિંમત રૂ. ૩,૭૬,૦૨૯ થવા પામે છે તેની ચોરી અંગે વૃદ્ધે ડિલિવરી બોય વિવેક જાદવભાઈ શિયાળ અને તેની મદદગારી કરનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં માલવિયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ પીએસઆઈ વી આર ઝાલાને સોંપતા તેમની ટીમે તાત્કાલિક ડિલિવરી બોય વિવેક શિયાળને સકંજામાં લઈ અન્ય કોઈ શખ્સ આ ચોરીમાં સંડોવાયેલ છે કે કેમ સહીતની બાબતોની પૂછપરછ શરૂ કરી છે. ઉપરાંત પોલીસે વિવેક પાસેથી મોબાઈલની રિકવરી કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ઠેબચડા ગામે મકાન અને કારમાંથી દારૂ પકડાયો

## શરાબ, સ્વિફ્ટ કાર સહીત રૂ.૫.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે : બુટલેગર પિતાની ધરપકડ, પુત્ર ફરાર

**અબતક રાજકોટ**

શહેરી ભાગોળે આવેલા ઠેબસડા ગામે મકાન અને કારમાંથી વિદેશી દારૂની ૮૦ બોટલ આજીડેમ પોલીસે ઝડપી, શરાબ અને કાર મળી રૂ.૫.૨૯ લાખના મુદ્દામાલ સાથે પિતાને ઝડપી લીધો છે અને પુત્રની શોધ ખોળ હાથ ધરી છે. બનાવવાની પ્રાપ્ત વિગત મુજબ શેરની ભાગોળે આવેલા ઠેબસરા ગામે આવેલા રામાપીરના મંદિરની સામેની શેરીમાં રહેતો ગોરધન માવજીભાઈ સરવૈયા અને તેનો પુત્ર વિજયે તેના મકાનમાં અને કારમાં વિદેશી દારૂ છુપાવ્યો હોવાની બાતમી આજીડેમ પોલીસને મળી હતી. બાતમી પરથી આજીડેમ પોલીસની ટીમે ઠેબસડા ગામે દરોડો પાડી, મકાન અને કારમાંથી વિદેશી દારૂની ૮૦ બોટલ મળી, રૂ.૫.૨૯ લાખના મુદ્દામાલ સાથે ગોરધન માવજીભાઈ સરવૈયાને, આજી ડેમ પીએસઆઈ જે જી રાણા કોન્સ્ટેબલ કિશનભાઈ આહીર સહિતની ટીમે ઝડપી લીધો છે. જ્યારે દરોડા દરમિયાન ગોરધનભાઈ નો પુત્ર વિજય હાજર ન મળતા તેની શોધ ખોળ હાથ ધરી છે. જ્યારે બીજો દરોડો ભક્તિનગર પોલીસે નંદા હોલ નજીક બાવળની જાળીમાંથી વિદેશી દારૂની ૨૨ બોટલ સાથે, બાલાજી હોલ પાસે આવેલા આર.એસ.સી ક્વાર્ટરમાં રહેતો સુનિલ હકાભાઈ સાકરીયા નામના શખ્સને ઝડપી લીધો છે.

# ચોરાઉ બાઈક સાથે સિકલીગર ઝડપાયો

**અબતક,રાજકોટ**

શહેરમાં મિલકત સંબંધી ગુના અટકાવવા અને વાહન ચોરી ના ભેદ ઉકેલવાના આદેશો વચ્ચે ક્રાઈમ બ્રાન્ચે ચોરીની મોટરસાયકલ સાથે સિકલીગર યુવાનને દબોચી લઈ વાહન ચોરીનો બનાવ ડિટેક્ટ કર્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના આદેશ ના પગલે ક્રાઈમ પીઆઈ એમ આર ગોંડલીયા, એમએલ ડામોર, સી એચ જાદવ ના માર્ગદર્શન ડીસીબી પી.એસઆઈ વી, ડી ડોડીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે કોસ્ટેબલ દિલીપ બોરીચા અને જયરાજભાઈ કાટિલા વિશાલભાઈ દવે ની બાતમીના આધારે જામનગર રોડ ભુતનાથ મંદિર સામેથી રણજીતસિંહ દિપકચટાનસિંગ ખીચીસિકલીગર '૨૫' રહે ઘંટેશ્વર વાળાને સ્પ્લેન્ડર પ્લસ ગાડી નંબર ભક્તિનગર જી જે ૦૩એચ ડી ૬૯૮૧: કિંમત ૩૦.૦૦૦ વાળા સાથે ઝડપી લીધો હતો આ ચોરી અંગે બી ડિવિઝનમાં ગુનો નોંધાયો હતો


## જાહેર નિવિદા

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના લુવારવાવ ગામે મંજુર થયેલા વિકાસના કામ નીચે મુજબ છે.

| ક્રમ | કામ | ગ્રાન્ટ | રકમ |
|---|---|---|---|
| ૧ | અંડર ગ્રાઉન્ડ ગટર (૨૦૨૪-૨૫) | ૧૫મું નાણાપંચ (તા.ક.) | ૫,૦૦,૦૦૦/- |
| ૨ | અંડર ગ્રાઉન્ડ ગટર (૨૦૨૧-૨૨) | ૧૫મું નાણાપંચ (તા.ક.) | ૨,૦૦,૦૦૦/- |
| ૩ | રાવળદેવ સ્મશાન સેગ્રીગેશન શેડ (૨૦૨૧-૨૨) | ૧૫મું નાણાપંચ (તા.ક.) | ૪,૫૦,૦૦૦/- |
| ૪ | પેવિંગ બ્લોક કામ (૨૦૨૪-૨૫) | ૧૫મું નાણાપંચ (ગ્રા.ક.) | ૨,૦૦,૦૦૦/- |
| ૫ | HDPE પાઈપ, ડાર મોટર (૨૦૨૪-૨૫) | ૧૫મું નાણાપંચ (ગ્રા.ક.) | ૩,૪૩,૨૮૪/- |
| ૬ | સેગ્રીગેશન શેડ (૨૦૨૫-૨૬) | ૧૫મું નાણાપંચ (તા.ક.) | ૫,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત કામ માટે માલ સામાન ભાવો રસ ધરાવતી પાર્ટી પાસે મંગાવતા હોઈ. જે ભાવો ૦૫ (પાંચ) દિવસમાં ગ્રા.પ.કચેરી પહોંચતા કરવા.

લી. લુવારવાવ ગ્રા.પં.



## જાહેર નોટીસ

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.૮૫/૨૦૨૫
તા.૨૮/૦૪/૨૦૨૫

શ્રી અનીલભાઈ અમૃતલાલ ચિત્રોડા
રહે. ૧૦૨, યશ ટાવર, આશોપાલાવ, રણજીત સાગર રોડ, જામનગર શહેર,
દિગ્વિજય પ્લોટ, જામનગર, મો.નં.૯૨૨૮૭ ૬૯૧૫૦ ....અરજદાર

-:: વિરૂધ્ધ ::-

રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફિસરશ્રી,, ગોંડલ નગરપાલિકા કચેરી, ગોંડલ તા.ગોંડલ ..સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટિસ

આ જાહેર નોટિસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી અનીલ અમૃતલાલ ચિત્રોડાનો જન્મ તા.૨૯/૦૮/૧૯૭૨ના રોજ ગોંડલ મુકામે થતાં, તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે, પ્રાંત કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા.૨૮/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ગોંડલ



## કહ્યામાં નથી

આથી અમો એડવોકેટ એન્ડ નોટરી રમેશકુમાર બી.ગોહિલ પાલીતાણા તે અમારા અસીલ વિઠ્ઠલભાઈ ભવાનભાઈ બારૈયા, રહે.પાલીતાણા, ઠે.ગુરૂકૃપા સોસાયટી, તા.પાલીતાણા, જી.ભાવનગરવાળાની સુચનાનુસાર આ નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,...

ઉપરોક્ત ફોટાવાળા અમારા અસીલના પુત્ર છે અને તેઓ અમારા અસીલના કહ્યામાં નથી અને મનસ્વી જીવન જીવે છે. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલના નામે ઉપરોક્ત ફોટાવાળા સાથે કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કરવો નહી અને જો કરશે તો અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાને જાણ કરવામા આવે છે.

તા.૧૨/૦૫/૨૦૨૫



જયદિપભાઈ વિઠ્ઠલભાઈ બારૈયા

આર.બી.ગોહીલ એડવોકેટ એન્ડ નોટરી
પાલીતાણા, કોર્ટની બાજુમાં, મો.નં.૯૨૨૮૭ ૨૩૧૬૭



## જાહેર નોટીસ

જન્મ મરણ નોંધણી કેસ નંબર.૫૩/૨૦૨૫
તા.૦૬/૦૫/૨૦૨૫

અરજદાર :- શ્રી મોવર ગુલામહુસેન મુસાભાઈ
મુ.ધ્રાંગધ્રા તા.ધ્રાંગધ્રા જિ.સુરેન્દ્રનગર

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા :- સબરજીસ્ટ્રાર જન્મ મરણ અને ચીફ ઓફિસર
નગરપાલિકા ધ્રાંગધ્રા મું.ધ્રાંગધ્રા તા.ધ્રાંગધ્રા

વિષય:: જન્મ - મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે અવસાનની નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદાર શ્રી મોવર ગુલામહુસેન મુસાભાઈ એ તા.૨૫/૦૩/૨૦૨૫ની અરજીથી તેમના પોતાના દાદી નામે શ્રી હાજરાબેન તોગાભાઈ મોવરનું અવસાન તા.૧૭/૦૭/૨૦૦૭ રોજ મું. ધ્રાંગધ્રા તા.ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર મુકામે થયેલ હોઈ જે બાબતની અવસાનની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો

(એચ.વી.વિરાણી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો



## પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન

રાજકોટ વિભાગ માટે ઈ-હરાજી
ટેન્ડર સૂચના નંબર RJT-E-CATG-25-08-09 તારીખ: 13.05.2025

ઉપરોક્ત સંદર્ભમાં, રાજકોટ વિભાગ માટે નીચેની શ્રેણીઓ માટે ઇ-હરાજી માટે બોલીઓ આમંત્રિત કરવામાં આવી છે, જે IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગઈ છે. વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નં. | કરાર/લોટનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| E-CATG -8-2025 | Catg-રાજકોટ-મોરબી-જીએમયુ-13-25-1 Catg-રાજકોટ-પાન-જીએમયુ-14-25-1 | (કેટરિંગ - જનરલ માઇનોર યુનિટ (GMU)) |
| | Catg-રાજકોટ-દ્વારકા- એસએમયુ- 12- 25-2 | (કેટરિંગ - સ્પેશિયલ માઇનોર યુનિટ (SMU)) |
| E-CATG -9-2025 | એમપીએસ-રાજકોટ- સુરેન્દ્રનગર -એમપીએસ-7-25-1 | (એમપીએસ - મલ્ટી હેતુ સ્ટોલ્સ) |

ઉપરોક્ત તમામ કેટલોગ નં. માટે સમયગાળો: 05 વર્ષ અને ઈ-ઓક્શનની તારીખ અને સમય: 02.06.2025 ના રોજ 15:30 વાગ્યે. ઉપરોક્ત સૂચિ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલ્વે, યુનિટ: રાજકોટ ડિવિઝન - કોમર્શિયલના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે. 028

facebook.com/WesternRly • twitter.com/WesternRly



''જ્યારે આત્મવિશ્વાસ બુલંદ હોય ત્યારે નભને'ય ઝુકવું પડે છે...''

જૂનાગઢમાં

## ભરાડ વિદ્યામંદિરના છાત્રો એ બોર્ડ પરિણામમાં ડંકો વગાડયો

શાળા પ્રથમ



ચૌહાણ અમિત ડી.
98.31 PR Maths 100 ગુણ

S.S.C. શાળાનું 100% ઝળહળતુ પરિણામ

- ૯૦% થી વધુ ગુણ મેળવનાર ત્રણ છાત્રો
- ૮૫% થી વધુ ગુણ મેળવનાર નવ છાત્રો
- ગણિત વિષયમાં ૧૦૦/૧૦૦ ગુણ મેળવનાર તથા સફળ થનાર તમામને શાળા પરિવાર પરિવાર અભિનંદન પાઠવે છે.

H.S.C. સામાન્ય પ્રવાહનું 100% ઝળહળતુ પરિણામ

છૈયા દીપ પી. 96.94 PR

ધો. 11-12 આર્ટસ / કોમર્સમાં પ્રારંભથી સ્પર્ધાત્મક તૈયારી

H.S.C. વિજ્ઞાન પ્રવાહનું 86%

રાઠોડ ઋતુજા એસ. 87.70 PR

સાયન્સમાં JEE / NEET થીયરી સાથેનું પ્રાયોગિક કાર્ય સાથેનું સંપૂર્ણ શિક્ષણ

- શિક્ષણ સર્વનો અધિકાર; અહીં જ્ઞાતિવાદ નહી, શિક્ષણવાદ છે.
- ખુબ વ્યાજબી ફી અને તે પણ સરળ હપ્તામાં ભરવાની સુવિધા.
- શાળા સંકુલમાં જ અદ્યતન ગર્લ્સ/બોયઝ હોસ્ટેલ સુવિધા.
- ધો. ૯ થી ૧૨ માં ભણતા તમામ છાત્રોને સ્કોલરશીપ.
- SC / ST / નમો લક્ષ્મી / નમો સરસ્વતી શિષ્યવૃતિ મળવાપાત્ર.

જ્ઞાનસેતુ - જ્ઞાન સાધનામાં ઉત્તિર્ણ થનાર છાત્રો માટેની શ્રી ડી. કે. ભરાડ વિદ્યામંદિર માન્ય શાળા હોય વિનામૂલ્યે પ્રવેશ મળશે.

- આર્ટસ / કોમર્સ / સાયન્સનું સંપૂર્ણ શિક્ષણ - શ્રેષ્ઠ પરિણામો

આપના પુત્ર / પુત્રીની તેજસ્વી કારકિર્દી ઘડતરમાં એકવખત શાળાની રૂબરૂ મુલાકાત લેવા નિમંત્રણ છે.

-:: પ્રવેશ માટે સરનામું ::-
ભરાડ વિદ્યામંદિર
પ્રમુખવિહાર સોસા. વંથલી રોડ, મધુરમ, જૂનાગઢ.
મો. 90999 65151 / 90999 65153



જા.નં. ૨૧૩૯ તા. ૧૨/૦૫/૨૦૨૫

## મોરબીમહાનગરપાલિકા,ટેન્ડરનોટીસ: ૨૦૨૫

| ક્રમ | કામનીવિગત | ટેન્ડરફી | ઇ.એમ.ડી.નીરકમ |
|---|---|---|---|
| ૧ | મ્યુનિસિપલસોલીડવેસ્ટમાંથી ઇલેક્ટ્રિસીટીઉત્પન્નકરવાનાર ૫૦TPDનીક્ષમતાનાપ્લાન્ટડિઝાઇન,નિર્માણ,નાણાકીય,માલિકીઅનેસંચાલન(DFBOO) માટેનુંકામ | ૨૩૫૦૦/- | ૨,૫૦,૦૦૦/- |
| ૨ | શ્વાનના રસીકરણનું કામ (બીજો પ્રયત્ન) | ૧૧૨૫/- | ૮૦૦૦/- |
| વેબસાઇટનુંનામ | | www.nprocure.com | |
| ટેન્ડરડાઉનલોડતથાઅપલોડમાટેની છેલ્લીતારીખતથાસમય | | તા.૨૬/૦૫/૨૦૨૫નારોજ૧૮:૦૦કલાકસુધી | |
| ટેન્ડરજરૂરીડોક્યુમેન્ટપહોચતાકરવાની તારીખ,સમયતથાસરનામુ | | તા.૦૨/૦૬/૨૦૨૫ના૧૮:૦૦કલાકસુધી,કમિશ્નરશ્રી,મોરબીમહાનગરપાલિક,જી.મોરબી | |
| ટેકનીકલબીડખોલવાનીતારીખ (જોશક્યહોયતો) | | તા.૦૪/૦૬/૨૦૨૫નારોજ૧૨:૦૦કલાકે | |

નોધ- ટેન્ડરમંજુરકરવું / નામંજુરકરવાનીસત્તામોરબીમહાનગરપાલિકાનીરહેશે.

ડેપ્યુટીકમિશ્નર
મોરબીમહાનગરપાલિકા

માહિતી/રાજ/૨૪૯-૨૫-૨૬





તંત્રી લેખ

# મેરી જાન તિરંગા હૈ...

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા પ્રવાસીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ આતંકના ખાત્મા માટે

ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂરની સફળતાથી કરોડો દેશવાસીઓની છાતી ગજ ગજ ફૂલી રહી છે.સેનાને સલામ કરવાના ઉમદા આશ્રય સાથે હાલ દેશભરમાં ભાજપ દ્વારા તિરંગા યોજાઈ રહી છે.જેમાં દેશવાસીઓ દેશદાઝ સાથે ઉમટી રહ્યા છે.જીવના જોખમે સરહદના રખોપાં કરતા સૈનિકને બિરદાવવામાં આવી રહ્યા છે. સર્વત્ર ભારત માતા કી જયના ગગન ભેદી નાદ ગુંજી રહ્યા છે. આ દેશ દાઝના દીવાને જો કાયમી ધોરણે પ્રજ્જ્વલિત રાખવામાં આવે તો દુનિયાની એવી કોઈ તાકાત નથી કે ભારત સામે આંખ ઊંચી કરીને પણ જોઈ શકે.પરંતુ અફસોસ એ વાતનો છે કે ભારતીયો કોઈ પણ ઘટનાને થોડા દિવસોમાં વિસરી જાય છે.આતંકના ખાત્મા માટે ભારતીય સેનાનું

'ઓપરેશન સિંદૂર' એ કરોડો દેશવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે.ઓપરેશન સિંદૂર દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે.આજે વિશ્વ આખું ભારતના સૈન્ય અને એર ફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થઈ ગયું છે. તિરંગા યાત્રા થકી દેશવાસીઓ એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ જાળવી રાખાવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા માં ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાઈ રહી છે.

પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ અને તેમના આકાઓને તેમની જ જમીન પર ધૂળ ચાટતા કરીને ભારતે પહલગામ આંતકવાદી હુમલાનો બદલો લીધો છે.આખું વિશ્વ ભારતના સૈન્ય અને એરફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થયું છે.

આ ઓપરેશનથી રાષ્ટ્રહિત સર્વોપરિનો ભાવ દેશવાસીઓમાં જાગી ઉઠ્યો છે. સૈન્યએ તિરંગાનું ગૌરવ અને સન્માન વધાર્યુ છે. તિરંગો દેશના લોકોને એક સાથે જોડે છે. આ તિરંગા યાત્રા પણ આપણને એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમના ભાવને જાળવી રાખતો ખૂબ મહત્વનો અવસર છે. તિરંગા યાત્રા એ દેશની એકતા, અખંડિતતા જાળવવાની સાથે આપણી સેનાનું મનોબળ વધારતી યાત્રા છે.ભારત ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ ટેરરિઝમની નીતિને તે કોઈપણ ભોગે વળગી રહેવા પ્રતિબદ્ધ છે.

આપણો તિરંગો સતત ઊંચેને ઊંચે લહેરાતો રહે તે માટે સેનાના જવાનો માતૃભૂમિ માટે ખડેપગે તૈનાત છે, ત્યારે તિરંગા યાત્રામાં જોડાઈને લોકોએ તેમનું મનોબળ વધારવુ જોઈએ.આ એક યાત્રા જ નથી દેશવાસીઓને સેનાના બહાદુરના જવાનોને એક અડીખમ સંદેશ છે કે અમે તમારી સાથે અડીખમ ઊભા છીએ.



# કાલે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસઃ કોર્પોરેશન દ્વારા વોર્ડ વાઈઝ જન જાગૃત્તિ કાર્યક્રમ

## દરેક વોર્ડમાં જાહેર પ્રદર્શન, સરકારી કચેરી અને ઈન્ડસ્ટ્રીઝમાં વર્કશોપ અને રેલીનું આયોજન

**અબતક, રાજકોટ**

દર વર્ષ ૧૬ મે ને ''રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ છે. ક્લીન કવર ડેન્ગ્યુને હરાવવા માટે આપના ઘરના પાણીના ભરેલા પાત્રો તપાસો, તેની સફાઈ કરો અને પાત્રો ઢાંકીને રાખો'' એટલે કે ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે તમામ કક્ષાએથી જનસમુદાયનો સહયોગ અત્યંત આવશ્યક છે અને જનસમુદાયની ભાગીદારી જરૂરી છે.

આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ દ્વારા લોકોને ડેન્ગ્યુ વિષયક માહિતી આપવા તથા ડેન્ગ્યુના મચ્છરની ઉત્પતિ અટકાયતી પગલાની સમજ આપવા માટે જુદા - જુદા માધ્યમથી આરોગ્ય શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરેલ છે. ૧૬ મે ના રોજ વોર્ડ વાઈઝ જાહેર પ્રદર્શન યોજાશે. જેમાં રૈયાધાર, લક્ષ્મીનગર-૨/૩, સરસ્વતીનગર મેઈન રોડ, બજરંગવાડી, બેડીનાકા, યોગરાજનગર, એસ્ટ્રોન ચોક, માયાણીનગર, લક્ષ્મીવાડી, કોઠારિયા રોડ, મારૂતિનગર, બાપા સીતારામ ચોક, રણછોડદાસજી આશ્રમ, સેટેલાઈટ ચોક, શક્તિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, દુધસાગર રોડ, કોઠારીયા રોડ, હુડકો માર્કેટ પાસે અને રણુજામંદિર - કોઠારિયા મે. રોડનો સમાવેશ કરાયો છે.

૨૩ આરોગ્ય કેન્દ્ર તથા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી કાલ પત્રીકા વિતરણ તથા વ્યક્તિગત આરોગ્ય શિક્ષણના માધ્યમથી ઓપીડીમાં આવતા દર્દી તથા તેના સગા સબંધિઓ તથા આસપાસના વિસ્તારના લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે

# નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર મેળવવા અરજદારોને પડતી મુશ્કેલીઓને નિવારવા કોંગ્રેસની માંગ

## બહુમાળી ભવન ખાતે પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાર્થીઓ અરજદારો સરળતાથી અને સમયસર પ્રમાણપત્ર આપવા રજૂઆત કરાય

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર હેઠળની નોકરીઓમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે અનામતો લાભ મેળવવા માટે હાલ રાજકોટમાં બહુમાળી ભવન ખાતે ગ્રાઉન્ડ ફ્લોર પર નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાર્થી અને વાલીઓને ત્રણ-ચાર દિવસ થતા હોય ત્યારે દિવસ ૧ માં પ્રમાણપત્ર આપી દેવામાં આવે એ પ્રકારના પ્રયત્નો કરવા કોંગ્રેસ દ્વારા રજૂઆત કરવામાં આવી છે, બહુમાળી ભવન ખાતે પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાર્થીઓ અરજદારો સરળતાથી નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર સમયસર પ્રમાણપત્ર આપી શકાય તે માટે કરેલ સક્ષમ અધિકારીને રાજકોટ શહેરના વિસ્તારના મુજબ મામલતદાર, રાજકોટ શહેર (પૂર્વ), મામલતદાર, રાજકોટ શહેર (પશ્ચિમ) અને મામલતદાર રાજકોટ શહેર (દક્ષીણ) પ્રમાણપત્ર આપવાની કામગીરીની વહેંચણીનો હુકમ કરવામાં તાત્કાલિક આવે અને બહુમાળી ભવન ખાતે અને મામલતદાર કચેરી ખાતે કઈ કઈ જગ્યાએ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર મળી રહ્યા છે તેના બોર્ડ



લગાવવા માં આવે. ફોર્મ સબમિટ કરાવેલ હોય તેવા વિદ્યાર્થી,અરજદારોને પ્રમાણપત્ર મેળવવા માટે બપોરે ચાર વાગ્યા પછી જ આપવામાં આવે છે તો સવારના આવેલા વિદ્યાર્થીઓ કે અરજદારો ને ચાર વાગ્યા સુધી રાહ ન જોવી પડે તેના માટે ઓફિસ સમય દરમિયાન ગમે ત્યારે પ્રમાણપત્ર આપી દેવા એ બાબતનો પ્રબંધ કરવા , મામલતદાર કચેરી એક બે સાક્ષી માગે છે તલાટીની સહી પણ માગે છે એટલે સમાજ કલ્યાણ અધિકારી તરફથી નિયમો અલગ અને મામલતદાર કચેરીના નિયમો વિરોધાભાસ હોવાનું જણાય છે. દાદાનુ, કાકાનું સ્કુલ છોડયાનું પ્રમાણપત્ર માગવામાં આવે છે. વર્ષો પહેલાનુ આ પ્રકારના પ્રમાણપત્ર માંગતા અરજદારોને હેરાનગતિ થાય છે. સરકારનું કોઈ પ્રી પ્લાનિંગ ન હોય અને દર વર્ષે આ રીતે વિદ્યાર્થીઓને અરજદારો ને અંધાધુંધી થાય છે અને પારાવાર હેરાનગતિ ભોગવવી પડે છે. તેમજ અન્ય સમસ્યાઓનો પણ સામનો કરો પડી રહ્યો છે ત્યારે કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીએ જિલ્લા કલેકટરને પણ સમસ્યાનો ઉકેલ રજૂઆત કરી છે.

# એક જ બ્રહ્મના પાંચ તત્વ સ્વરૂપ અન્ન, મન, પ્રાણ, વિજ્ઞાન અને આનંદ છેઃ પૂ.મોરારિબાપુ

## સણોસરા સેજળ ધામમાં લોકભારતી દ્વારા યોજાઈ કાર્યકર સજજતા શિબિર

**અબતક, રાજકોટ**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા દ્વારા સેંજળ ધામમાં યોજાયેલ કાર્યકર સજ્જતા શિબિરમાં 'લોકભારતીત્વ' ગુણ સંબંધે શ્રી મોરારિબાપુએ તેમનાં પ્રવચનમાં એક જ બ્રહ્મનાં પાંચ તત્ત્વ સ્વરૂપ અન્ન, મન, પ્રાણ, વિજ્ઞાન અને આનંદ છે તેમ જણાવ્યું.

ઉચ્ચ શિક્ષણમાં સંશોધનાત્મક વલણોની કેળવણી વિષય પર બે દિવસીય કાર્યકર સજ્જતા શિબિરનું સેંજળ ધામમાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા દ્વારા આયોજન થયું છે.

મોરારિબાપુએ આ શિબિરમાં પોતાનાં પ્રવચનમાં 'લોકભારતીત્વ' ગુણ સંબંધે સંસ્થાનાં પૂર્વસૂરીઓ નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી તથા નટવરલાલ બુચનું સ્મરણ કરી અહીંયા મમતા સાથે સમતા રહેલ હોવાનું જણાવી વચનાત્મક કરતાં રચનાત્મક કામ વધુ થતું હોવાનું જણાવ્યું. અરુણભાઈ દવે અને કાર્યકર્તાઓ દ્વારા સમાજમાં સૂતેલાંઓને જગાડવાનું કામ થઈ રહ્યાંનો ભાવ વ્યક્ત કર્યો.



મોરારિબાપુએ એક જ બ્રહ્મનાં પાંચ તત્ત્વ સ્વરૂપ અન્ન, મન, પ્રાણ, વિજ્ઞાન અને આનંદ છે તેમ જણાવ્યું. આ સાથે તેઓએ પુરુષાર્થનાં વિવિધ રૂપો વર્ણવી યથાયોગ્ય પુરુષાર્થ માટે મંડયાં રહેવાં કાર્યકર્તાઓને ભાર મૂક્યો અને ઉમેર્યું કે બધાં લાભ એ શુભ નથી હોતાં પણ બધાં શુભ એ લાભકારક જ હોય છે. પ્રારંભે લોકભારતીનાં વડા અરુણભાઈ દવેએ મોરારિબાપુ દ્વારા સંસ્થા પ્રત્યેનાં સદ્ભાવ અંગે અહોભાવ વ્યક્ત કરી આ શિબિરનો હેતુ જણાવ્યો. લોકભારતી દ્વારા ભાવાત્મક સુધારણા વડે ગુણવત્તા સુધારણા ઉપર ભાર મૂકી લોકભારતીત્વ સમજવાં કરતાં પામવાની વાત કરી અને 'માણસ' બનાવવાની વાત ઉમેરી.

કાર્યકર્તા પૂજાબેન પુરોહિતનાં સંચાલન સાથે પ્રારંભે ભૌતિકભાઈ લીંબાણી દ્વારા ભજન ગાન પ્રસ્તુત થયું. અહીંયા વિશાલભાઈ ભાદાણી પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. લોકભારતી પરિવારની આ શિબિરમાં રામચંદ્રભાઈ પંચોળી, રાજેન્દ્રભાઈ ખિમાણી, હસમુખભાઈ દેવમુરારિ, કાંતિભાઈ ગોઠી સહિત કાર્યકર્તાઓ અને અન્ય વક્તા મહાનુભાવોની ઉપસ્થિતિ રહી છે.

# સોની સમાજના વિજયાબેન ભીંડી પરિવાર દ્વારા ચક્ષુદાનનું પ્રેરણાદાયી કાર્ય

**અબતક, રાજકોટ**



રાજકોટ નિવાસી સોની સમાજ રાજકોટના ધર્મપરાયણ પરિવારપ્રેમી વિજયાબેન સુરેશભાઈ ભીંડીનું દુઃખદ અવસાન થતા સદગતના પતિ સુરેશભાઈ અને પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને સમિતિના સંયોજક અનુપમ દોશી તેમજ ઉપેનભાઈ મોદીએ ભીંડી પરિવારનો આભાર માન્યો હતો .

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે .

ચક્ષુદાન માટે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક કરવા જણાવેલ છે

# બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે ૯ બળવોએ જનોઈ ધારણ કરી

## સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ મહાસ્થાન દ્વારા સમુહ યજ્ઞોપવિત ઉત્સવ ઉજવાયો



**અબતક, રાજકોટ**

તાજેતરમાં બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે ૯ બળેવો માટે સમુહ જનોઈનો કાર્યક્રમ યોજાયેલ હતો. કાર્યક્રમનો મુખ્ય દાતા મધુકરભાઈ શિવલાલભાઈ ખીરા તથા તેમનો પરિવાર હતો બટુકોને ભુવનેશ્વરી પીઠ દ્વારા ૫૦૦૦ રૂપીયા, મધુકરભાઈ ખીરા તરફથી કપડા, કેલ્કયુલેટર, દિવાલ ઘડીયાળ આપવામાં આવી હતી. બ્રહ્મઅગ્રણી કૌશિકભાઈ પાઠક દ્વારા થાળી, વાટકા, ચમચીનો સેટ આપવામાં આવેલ હતો. સારસ્વત બ્રહ્મસમાજના પ્રમુખ અલ્પેશભાઈ જોષી તરફથી દરકે બટુકને રોકડ રકમ આપવામાં આવેલ તથા પદ્માબેન વડીયા દ્વારા કપડા અનુદાન સ્વરૂપે આપેલ હતા. નીતીનભાઈ સાતા, નિતિલભાઈ કનૈયા, વિરાજભાઈ, જતીભાઈ લહેરૂએ પણ રોકડ રકમ અનુદાન સ્વરૂપે આપેલ હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, બ્રહ્મ સમાજ અગ્રણી કશ્યપભાઈ શુકલ, બ્રહ્મસમાજ પ્રમુખ દર્શિતભાઈ જાની તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતો. અગ્રણી કશ્યપભાઈ શુકલ દ્વારા વેકેશનમાં સમગ્ર બ્રહ્મ સમાજ માટે બ્રાહ્મણ બોર્ડિંગ વિનામૂલ્યે કાર્યક્રમ માટે આપવાની જાહેરાત કરાઈ હતી.

કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન પ્રમુખ અલ્પેશભાઈ જોશી, ઉપપ્રમુખ કૌશલભાઈ વડિયા, મંત્રી નિખિલભાઈ કનૈયા, વિરાજભાઈ ચટ્ઠા, દિલીપભાઈ પાંધી, યોગેન્દ્રભકાઈ લહેરૂ, જતીનભાઈ લહેરૂ, મનીષભાઈ રત્નેશ્વર તથા જીતુભાઈ દુલા દ્વારા કરવામાં આવેલ હતું.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા પાણીના પરબ-૨નો પ્રારંભ



**અબતક, રાજકોટ**

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પાણીના પરબ-૨ ની શરૂઆત નિલકંઠ ટોકીઝ પાસે મનોજ બુક સ્ટોલ પાસે કરવામાં આવી જે દરરોજ સવારે ૯ થી સાંજે ૭ વાગ્યા સુધી તરસ્યા લોકોની તરસ છીપાવશે.

આ સેવા કાર્યમાં શુભારંભે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડો. વિશ્વા કામદાર, રીનાબેન મકવાણા, ચેરમેન ઉમેશભાઈ મહેતા, મેનેજીંગ ટ્રસ્ટી દેવી મહેતા, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે વધુ માહીતી માટે ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે સોમવારથી સંગીત સંધ્યા

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલલત સીનીયર સીટીઝન પાર્ક ઈવનનિંગ પોસ્ટમાં તા.૧૯ ને સોમવાર નાં રોજ ૫:૩૦ લૉ એવર ગ્રીન ગ્રુપ દ્વારા, તા.૨૦ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે વિથ વિન્ટેજ થીમ, તા.૨૧ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાર્કે સુર મંદિર, તા.૨૨ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાર્કે સૂર સંગીત કીં સરગમ, તા. ૨૩ ને શુક્રવારનાં રોજ ૫:૩૦ કલાર્કે એ. આર. મ્યુઝીર્લ ગ્રુપ દ્રારા, તા. ૨૪ ને શનનવાર નાં રોજ રાજર્કોટ સ્ટેજર્રીકર્ષ દ્રારા ૫:૩૦ કલાકે, અને તા. ૨૫ ને રવિવાર નાં રોજ સ્વર સાધના દ્રારા ૫:૩૦ કલાકે એર સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે

જેમાં જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનીંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, ધીરજલાલ ચાવડા, પ્રકાશભાઈ વાગડીયા, ઘનશ્યામભાઈ રાવલ, સલીમ ઉમરભાઈ જેડા, આશીષભાઈ રાઠોડ, અનુજભાઈ મીશ્રા, એચ.પી. પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# વોર્ડ નં.૧૨માં રામેશ્વર ગોલ્ડ સોસાયટીમાં પાઈપલાઈનના કામનું ખાતમુહુર્ત કરતા શહેર ભાજપ મહામંત્રી



**અબતક, રાજકોટ**

તાજેતરમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં આવેલ રામેશ્વર ગોલ્ડ સોસાયટીમાં રૂ.૫૦.૨૮ લાખના ખર્ચે ડી.આઈ. પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત મહામંત્રીશ્રી વિરેનૂદ્રસિંહ ઝાલાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાંરાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેનૂદ્રસિંહ ઝાલા, પૂર્વ મેયર અને વોર્ડ નં.૧૨ કોર્પોરેટર ડો.પ્રદીપ ડવ, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠિયા, કોર્પોરેટર મિતલબેન લાઠીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, વોર્ડ નં.૧૨ પ્રમુખ જયેશભાઈ પંડયા, કિશનભાઈ ટીલવા, કિરણબેન હરસોડા, મનસુખભાઈ વેકરીયા, યોગેન્દ્રસિંહ જાડેજા,અગ્રણી માૈલીક ભાઈ દેલવાડિયા,પ્રતાપભાઈ વ્યાસ પરેશભાઈ રાદડિયા, રશ્મિબેન પટેલ, હંસાબેન ધમ્મર, દીલીપભાઈ કોટડીયા, કિશોરભાઈ પરમાર, જય ગજજર, રામભાઈ રામાનુજ, મનુભાઈ રાવત, મિતુલ રૈયાણી, જિજ્ઞેશભાઈ લાઠીયા, કાજલબેન બુટાની, મેઘનાબેન હિરપરા, મફાભાઈ અલગોતર, સ્થાનિક હર્ષ અંટાળા, ભાવિનભાઈ વડોદરીયા, જગદીશ મરડીયા, ઉદયભાઈ હીરપરા, હાર્દિકભાઈ વસોયા, જીગર વાડોદરીયા, અમિતભાઈ,ભાવેશ કોયાણી વગેરે ઉપસ્થિત રહેલ.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૬૯૩મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



ભાવીનભાઈ પ્રકાશભાઈ મહેતાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૯૩મું ચક્ષુદાન થયેલ છે.

આ ચક્ષુદાન સિવિલ ચોકીના એ.એસ.આઈ. રામશીભાઈ જે. વરુના સહયોગથી થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવા જણાવ્યું છે.

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા ૨૯મીએ રાંદલમાંના ૩૫૨ સમુહ લોટા ઉત્સવ

## સંસ્થાના ૩૫માં સ્થાપના દિને ધુન-કિર્તન, રાસ-ગરબા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

**અબતક, રાજકોટ**

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના ૩૫ માં સ્થાપના પર્વ એ માં ભગવતી ને રાજી કરવા દ્વારા સમુહ રાંદલમાંના ૩૫૨ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

વહેલા તે પહેલા ના ધોરણે નામ લખાવવા બોલબાલા ટ્રસ્ટ દ્વારા અપીલ.

બોલબાલા સંસ્થા પુર્ણ શ્રધ્ધા સભર યજમાનના સહયોગથી આ કાર્યક્રમમાં સવારે ૮:૦૦ કલાકે રાંદલ માતાજીનુ સ્થાપન કરવામાં આવશે.

આ સાથેબોલબાલા ટ્રસ્ટના મેમ્બર તેમજ આવેલ તમામ લોકો માટે વિશાળ આરોગ્યલક્ષી મેડિકલ કેમ્પ, હેમોગ્લોબીન કેમ્પ, પાર્સપોર્ટ કેમ્પ તથા જિંદગી એક ઉત્સાહ જેવા અનેક કાર્યક્રમોનું એક સાથે આયોજન કરવામાં આપશે

ગુરૂવારે વહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પૂજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા માં રાંદલને રાજી કરવાનો, સર્વ યજમાનોના સઘળા મનોરથમાં પરિપુર્ણ કરે તેવા ભાવ સાથે માતાજીને યાચના કરવામાં આવશે. આ અવસરે અનેક સહયોગી દાતાઓનો સાથ સહકાર સાંપડી રહયો છે.

આ અવસરે ૩૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો, ૧૦૦૦ જેટલા ભાવિકો, યજમાન પરીવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન, ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફ્ટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

બોલબાલા સ્થાપના પર્વ ના ૩૫ માં. સ્થાપના પર્વએ બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયને આર્શીવાદ, શુભેચ્છા, અને પ્રોત્સાહન આપવા મહાનુભવો, દાતાઓ, મહેમાનો ને બોલબાલ ટ્રસ્ટ વતી હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

રાંદલ માં ના લોટા નોંધાવવા માટે બોલબાલ ટ્રસ્ટ મો. ૯૩૭૪૧૦૩૫૨૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે દંત યજ્ઞ કેમ્પ

**અબતક, રાજકોટ**

સ્વામીનારાયણ આશ્રમ - દ્વારકા ખાતે ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન રાજકોટ અને શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ - દ્વારકા દ્વારા વિનામૂલ્યે દંત યજ્ઞ અને દાંતની બત્રીસીનો કેમ્પ તાઃ ૧૮-૫-૨૫ ને રવિવારે સવારે ૯ થી ૧ શ્રી સ્વામીનારાયણ આશ્રમ નાગેશ્વર રોડ,રેલ્વે સ્ટેસન રોડ,દ્વારકા ખાતે રાખવામાં આવેલ છે.

ગોવિંદ સ્વામીની પ્રેરણા થી ના આ કેમ્પ માં ઈશ્વર ભાઈ જાખરીયા અને અશ્વિન ભાઈ ગોકાણી ની આ કેમ્પમાં આગેવાની હેઠળ સર્વે વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. ડિવાઈન ટ્રસ્ટની ટીમ ડો.જયસુખભાઈ મકવાણા અને ડો.સંજય અગ્રાવત, મોનિકા ભટ્ટ,જાગૃતિ ચૌહાણ દર્દીઓ ને તપાસી સારવાર આપશે અને આયુર્વેદ ની ઉત્તમ જાલંધર બંધ વિધિ થી જરૂર હશે તેમને દાંત કે દાઢ વિના મુલ્યે કાઢી આપી, દવા વિતરણ પણ કરવામાં આવશે.

કેમ્પની વધુ વિગત મેલવવા અને નામ લખાવવા મોનિકા ભટ્ટ ૯૪૦૯૭૭૩૬૭૪ નો સમ્પર્ક કરવો. જણાવાયું છે.

આઈપીએલ બંધ પણ સટ્ટો ચાલુ

# માસ્ટર આઈડીમાંથી જુગાર રમાડતો યુનિવર્સિટી રોડનો નેહલ માણેક ઝડપાયો

## આઈડી આપનાર સુરેન્દ્રનગરના ભગીરથસિંહ ઝાલા અને અમદાવાદના પાર્થ પટેલનું નામ ખુલ્યું

## પડધરીનો જાબર પેટા આઈડી મેળવી સટ્ટાની લાઈન ચલાવતો : ત્રિપુટીની શોધખોળ શરૂ કરતી પીઆઈ એમ.આર.ગોંડલીયાની ટીમ

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા સટ્ટોડીયાની મોસમ સમાન ઈન્ડિયન પ્રીમિયર લિગને સ્થગિત કરી દેવામાં આવ્યો હતો પરંતુ આઈપીએલ બંધ હોવા છતાં સટ્ટો રમાઈ રહ્યો હોય તેવા અહેવાલ સામે આવી રહ્યા છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે યુનિવર્સીટી રોડ પર ઝવેરચંદ મેઘાણી ટાઉનશીપમાં રહેતો નેહલ માણેકને માસ્ટર આઈડી પર જુગાર રમતાં પકડી પાડ્યો હતો. જ્યારે આઈડી આપનાર સુરેન્દ્રનગરના ભગીરથસિંહ ઝાલા અને અમદાવાદના પાર્થ પટેલ તેમજ પેટા આઈડી મેળવનાર પડધરીના જાબરની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ. આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, ચિરાગ જાદવની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ દિપક ડાંગર, કનકસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ અરવીંદકુમાર ફતેપરાને યુનિવર્સિટી રોડ પર આવેલ ઝવેરચંદ મેઘાણી ટાવરના ગેઈટ પાસે એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં માસ્ટર આઈડીમાંથી લાઈવ કસીનો તથા ક્રિકેટની રમતમાં પૈસાની હારજીતનો જુગાર રમવાની પેટા આઈડીઓ બનાવી અન્ય ગ્રાહકોને ફોરવર્ડ કરી જુગાર રમી-રમાડે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી તે શખ્સને કોર્ડન કરી તેનું નામ પુછતા પોતાનું



નામ નેહલ અશ્વીન માણેક (ઉવ.૪૮, ધંધો વેપાર, રહે. ઝવેરચંદ મેઘાણી ટાવર, ફ્લેટ નં. એ-૬૦૬, પંચાયતનગર ચોક પાસે, યુનિવર્સીટી રોડ) હોવાનું જણાવ્યું હતું.

તેની પાસે રહેલ જે મોબાઈલ ફોન ચેક કરતાં ઓનસ્ક્રીનમાં જોર્ડન ૨૪૭ નામની માસ્ટર આઈડી ખુલી જોવામાં આવેલ જેમા તીનપતિ, કસીનો, સ્પોર્ટ ગેમના અલગ પેજ જોવામાં આવેલ હતાં. તેમજ માસ્ટર આઈડીનુ એકાઉન્ટ ચેક કરતા તેમાં આંકડા લખેલ આઈડી જોવામાં આવેલ હતી. આઈડી બાબતે આરોપીને પૂછતાં પોતે મોબાઈલ ફોનમાં DuckDuckGo નામની એપમાં Jordan247.io/admin નામની લિંકથી JORDAN247 માસ્ટર આઈડીમાં યુઝરનેમ nknk70 તથા પાસવર્ડ Pass7777 થી ઓપન કરી અલગ-અલગ ટાઈપના કસીનો ગેમ, ક્રિકેટ મેચનો સટ્ટો રમી શકાય તેવી યુઝર આઈડી બનાવી પોતાના ગ્રાહકને આપી જુગાર રમાડતો હોવાનુ જણાવેલ હતું.

તેને માસ્ટર આઈડી કોની પાસેથી મેળવેલ અને આ માસ્ટર આઈડીમાંથી અલગ-અલગ યુઝર આઈ.ડી. બનાવી કોને કોને આપેલ છે તે બાબતે પુછતા માસ્ટર આઈડી સુરેન્દ્રનગરના ભગીરથસિંહ જશુભા ઝાલા પાસેથી મેળવેલ હોવાની કબુલાત આપી હતી, પોતે આ માસ્ટર આઈડીમાથી અલગ અલગ પોઈન્ટ વાળી કુલ ૧૪ આઈડી બનાવી પડધરીના જાબરને આપેલ હતી.

તેમજ મોબાઈલ ફોનમાં રહેલ Duck DuckGo નામની એપમાં અન્ય એક પેજ ઓપન હોય જેમા taj777.now નામની માસ્ટર આઈડી ઓપન કરેલ હોય જે થોડા સમય પહેલા આ માસ્ટર આઈડી જેની પાસેથી મેળવેલ તેને તેના સુપર માસ્ટરમાંથી માસ્ટર આઈડીનો પાસવર્ડ બદલી નાખેલ હોવાથી માસ્ટર આઈડી ઓપન થતી નહી હોવાનુ જણાવ્યું હતું. તેમજ તે આઈડી અમદાવાદના પાર્થ પટેલ પાસેથી મેળવેલ હોવાની કબુલાત આપી હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે નેહલ માણેકની ધરપકડ કરી માસ્ટર આઈડી આપનાર બુકીઓની શોધખોળ આદરી છે.

## અતિથિ ચોક નજીક ઓનલાઈન આઈડી પર તીનપતિનો જુગાર રમતા સાગર વલેચાને પીસીબીએ ઝડપ્યો

અતિથિ ચોક પાસે મેચ બોક્સ આઈડી પર જુગાર રમતાં વેપારીને પીસીબીની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી.દરોડાની વિગત મુજબ પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે અતિથી ચોક પાસે એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં આઈડી મારફતે જુગાર રમે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતાનુ નામ સાગર રમેશ વલેચા (ઉ.વ.૨૮, ધંધો.વેપાર રહે.ચંદ્રશેખર આઝાદ ટાઉન શીપ બ્લોક નં.ડી-૧૦૨ એકે બેકરીની બાજુમાં) હોવાનું જણાવ્યું હતું. આરોપી પાસે રહેલ મોબાઈલ ચેક કરતાં તેમાં ઓન સ્ક્રીન MATCHBOX7777.com નામની આઈડી જોવામાં આવેલ જેમાં લાઈવ કસીનોમાં તીનપતિની પતાની રમતમાં અલગ-અલગ રકમના સોદાઓ કરેલ હોવાનુ જોવામાં આવેલ, જે બાબતે પુછતા જણાવેલ કે પોતે આઈડીમાં લાઈવ કસીનોમાં જુગાર રમતો હોવાની કબૂલાત આપતા તેની ધરપકડ કરી આઈડી આપનાર શખ્સ વિષે તપાસ આદરી હતી.

# હત્યા કેસમાં પેરોલ મેળવી છુમંતર થઈ જનાર કેદી રાજસ્થાનથી ઝડપાયો

## પેરોલ ફર્લો સ્કોવડની ટીમે ગાંધીગ્રામ વિસ્તારના યજ્ઞેશ પંડિતને પકડી અમદાવાદ જેલ હવાલે કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના ગુનામાં જેલહવાલે થયા બાદ પેરોલ પર છૂટી ચાર વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કોવર્ડની ટીમે રાજસ્થાનથી ઝડપી લીધો હતો.

પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા શહેરમાં ગંભીર ગુના આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે સુચના આપવામાં આવી હોઈ જેને લઈ પી.આઈ બી.એમ. ઝણકાંટના માર્ગદર્શન હેઠળ ટીમ પ્રયત્નશીલ હતી.

દરમિયાન રાજકોટમાં માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના ગુનામાં આજીવન કેદની સજા પડ્યા અમદાવાદ જેલ હવાલે કરાયેલો કેદી



યજ્ઞેશ ઉર્ફે લાલો પેરોલ પર જેલમુક્ત થયા બાદ ચાર વર્ષથી ફરાર હોય અને હાલ તે રાજસ્થાનમાં હોવાની માહિતી મળતા પોલીસની ટીમ રાજસ્થાન પહોંચી હતી.

અહીં રાજસ્થાનના શિકર જિલ્લાના ચોમુ ચોકડી ખાટુ શ્યામ રોડ પરથી કેદી યજ્ઞેશ ઉર્ફે લાલો દિલીપભાઈ પંડિત (ઉ.વ ૪૩ રહે. હાલ રાજસ્થાન, મૂળ ગાંધીગ્રામ, ગાંધીનગર શેરી નંબર ૨,રાજકોટ) ને રાજસ્થાનથી ઝડપી લઈ અમદાવાદ જેલ હવાલે કરવા તજવીજ હાથ ધરી હતી. આ કામગીરીમાં એએસઆઈ અમૃતભાઈ મકવાણા, જહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સામંતભાઈ ગઢવી, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ સાથે રહ્યા હતા.

# રોયલ પાર્કમાં મકાનના ત્રીજા માળેથી પટકાતા ચોકીદારનું મોત

## નેપાળ સ્થિત વૃધ્ધ માતાએ પુત્રનું મોઢુ જોવાની જીદ કરતા મૃતદેહ લઈને પત્ની ટીકાપૂર રવાના

**અબ તક રાજકોટ**

શહેરના ઈન્દિરા સર્કલ નજીક રોયલ પાર્ક શેરી નંબર ૪૭ ઈન્દિરા સર્કલ નજીક બાંધકામ સાઈટ ની ચોકીદારી કરતા નેપાલી યુવાનનું ત્રીજા માળેથી પડતા મોત થયું હતું,

મૂળ નેપાલ અને વર્ષોથી રાજકોટમાં ચોકીદારીનું કામ કરતા લક્ષ્મણભાઈ ધરમસિંહ વિશ્વકર્મા ૪૧'તા ૧૪ ના રોજ રાત્રે ૧૦ વાગે બાંધકામ સાઈટ ઉપર હતા ત્યારે ત્રીજા માળેથી અકસ્માતે નીચે પટકાતા પ્રથમ ખાનગી હોસ્પિટલ ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા મોડી રાત્રે ૦/૪૫ કલાકે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકના જમાઈ મિલનભાઈએ જણાવ્યું હતું કે લક્ષ્મણભાઈ વિશ્વકર્મા ને સંતાનમાં બે દીકરા અને એક દીકરી હોય બંને દીકરા તેમની દાદીમાં પાસે નેપાલ ના ટીક પુરરહે છે, લક્ષ્મણભાઈ ના મૃત્યુ ના સમાચાર વતન પહોંચતા તેમની વૃધ્ધ માતાએ પુત્રનું મોઢું જોવાની જીત કરતા લક્ષ્મણભાઈ ના પાર્થિવ દેહને નેપાળ લઈને તેમના પત્ની અને મિત્રો રવાના થયા છે

# વોન્ટેડ બુટલેગર તૈયબ સમેજાને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો

## ફરારી આરોપીઓને ઝડપી લેવા પોલીસના એક્શન મોડથી ગુનેગારોમાં ફફડાટ

**અબતક રાજકોટ**

શહેરમા પોલીસ ચોપડે વોન્ટેડ અપરાધીઓને કાયદા ના સકંજામાં લેવાના આદેશોના પગલે ક્રાઈમ બ્રાન્ચે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ઈંગ્લિશ દારૂના કેસમાં દોઢ વર્ષથી પોલીસને હાથ તાળી આપી ભાગતા ફરતા મૂળ રાપરના બામણસર ગામના તૈયબ ફતેહ મહંમદ સમેંજા ને ઝડપી લઈ ધોરણ સુધી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર જા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, ના આદેશોના પગલે સીટી ક્રાઈમ બ્રાન્ચ એ વોચ ગોઠવી બેડી ચોકડી પાસેથી કુવાડવા પોલીસ સ્ટેશનમાં દારૂના કેસમાં દોઢ વર્ષથી ફરાર તૈયબ ફતેહ મહમદ સમેજા બામણસર રાપર વાળાને ઝડપી લીધો હતો .તૈયબ પર સામખીયાળી ,સાતલપુર ,આડેસરા ,રાજકોટ કુવાડવા પોલીસ સ્ટેશન માં ગુના નોંધાયા છે . આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમઆર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવ, પીએસઆઈ એમ કે મોવલીયા, અને ટીમના રણજીતસિંહ પઢારીયા, અશોકભાઈ કલાલ, સંજયભાઈ દાફડા, વિજય રાજ સહ જાડેજા, સુભાષભાઈ ઘોઘારી, ક્રિપાલસિંહ ઝાલા, તુલસીભાઈ ચુડાસમા, સંજયભાઈ ખાખરીયા, પ્રતીકસિહ રાઠોડ, એ કામગીરી કરી હતી

# હોસ્પિટલ ચોક અને ભુપગઢ ગામે જુગારના દરોડા

## રૂ. ૯ હજારની રોકડ સાથે , બે મહિલા સહિત ૧૦ પતા પ્રેમી ઝડપાયા

**અબતક રાજકોટ**

શહેરમા ક્ષ બે સ્થળે જુગારના દરોડા પાડવામાં આવ્યા છે જેમાં હોસ્પિટલ ચોકમાં આવેલા અંડર બ્રિજ અને ભુપગઢ ગામે જુગાર રમતી બે મહિલા સહિત ૧૦ પતા પ્રેમીને ઝડપી , જુગારના પટમાંથી રૂ ૯ હજારની રોકડ કબજે કરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હોસ્પિટલ ચોકમાં આવેલા પુલની નીચે શહેરમાં જુગાર રમતો હોવાની બાતમી એ ડિવિઝન પોલીસની ટીમને મળી હતી. બાતમીના આધારે જુગારનો દરોડો પાડી જુગાર રમતો મેટોડાનો ક્રિષ્ના ભાઈ મનોજભાઈ રાઠોડ, ભગવતીપરાનો સાહિલ મજીતભાઈ સોરાં, યુવરાજ નગરનો રામા મોહનભાઈ પરમાર, રસુલપરાનો મહંમદ રજાકભાઈ શેખ, નવલ નગરનો જયંતિ વીશાભાઈ સારિયા, નીતુબેન જયંતીભાઈ સારીયા અને ઘંટેશ્વર ૨૫ વારીયમાં રહેતી નુરીબેન શરીફભાઈ ડોસાણી ને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ પાંચ હજારની રોકડ કબજે કરી છે. જ્યારે જુગારનો બીજો દરોડો આજીડેમ પોલીસની ટીમે ભુપગઢ ગામે આવેલી અશ્વિનભાઈની વાડી નજીક પાડી, જાહેરમાં જુગાર રમતા વિક્રમ બાબુભાઈ ચાવડા, સહદેવ અશ્વિનભાઈ વાઢેર અને રાજેશભાઈ ઉર્ફે ગૌતમ નીતિનભાઈ સિંધવ નામના શખ્સોને ઝડપી લઈ, રૂ.ચાર હજારની રોકડ કબ્જે કરી છે.

# હત્યાના ગુનામાં બે મહિલાની જામીન અરજી સેશન્સ અદાલત દ્વારા રદ

## વીમા વળતરની રકમ ભાગબટાઈમાં બે પત્નીના સંતાનો વચ્ચે વાંધો પડતા માથાકૂટમા યુવકનું ઢીમ ઢાળી દીધું તું

**અબતક, રાજકોટ**

વાહન અકસ્માતમાં મૃત્યુના વીમા વળતરના પૈસાની ભાગબટાઈમાં રૈયાધાર વિસ્તારમાં બે પત્નીના સંતાનો વચ્ચે વાંધો પડતા થયેલી હત્યાના ગુનામાં પકડાયેલા પાંચ આરોપીઓમાં બે મહિલા આરોપીની જામીન અરજી સેશન્સ અદાલત દ્વારા રદ કરવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ રૈયાધાર વિસ્તારમાં રહેતા જેરામભાઈ વાઘેલાના બીજા પત્ની લીલાબેન જેરામભાઈ વાઘેલાનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયા અંગે તેના વીમા ક્લેઈમના નાણા બાબતે ચાલતા ડખામાં બીજા પત્નીના પુત્ર લાખાભાઈ જેરામભાઈ વાઘેલા ઉપર જેરામભાઈના પ્રથમ પત્ની બેબીબેન અમરશી ચારોલા, પુત્ર વિજયભાઈ અમરશીભાઈ ચારોલા, સંજનાબેન વિજયભાઈ ચારોલા, શાયર ઉર્ફે સાહિલ અને નીર ઉર્ફે નીલ વગેરે હુમલો કરી લાખાભાઈ જેરામભાઈ વાઘેલાની હત્યા કર્યા બાબતે ગુનો નોંધી ધરપકડ કરવામાં કરવામાં આવી હતી.

જેમાં જેલ હવાલે રહેલા મહિલા આરોપીઓ બેબીબેન તથા સંજનાબેને કોર્ટમાં જામીન પર છૂટવા માટે જામીન અરજી કરી હતી, તેમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ બીનલબેન રવેશીયા હાજર થઈ કોર્ટમાં જણાવેલ કે અરજદાર આરોપીઓએ આ ગુનાના અન્ય આરોપીઓને પોતાના ઘરે બોલાવીને મરનારને મારવા માટે ગુનાહિત કાવતરું કરી અન્ય આરોપીઓ સાથે ગેરકાયદેસર મંડળી રચી હત્યાના કૃત્યનો પ્રથમ દર્શનીય જ આક્ષેપ છે અને સમાજ વિરોધી ગંભીર ગુનો છે, જેથી બંને આરોપીઓની જામીન અરજીઓ રદ કરવી જોઈએ, જે રજૂઆતો દલીલો ધ્યાને લઈ સેશન્સ કોર્ટે બંને મહિલા આરોપીની જામીન અરજી નામંજૂર કરેલ છે.

# સાતડા ગામના પાટીયા પાસે અજાણ્યા વાહનની ઠોકરે યુવકનુ મોત

## મોડી રાત્રે સર્જાયેલા અકસ્માત માં જીવ ગુમાવનાર યુવાનની ઓળખ મેળવવા પોલીસની "મથામણ"

**અબતક રાજકોટ**

અમદાવાદ હાઈવે પર કુવાડવા રોડ પર આવેલા મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા ની ફેક્ટરીના આઉટલેટ ગોડાઉન સામે સાતડા ગામના પાટીયા કુચીયાદળ ગામના અવર બ્રિજ તરફ જતા સર્વિસ રોડ પર ગઈકાલે મોડી સાંજે અજાણ્યા વાહન ના હિટ એન્ડ રન બનાવામાં ૨૫ વર્ષના યુવાન નો ભોગ લેવાયો હતો. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કુચીયાદળ ઓવરબ્રિજ નજીક ગઈકાલ રાત્રે ૯/૧૫ ના સુમારે રાહદારી અજાણ્યા ૨૫વર્ષના હોય તેવા યુવાનને અજાણ્યા વાહને ઠોકરે ચડાવતા સર્જાયેલા અકસ્માતમાં યુવાનનું ઘટના સ્થળે પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું, આ બનાવ જાહેર થતાં એરપોર્ટ પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના દોડી ગયો હતો અને પીએસઆઈ એસએસ જાડેજાએ સરકાર તરફથી ફરિયાદી બની ગુનો દાખલ કરાવ્યો હતો, મોતને ભેંટેલા અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા પોલીસે તજવીજ હાથ ધરી છે. તપાસનીશ પીએસઆઈ એસએસ જાડેજાએ જણાવ્યું હતું કે આ બનાવમાં ભોગ બનનાર યુવાનની અને અકસ્માત સર્જી નાસી છૂટેલા વાહનની ઓળખ માટે તજવીજ હાથ ધરી છે.

પાકિસ્તાન તરફી વલણના વિરોધમાં

# ટુર ઓપરેટર એસોસિએશને તુર્કી, ચીન અને અઝરબૈઝાનનો બહિષ્કાર કર્યો

## આતંકવાદને સમર્થન અને ટુરીઝમ એક સાથે ન થાયઃ પર્યટકોને પણ આ દેશનો બહિષ્કાર કરવા એસો.એ અનુરોધ કર્યો

**અબતક, ભુજ**

સમગ્ર વિશ્વમાં જયારે આતંકવાદને ખતમ કરવા ભારતે જે લડાઈની શરુઆત કરી છે, તેમાં ભારત સાથે ઉભા રહેવાની બદલે પાકિસ્તાન સાથે ઉભા રહેતા દેશો તુર્કી, અજરબેઝાન અને ચીનનો બહિષ્કાર કરવાનો નિર્ણય ટુર ઓપરેટર એસોસિએશન ઓફ કચ્છએ લીધો છે. સાથે તેમણે પર્યટકોને પણ આ દેશમાં ફરવા ન જવા માટે અપીલ કરી છે.

ટુર ઓપરેટર એસોસિએશન ઓફ કચ્છ દ્વારા જણાવાયું હતું કે આતંદવાદએ વિશ્વ માટે ખતરો છે. આતંકવાદને પનાહ આપનાર દેશની જે મદદ કરે છે તેમની સાથે કોઈ સંબંધ રાખવો જોઈએ નહીં. એસોસિએશનના બધા સભ્યોએ તુર્કી, અજરબેઝાન અને ચીન આ ૩ દેશો માટે ટુર પેકેજ ન બનાવવાનો નિર્ણય કર્યો છે.

એસોસિએશનને વડાપ્રધાન દ્વારા આપેલા વકતવ્યને ટાંકીને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, લોહી અને પાણી એક સાથે વહી શકે નહીં. આતંકવાદ અને શાંતિની વાત એક સાથે થઈ શકે નહી. તો પછી આતંકવાદને સમર્થન અને ટુરીઝમ એક સાથે કેવી રીતે જઈ શકે?

એસોસિએશનને પર્યટકોને પણ અપીલ કરતા જણાવ્યું હતું કે, ચાઈનીઝ વસ્તુઓનો પણ ખરેખર બહિષ્કાર કરવો જોઈએ. ચીન, તુર્કી, અને અજરબેઝાન સિવાય પણ વિશ્વમાં ઘણા સ્થળો ફરવા લાયક છે. જેથી ભારતના દુશ્મનનો સાથે આપતા આ ત્રણેય દેશનો દરેક પર્યટકે બહિષ્કાર કરવો જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો ભારતનો દરેક પર્યટક કે દરેક નાગરીક ચીન, તુર્કી અને અજરબેઝાનનો બહિષ્કાર કરશે તો તેમને ખબર પડશે કે ભારતની વિરુધ્ધ જવાથી દેશના શું હાલ થાય.

# કુખ્યાત બુટલેગર અલ્તાફ છ આંગળી સાતમી વાર પાસાના પાંજરે પુરાયો

## હત્યા, જીવલેણ હુમલા, પ્રોહીબીશન, જુગારધામ સહિતના ૨૫ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા અલ્તાફને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવાયો

**અબતક, રાજકોટ**

કુખ્યાત બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી સાતમી વાર પાસાના પાંજરે પુરાયો છે. હત્યા, જીવલેણ હુમલા, આર્મ્સ એક્ટ, જુગારધામ, પ્રોહિબિશન સહિતના ૨૫ થી વધુ ગુનામાં પોલીસ ચોપડી ચડી ચૂકેલ અલ્તાફ થઈમ વિરુદ્ધ પાસાનું વોરંટ બજવી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ શહેર વિસ્તારમાં પ્રોહીબીશનણી પ્રવૃત્તિઓને નેસ્ત નાબૂદ કરવા તેમજ દારૂના કાળા કારોબાર સાથે સંકળાયેલ શખ્સોં વિરુદ્ધ અસરકારક અટકાયતી પગલાં લેવાની પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા આપવામાં આવેલી સૂચનાને પગલે વિદેશી દારૂના અસંખ્ય ગુનામાં પકડાયેલ લીસ્ટેડ બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ થઈમની ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા તેમજ



અસરકારક અટકાયતી પગલા લેવા જરૂરી હોય પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાએ બુટલેગરની પાસા દરખાસ્ત તૈયાર કરતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા અલ્તાફની પાસા દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.

જે બાદ પીસીબી શાખાએ અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ થઈમ (ઉ.વ. ૪૬ રહે. નવા થોરાળા, વિજયનગર શેરી નંબર ૨, રાજકોટ)ની અટકાયત કરી વોરંટની બજવણી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દીધો હતો.

અલ્તાફ ઉર્ફે છ આંગળી વિરુદ્ધ પ્રોહીબિશન ઉપરાંત હત્યા, જીવલેણ હુમલા, આર્મ્સ એક્ટ, જુગારધામ સહિતના રાજકોટ, જામનગર સહિતના જિલ્લાઓમાં ૨૫થી વધુ ગુના નોંધાયેલા છે. જ્યારે અલ્તાફ અગાઉ દારૂ, ઘરફોડ ચોરી, મારામારી સહીતની કેટેગરીમાં છ વાર પાસા કાપી ચુક્યો છે અને હવે સાતમી વાર પાસાના પાંજરે પુરાયો છે.

પોલીસ કમિશનરે પાસા દરખાસ્ત મંજુર કરતા પીસીબી પીઆઈ એમ આર ગોંડલીયા અને એમ જે હુણ ટીમની કામગીરી

# મોટા દુધીવદરની પ્રિયાંશીબા જાડેજાની જન્મજાત હૃદયની કામીનું સફળ ઓપરેશન

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના મોટા દુધીવદર ગામની પ્રિયાંસી જન્મથી જ હૃદય અને મળ દ્વારમાં ખામી ધરાવતી હતી. આ બાળકને અમદાવાદની સરકારી હોસ્પિટલ અને યુ એન. મહેતા હોસ્પિટલમાં વિનામૂલ્યો સમયસર સર્જરી અને સઘન સારવાર આપી આ ખામી દૂર કરવામાં આવી.

તા. ૩૦/૦૧/૨૦૨૪ ના રોજ જન્મેલી પ્રિયાંસીની વાત કરીએ તેમના પિતા દશરથસિંહ જાડેજા નોકરી કરતા નાના એવા મધ્યમવર્ગ પરીવારમાં જન્મ થયેલ. તા.૨૫.૧૧.૨૪ના રોજ જામકંડોરણાની આર.બી.એસ.કે ટીમના ડો.દાનસિંહ ડોડીયા અને ડો.શિતલ સારીખડાએ તેમના ઘરની



વિઝીટ કરતા પ્રિયાંસીના સ્વાસ્થનું સ્કિનિંગ કર્યું તો તેને હૃદય અને મળ દ્વારમાં ખામી હોવાનું જણાયું હતુ.

તેની સઘન ચકાસણી માટે ડીઈઆઈસી સિવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે તપાસ કરવા જણાવ્યું જ્યાં તેમને રદયની ખામી અને મળ દ્વારની ખામી હોવાનું નિદાન થયું

અમદાવાદની સરકારી હોસ્પિટલના તજજ્ઞ ડોક્ટરોની ટીમે મળ દ્વારની ખામીની સર્જરી કરવામાં આવેલ અને રહૃદયમાં ખામી હોવાનું નિદાન માટે યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદ ખાતે જવા જણાવ્યું સંદર્ભે કાર્ડ ભરી રીફર કરવામાં આવ્યા. નિષ્ણાંત તબીબોએ તેને હૃદયની તકલીક હોવાનું નિદાન કર્યું અને હૃદયની સારવાર શરૂ કરવામાં આવી તેમજ જરૂર પડયે સર્જરી કરવા અંગે જણાવેલ.

હાલ પ્રિયાસી એકદમ સ્વસ્થ છે. તેના પિતા દશરથસિંહ જાડેજા અને તેનો પરીવાર આર.બી.એસ.કે. ની ટીમ સીવીલ હોસ્પિટલના ડોક્ટરો અને યુ એન. મહેતા હોસ્પિટલના ડોક્ટરો તથા સરકાર પ્રત્યે આભારનો ભાવ પ્રગટ કરે છે.

# વિદ્યુત બોર્ડનું ટીસી ઉઠાવી જનાર તસ્કર બેલડી ઝડપાઈ

## વિરપુર, ગોંડલ, વડિયા, સહિતની સાત ચોરીનો ભેદ ઉકેલતી રાજકોટ રૂરલ એલસીબી ટીમ

## મોટાભાગે નેશનલ હાઈવે અને અવાવરું સ્થળોને ટાર્ગેટ કરતા

## પડધરી, ધોરાજી, ગોંડલ, કાલાવડ, વડિયામાં થયેલી ટીસીને કોપર વાયર ચોરીનો ભેદ ખુલ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ઈલેક્ટ્રીક ટીસી અને તેમાંથી કોપર વાયરની ચોરીને અંજામ આપતી બેલડીને રાજકોટ રૂરલ એલસીબી ટીમે ઝડપી લેતાં સાત ગુનાનો ભેદ ઉકેલાયો છે.

પ્રાપ્ત વિગત અનુસાર વિરપુર પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૩૦૫(ઈ), ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમો તેમજ સાર્વજનિક મિલકતને નુકસાન અટકાવવાની અધિનિયમ હેઠળ કાગવડ ગામ પાસેથી ઈલેક્ટ્રીક ટીસીમાંથી કોપર વાયરની ચોરીનો ગુનો નોંધાયો હતો. જે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક હીમકરસિંહના માર્ગદર્શન હેઠળ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલની ટીમો કોપર વાયર ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા પ્રયત્નશીલ હતી. દરમિયાન એલસીબી ગ્રામ્યના હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર અને કોન્સ્ટેબલ મીરલભાઈ ચંદ્રવાડીયાને સંયુકત બાતમી મળતા વીરપુર નેશનલ હાઈવે પર રવિ હોટલ નજીકથી તસ્કર પંકજ અમૃતલાલ મારુ (રહે શાસ્ત્રીનગર, ગાંધીગ્રામ, રાજકોટ અને મૂળ રહે તમાચણ, ધ્રોલ, જામનગર) અને



સીતારામ ઉર્ફે ઈશ્વર ગુલાબભાઈ ચેખલિયા (રહે હાલ શાપર વેરાવળ અને મૂળ રહે. કાનીયાડ, પાળીયાદ, બોટાદ)ને ઝડપી લેવામાં આવ્યા હતા. બંને તસ્કરોની ધરપકડ કરી એલસીબીએ પૂછપરછ શરૂ કરતા તેમણે અલગ અલગ સાત ટીસી અને કોપર વાયર ચોરીની કબુલાત આપી હતી. જેમાં અઢી મહિના પૂર્વે પંકજ મારુ અને સીતારામ ચેખલિયાએ કાગવડ ગામ નજીક હેવન રિસોર્ટ જવાના રસ્તા ઉપરથી ટીસી અને કોપર વાયર ચોરી, અઢી માસ પૂર્વે પીઠડીયા ગામ પાસે આવડ માતાના મંદિર નજીક ટીસીની ચોરી, ત્રણ માસ પૂર્વે પડધરી વિસ્તારના નેશનલ હાઈવે નજીકથી ટીસીની ચોરી, સાડા ત્રણ માસ પૂર્વે વડીયા નજીકથી ટીસી ચોરી, ચારેક માસ પૂર્વે કાલાવડ પાસેથી ટીસી અને કોપર વાયરની ચોરી, પાંચ માસ પૂર્વે ગોંડલ અને જામવાડી વચ્ચે નેશનલ હાઈવે નજીકથી ટીસી અને કોપર વાયરની ચોરી, ત્રણ માસ પૂર્વે સુપેડી નેશનલ હાઈવે નજીકથી અને કોપર વાયરની ચોરીને અંજામ આપ્યાની કબુલાત આપી હતી.

આ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, એ.એસ.આઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બળકોદીયા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ડાંગર, દિવ્યેશભાઈ સુવા, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા, મિરલભાઈ ચંદ્રવાડીયા અને અબ્દુલભાઈ શેખએ કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### ૬જી માટે દેશ સજ્જ

સામેલ થઈ ગયો છે. 'ઈન્ડિયા ૬જી ૨૦૨૫' કોન્ફરન્સમાં બોલતા, કેન્દ્રીય દૂરસંચાર રાજ્યમંત્રી ચંદ્રશેખર પેમ્માસાનીએ આ નિવેદન આપ્યું હતું. તેઓએ એમ પણ કહ્યું કે ૬જી ટેરાહર્ટ્ઝ ફ્રીક્વન્સી બેન્ડનો ઉપયોગ કરાશે, જે પ્રતિ સેકન્ડ એક ટેરાબીટ સુધીના ડેટા રેટને મંજૂરી આપશે જે ૫જી કરતા ૧૦૦ ગણો ઝડપી છે. પેમ્માસાનીએ જણાવ્યું હતું કે, ૩૦૦ કરોડ રૂપિયાની મંજૂર રકમ સાથે ૧૧૧ થી વધુ સંશોધન પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે. ભારત હવે ૬જી પેટન્ટ ફાઈલ કરનારા વિશ્વના ટોચના છ દેશોમાંનો એક છે. આપણી પાસે પ્રતિભાનો વિશાળ ભંડાર અને પુષ્કળ સમય છે. ૬જીમાં અગ્રણી ન બનવાનું કોઈ કારણ નથી લાગતું. તેમણે કહ્યું કે જેમ જેમ ભારત વૈશ્વિક ટેકનોલોજી લીડર બનવા તરફ પોતાની સફર ચાલુ રાખે છે, તેમ તેમ ૬જી ટેકનોલોજી સાથેનો તેનો આગળનો માર્ગ આવનારા દાયકાઓ સુધી દેશની સમૃદ્ધિને વ્યાખ્યાયિત કરશે. મંત્રીએ કહ્યું, '૬જી સંપૂર્ણપણે નવા ઉદ્યોગોનું નિર્માણ કરશે અને હાલના ઉદ્યોગોમાં ક્રાંતિ લાવશે.

આનાથી ૨૦૩૫ સુધીમાં ભારતના અર્થતંત્રમાં ૧ ટ્રીલિયન ડોલરનો ઉમેરો થવાની સંભાવના છે. સ્વદેશી ૬જી વિકાસ એ પણ સુનિશ્ચિત કરશે કે ભારતમાં આપણા સુરક્ષિત સંદેશાવ્યવહાર વિકસિત અને સુરક્ષિત થાય.

#### ગલ્ફ સાથે વેપાર...

આ ફેબ્રુઆરીમાં નવી દિલ્હીની મુલાકાત લીધી હતી અને ભારતમાં મોટા રોકાણો કરવાની તૈયારી દર્શાવી હતી. ભારતનો યુએઈ સાથે પહેલાથી જ વેપાર કરાર છે. તે પ્રદેશ સાથે વેપાર, ઊર્જા, રોકાણ અને સુરક્ષામાં સહયોગને વધુ વધારવા માટે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી ) સાથે મુક્ત વેપાર કરાર પર પણ વાટાઘાટો કરી રહ્યું છે. જીસીસીમાં સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત, ઓમાન અને બહેરીનનો સમાવેશ થાય છે. ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે વાટાઘાટો ઔપચારિક રીતે નવેમ્બર ૨૦૨૩ માં શરૂ થઈ હતી.

ઓમાન સાથે ફક્ત થોડા જ મુદ્દાઓ ઉકેલવાના બાકી છે અને આ મહિને જાહેરાત થઈ શકે છે,

નાણાકીય વર્ષ ૨૦૨૫ ના એપ્રિલ-ફેબ્રુઆરી સમયગાળા દરમિયાન ઓમાનમાં ભારતની માલસામાન નિકાસ ૪.૪૨ બિલિયન ડોલર સુધી પહોંચી, જ્યારે આયાત ૪.૫૨ બિલિયન ડોલર રહી. ભારતની મુખ્ય આયાત પેટ્રોલિયમ ઉત્પાદનો અને યુરિયા છે - જે આયાત બિલના ૭૦% થી વધુ હિસ્સો ધરાવે છે.ગલ્ફ દેશમાંથી થતી અન્ય મુખ્ય આયાતોમાં પ્રોપીલીન અને ઈથિલિન પોલિમર, પેટ કોક, જીપ્સમ, રસાયણો અને લોખંડ અને સ્ટીલનો સમાવેશ થાય છે. ઓમાનની મુખ્ય નિકાસ વસ્તુઓમાં તેલ છે; જહાજો, બોટ અને તરતા માળખાં; કૃત્રિમ કોરન્ડમ ઉપરાંત એલ્યુમિનિયમ ઓક્સાઈડ; ચોખા; બોઈલર, મશીનરી અને યાંત્રિક સાધનો, તેમના ભાગો; વિમાન અને અન્ય વિમાનો; સનગ્લાસ; માંસ અને ખાદ્ય માંસના અવશેષો; પક્ષીઓના ઈંડા; ફળો, શાકભાજી, મસાલા, ચા અને કોફી પણ વ્યાપારમાં સૌથી મહત્વનો ફાળો આપે છે.બંને પક્ષોએ ભારત-ઓમાન ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટમાં સુધારો કરવા માટે પ્રોટોકોલ પર પણ હસ્તાક્ષર કર્યા, જે તેને સરહદ પાર કરવેરા પર આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસંગત બનાવે છે. બંને બાજુ રોકાણ પ્રવાહ મજબૂત રહ્યો છે, જે બંને દેશોમાં સંખ્યાબંધ સંયુક્ત સાહસોમાં પ્રતિબિંબિત થાય છે. ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ઓમાનમાં આવા સંયુક્ત સાહસ રોકાણો ૭૭૬ મિલિયન ડોલર હોવાનો અંદાજ છે. ઓમાનમાં ભારતીય દૂતાવાસની એક ફેક્ટશીટ અનુસાર, એપ્રિલ ૨૦૦૦ થી જૂન ૨૦૨૪ દરમિયાન ઓમાનથી ભારતમાં કુલ એફડીઆઈ પ્રવાહ ૫૯૭.૧૪ મિલિયન ડોલર હતો.

#### જૈશના આતંકી ઠાર...

લશ્કરના એક આતંકવાદીઓનું નામ શાહીદ કુટ્ટે હતું, જે શોપિયાંનો રહેવાસી હતો. તે આઠ માર્ચ, ૨૦૨૩માં લશ્કરમાં સામેલ થયો હતો. વળી, બીજા આતંકવાદીની ઓળખ અદનાન શફી ડાર તરીકે થઈ હતી, જે વંડુના મેલહોરા, શોપિયાંનો રહેવાસી હતો. તે ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪માં લશ્કરમાં સામેલ થયો હતો. તે ૨૦૨૪માં શોપિયાંમાં બિનસ્થાનિક શ્રમિકની હત્યામાં સામેલ હતો. પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓના પોસ્ટર શોપિયાંના અનેક વિસ્તારમાં ચોંટાડવામાં આવ્યા હતા. સુરક્ષાદળોએ આતંકવાદીઓની સૂચના આપનારાને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. સેનાએ પહલગામમાં નિર્દોષ પ્રવાસીઓના મોતના ગુનેગારને પાકિસ્તાની આતંકવાદીઓની શોધખોળ તેજ કરી દીધી છે.

#### શેરબજાર...

૩૮૩ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એવી ઘોષણા કરી હતી કે ભારત સરકાર દ્વારા અમેરિકાના માલ પર ઝીરો ટેરિફ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ જાહેરાત બાદ બજારમાં તેજી જોવા મળી હતી. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૧૮૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨૫૧૩ અને નિફ્ટી ૩૮૭ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૦૫૩ પોઈન્ટ પર ટ્રેડ કરી રહી છે. આગામી દિવસોમાં પણ શેરબજારમાં તેજી યથાવત રહેશે તેવું જાણકારો માની રહ્યા છે.

#### ચારધામ યાત્રા...

નેપાળના ૫૭૨૮, યુએસએના ૫૮૬૪, યુકે ૧૫૫૯, મોરેશિયસ ૮૩૭, ઈન્ડોનેશિયા ૩૨૭, કેનેડા ૮૮૮, ઓસ્ટ્રેલિયા ૧૨૫૯ સહિત અન્ય ૧૫૦ થી વધુ દેશના યાત્રીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યાત્રા નોંધણી નોડલ અધિકારી યોગેન્દ્ર ગંગવારે જણાવ્યું હતું કે વિશ્વના દરેક દેશમાંથી લોકો ચારધામ યાત્રામાં હાજરી આપવા માટે નોંધણી કરાવી રહ્યા છે.ચારધામ યાત્રા ૩૦ એપ્રિલથી શરૂ થઈ છે. ૧૪ મે સુધીમાં ૭.૧૮ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ચારધામના દર્શન કરી ચૂક્યા છે. ઓનલાઈન નોંધણી માટે સ્લોટ ઉપલબ્ધ ન હોવાને કારણે ઓફલાઈન નોંધણીઓની સંખ્યા વધી રહી છે. હરિદ્વાર, ઋષિકેશ, હર્બર્ટપુર, વિકાસનગરમાં એક દિવસમાં ૧૮ હજારથી વધુ નોંધણીઓ થઈ રહી છે.

#### અમેરિકા...

'ટ્રમ્પના એક જૂના મિત્ર ઝાચેરી વિટકોફ, જેમને મધ્ય પૂર્વમાં શાંતિ સમજૂતી કરાવવામાં સફળતા મળી હતી, તેમને હવે રશિયા-યુક્રેન અને ભારત-પાકિસ્તાન વચ્ચે પણ શાંતિ સ્થાપવાની જવાબદારી સોંપવામાં આવી છે. જો કે, સવાલ એ છે કે શું ટ્રમ્પ ખરેખર શાંતિ લાવવા માંગે છે કે પછી તેમનો આ રસ તેમના પરિવારના ક્રિપ્ટો વ્યવસાયને આગળ વધારવાનો એક ભાગ છે? આ અંગે હજુ કોઈ સ્પષ્ટતા નથી, પરંતુ આ નવા ઘટનાક્રમે અનેક તર્ક-વિતર્કને જન્મ આપ્યો છે.

#### અમેરિકાની ભૂલ ચતી થઈ

સ્વીકારતું નથી, અને આ વાત અમેરિકાના અધિકારીઓએ જાણવી જોઈતી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીત ફક્ત આતંકવાદ અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) પરત કરવાના મુદ્દા પર જ થઈ શકે છે. નિષ્ણાતો માને છે કે અમેરિકાએ પાકિસ્તાનને ખુશ કરવા માટે આવા નિવેદનો આપ્યા છે, પરંતુ ભારતની સ્પષ્ટ નીતિને ધ્યાનમાં ન લેતા તેણે એક મોટી ભૂલ કરી છે. આનાથી શાંતિ પ્રક્રિયા આગળ વધે તેવી શક્યતા ઓછી છે.

વધુમાં, પાકિસ્તાની સેના પણ શાંતિ ઈચ્છતી નથી, અને ભૂતકાળમાં થયેલા શાંતિના પ્રયાસોને તેમણે જ નિષ્ફળ બનાવ્યા છે. ચીન પણ આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી રહ્યું છે, કારણ કે તેનાથી ભારત વ્યસ્ત રહે છે. હાલમાં તો યુદ્ધવિરામ થયો છે, જે એક સારી વાત છે, પરંતુ અમેરિકાની આ ગેરસમજણથી લાંબા ગાળાની શાંતિ સ્થાપિત કરવી મુશ્કેલ લાગી રહી છે. અમેરિકાએ દક્ષિણ એશિયાની સંવેદનશીલ પરિસ્થિતિને વધુ સારી રીતે સમજવાની જરૂર છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### આજી ન્યારી...

૧૬૦૮ એમસીએફટી પાણી સૌની યોજના અંતર્ગત ઠાલવવામાં આવ્યું છે. હાલ આજી-૧ ડેમનું લેવલ ૨૨.૯૦ ફૂટ છે. ડેમ ૨૯ ફૂટે ઓવરફ્લો થાય છે. ડેમમાં કુલ ૫૪૫ એમસીએફટી પાણી સંગ્રહિત છે. જ્યારે ન્યારી ડેમનું લેવલ ૧૮.૭૦ ફૂટ છે અને ડેમમાં ૬૩૮ એમસીએફટી પાણી સંગ્રહિત છે. જૂનના બીજા સપ્તાહમાં એટલે કે ૧૫ જૂન આસપાસ ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ જતું હોય છે. પરંતુ જળાશયોમાં સંતોષકારક પાણીની આવક જુલાઈ માસના અંતમાં થતી હોય છે. જો ચોમાસામાં વરસાદ ખેંચાય અને જળાશયોમાં પાણીની આવક ન થાય તો શહેરીજનોએ પીવાના પાણીની હાડમારી વેઠવી ન પડે તે માટે કોર્પોરેશન દ્વારા ગઈકાલે જ સૌની યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને એક પત્ર લખવામાં આવ્યો છે. જેમાં શહેરની જળ જરૂરિયાત સંતોષતા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં જૂન માસના પ્રથમ સપ્તાહમાં બાકી રહેતા ૮૯૨ એમસીએફટી નર્મદાના નીર ઠાલવવાની માંગણી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે-જ્યારે કોર્પોરેશન દ્વારા સિંચાઈ વિભાગ પાસે નર્મદાના નીરની માંગણી કરવામાં આવે છે ત્યારે સિંચાઈ વિભાગ પણ વર્ષોથી બાકી રહેતી ઉઘરાણી કાઢે છે. કોર્પોરેશન પાસે બાકી નીકળતા ૧૯૩ કરોડની ચુકવણી વહેલી તકે કરવાનો પત્ર પણ લખવામાં આવ્યો હોવાનું ઈજનેરી સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. જો કે, પૈસા ન ચુકવવામાં આવે તો પણ ક્યારેય પાણી બંધ કરવામાં આવતું નથી.

#### હાઈરાઈઝ બિલ્ડીંગો...

એપાર્ટમેન્ટના ફ્લેટ ધારકોની જરૂરિયાત મુજબ હાલમાં અપાયેલ સંપ કનેક્શનમાં વધારો થઈ શકે તેવો નિયમ અમલમાં મુકવાની તૈયારીઓ આરંભી છે. જેની ટુંક સમયમાં જાહેરાત કરવામાં આવશે અને એસોસીએશન દ્વારા અરજી કર્યા બાદ સ્થળ તપાસના અંતે વધારાનું નળ કનેક્શન મળશે.

(ચોથા પાનાનું ચાલુ)

### શ્રી રાજ સ્કૂલ

હતી. જેમાં તેમણે એક વધુ સિદ્ધિ હાંસલ કરતાં ધોરણ ૧૦માં ગુજરાત બોર્ડની લેવાયેલી પરીક્ષામાં ૯૯.૯૯ પી.આર મેળવી અને બોર્ડ માં ૬૦૦ માથી ૫૯૫ ગુણ મેળવી સમગ્ર રાજકોટ જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને તેના આ પરિણામે પોતાની સાથોસાથ શાળા તથા સમગ્ર રાજકોટ જીલ્લામાં ચાર વિષય માં ૧૦૦ માથી ૧૦૦ મેળવી ઈતિહાસ રચ્યો હતો.શાળાના અન્ય વિદ્યાર્થીઓના પરિણામો જોઈએ તો દરજી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા દિનેશભાઈ લીંબડના પુત્ર સોહને ૬૦૦ માથી ૫૯૨ ગુણ મેળવી ૯૯.૯૯ પી.આર મેળવ્યા હતા.અંબિકા પાર્કમાં ભાડાના મકાન માં રહેતા અને મજૂરીનું કામ કરતા પિયુષભાઈ માલાણીના પુત્રી ધ્રુવી કે જેમને ૬૦૦ માંથી ૫૯૧ ગુણ સાથે ૯૯.૯૯ પી.આર મેળવ્યા હતા.ગામડે રહી ખેતી કરી અને બહુ ઓછું ભણેલા આમ કહીયે તો અભણ એવું કહીયે તો પણ ચાલે એવા દિનેશભાઈ કાકડીયાના પુત્ર પ્રિયેશે પણ અથાગ મહેનત કરી ૬૦૦ માથી ૫૯૧ ગુણ સાથે ૯૯.૯૯ પી.આર મેળવ્યા હતા.કરિયાણાની દુકાન ચલાવતા હરેશભાઈ ઢોલરીયા ના પુત્ર મનન પણ ૬૦૦ માથી ૫૯૧ ગુણ સાથે ૯૯.૯૯ પી.આર મેળવ્યા હતા. રાજ સ્કૂલ આવી જ રીતે સફળતાના નવા શિખરો સર કરે તેવી વિદ્યાર્થીઓથી શુભેચ્છાવર્ષા વરસી રહી છે. પ્લે હાઉસ થી ધો. ૧૨ (સાયન્સ/કોમર્સ) મધુવન પાર્ક, સમર્પણ પાર્ટીપ્લોટની બાજુમાં, કુવાડવા રોડ, રાજકોટ ખાતે આવેલી શ્રી રાજ સ્કૂલનો મો. : ૦૨૬૫૭ ૬૩૬૩૦ ૫૨ સંપર્ક શાધી શકાશે.

#### કોન્ક્રીટ ડિઝાઈન

તૈયાર કરે છે. મારવાડી યુનિવર્સિટી ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તા માટે, શ્રેષ્ઠ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર માટે, તેમજ સ્ટુડન્ટ સેન્ટ્રીક અને સપોર્ટિવ પ્રેક્ટિસિસ માટે આજે દેશ અને વિદેશ માં પોતાની આગવી ઓળખ ધરાવે છે.

જેથી આ વિભાગ માં ૬૦ થી ૮૦% જેટલો પ્લેસમેન્ટ રેશિયો જોવા મળીરહ્યો છે. અહીંના સ્ટાર્ટ અપ સેંટર દ્વારા બિઝનેસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ને રેજીસ્ટ્રેશન, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને પેટન્ટ મેળવવા સુધીનો તમામ સપોર્ટ અપાય છે.

#### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

સમગ્ર વેલનોન કોલેજ અને તેના પ્રિન્સિપાલ ગૌરવસર નિમાવત અને વિમલસર,નિકીતા મેડમ, સ્નેહલ મેડમ, અજના મેડમ, હેતલ મેડમ એ આ વિદ્યાર્થીઓના પરિવારને અને બધા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા છે. અને આ સાથે મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ આ સફળતા પાછળનો તમામ શ્રેય સંસ્થાને અને તેમના પ્રોફેસરો ને આપેલો.

પાના નં. ૧૧નુ ચાલુ

### મુખ્યમંત્રીના હસ્તે

પોલીસ સ્ટેશનમાં પોતે કરેલી ફરિયાદની તપાસ અને તેની પ્રગતિની જાણકારીનો મુદ્દો છે. છેલ્લા બે વર્ષમાં લોકોની આ સમસ્યાને અમે અનુભવી છે અને તેને આધારે હવે ફરિયાદીને ઘરે બેઠા પોતાના મોબાઈલ પર જ એફઆઈઆરપંચનામુ, આરોપી અટકાયત અને ચાર્જશીટ જેવી વિગતો એસએમએસ મારફતે સમયસર મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. તેના માટે આઈ-પ્રગતિ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. સંઘવીએ વધુમાં કહ્યું કે, ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે જેને સાયબર ક્રાઈમ સંબંધિત લીધેલા સિટીઝન સેન્ટ્રીક નિર્ણયો થકી અન્ય રાજ્યોને પ્રેરણા આપી છે.

ગુજરાત પોલીસે ઐતિહાસિક સવા બે લાખથી વધુ બેંક એકાઉન્ટ તો અનફ્રીઝ કર્યા જ છે, સાથે સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં એક એવી પોલિસી બનાવી કે રૂ.૫ લાખથી વધુ રકમની ઠગાઈ અથવા ૪થી વધુ ફરિયાદ દાખલ થઈ હોય તેવા એકાઉન્ટ જ ફ્રીઝ કરવા. સામાન્ય નાગરિકોની મૂડી ફસાઈ ન જાય તેની તકેદારી રાખી આ નિર્ણય લીધો હતો. હવે રૂપિયા અનફ્રીઝ કરવાની આ પ્રક્રિયામાં વધુ સરળતા લાવવા ખાસ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. તે ઉપરાંત સાયબર ક્રાઈમ થકી નાગરિકોએ ગુમાવેલા પૈસા સરળતાથી પરત મેળવી શકે તે માટે પણ સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ નાગરિકોની સેવામાં મૂકવામાં આવ્યું છે. આ તમામ પોર્ટલ ભવિષ્યમાં ગુજરાત પોલીસના એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવા પણ કામગીરી પ્રક્રિયા હેઠળ છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### સ્લમ વિસ્તારમાં આંગણવાડી

વેઈટમાં આવતા બાળકોની સમીક્ષા કરવામાં આવી. ૧૫ બાળકોની વજન અને ઊંચાઈ કરી અને પોષણ ટ્રેકરમાં એંટ્રી કરવામાં આવી અને વાલીઓને બાળકો માટે વિશેષ ધ્યાન આપવા માટે ખાસ તેમજ બારના ખોરાક નહીં જમાડવા અને ઘરનો તેમજ આંગણવાડીમાંથી મળતા પોષણ મૂલ્ય ખોરાકનો વિશેષ ઉપયોગ કરવા માટે સમજણ આપવામાં આવેલ હતી. સ્લમ વિસ્તારમાં વાલીઓમાં વ્યસનની કુટેવો દુર કરવા અને વ્યસનમુક્તિ બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ બાળકોને પોષણક્ષમ આહાર આપવા અને આંગણવાડીમાંથી મળતા લાભો વિષે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મોદી-શહેનશાહની 'શાહી' સવારી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની ગુજરાતની મૂલાકાત પક્ષની દ્રષ્ટિએ પણ ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કારણ કે પ્રદેશ ભાજપના વર્તમાન અધ્યક્ષ સી.આર. પાટીલના સ્થાને નવા પ્રમુખની નિયુકતી છેલ્લા ઘણા સમયથી અટકેલી પડી છે. છેલ્લા એક વર્ષથી મંત્રી મંડળના વિસ્તરણની વાતો ચાલી રહી છે. પરંતુ એકયા બીજા કારણોસર મંત્રી મંડળનું વિસ્તરણ થઈ શકતુ નથી. સરકાર અને સંગઠન માટે પણ મોદી-શાહની ગુજરાતની મૂલાકાત મહત્વની બની રહેશે. એવી પણ શકયતા હાલ દેખાય રહી છે. કે ચાલુ માસના અંત સુધીમાં ભાજપ હાઈકમાન્ડ દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષના નામની ઘોષણા કરી દેવામાં આવશે. જૂન માસમાં મંત્રી મંડળનું વિસ્તરણ કરી દેવામાં આવશે.

#### સૂર્યનારાયણ ફરી 'ધગ્યાં'

વલસાડ, મહિસાગર, રાજકોટ, અમરેલી અને ભાવનગર જિલ્લાના અમુક વિસ્તારોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. અમુક સ્થળોએ ૪૦ થી ૫૦ કી.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની પણ શકયતા વ્યકત કરવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૧ તાલુકામાં વરસાદ પડયો છે. સૌથી વધુ વરસાદ સાંબરકાંઠા જિલ્લાના પોશીનામાં ૨૩ મી.મી. વરસી ગયો છે. આ ઉપરાંત ઉમરગામમાં ૨૧ મીમી, દાહોદમાં ૧૯ મીમી, ઝાપોદમાં ૧૮ મીમી, વિજયનગરમાં ૯ મીમી, વછઈમાં ૭ મીમી, ગઢડામાં ૪ મીમી, ડાંગ આટવામાં ૩ મીમી, બોટાદમાં ૩ મીમી, સુબીર અને રાણપુરમાં ૧-૧ મીમી વરસાદ પડયો છે.

કમોસમી વરસાદની આગાહી વચ્ચે બુધવારે રાજયભરમાં ગરમીનું જોર વધ્યું હતું. ત્રણ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી જવા પામ્યો હતો. સુરેન્દ્રનગર ૪૦.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત રાજકોટનું તાપમાન ૪૦.૬ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૩.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૯ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૩ ડિગ્રી, દિવનું તાપમાન ૩૩ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૬.૬ ડિગ્રી, ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું તાપમાન ૩૯.૧ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૪ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૮.૯ ડિગ્રી, દક્ષિણ ગુજરાતમાં વડોદરાનું તાપમાન ૩૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, કચ્છમાં ભુજનું ૩૮.૩ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૮ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું છે.આગામી બે દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી આપવામાં આવી છે. સવારથી એકપણ તાલુકામા વરસાદના વાવડ નથી. બપોર બાદ મેઘાવી માહોલ જામે તેવી શકયતા દેખાય રહી છે.

#### ૬૪ જળાશયોનું પાણી

રાજ્યના સરદાર સરોવર ડેમ સહિતના કુલ ૨૦૭ જળાશયોમાં પણ કુલ ૪,૩૯,૧૨૯ MCFT જેટલુ પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૬ ટકા જેટલું વધુ છે.પ્રવક્તા મંત્રી એ કહ્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫,૭૨૦ ગામોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨ ગામો ભૂગર્ભ જળ આધારીત યોજનાઓથી પીવા માટેનું પાણી મેળવી રહ્યા છે.

આ ગામોને પણ જુથ યોજનામાં આવરી લેવા માટેના કામો હાલ પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્યના તમામ ૧૮,૧૫૨ ગામોને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મળી રહ્યું છે. પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા મોટા ભાગના ડેમોમાં ૧૫ જુલાઈ, ૨૦૨૫ સુધી પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના દરેક જળાશયમાં પીવાના પાણી માટેનો જથ્થો અનામત રાખ્યા બાદ બાકીના પાણીના જથ્થાનો વપરાશ સિંચાઈ માટે કરવામાં આવે છે.

## રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્શ્યોરન્સના નફામાં ૨૫ ટકાનો વધારો

**અબતક, રાજકોટ**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આરએનએલઆઈસીનો પ્રોફિટ બિફોર ટેક્સ (પીબીટી) રૂ. ૨૪૭ કરોડ નોંધાયો છે, જે અગાઉના વર્ષના રૂ. ૧૯૮ કરોડની તુલનામાં ૨૫ ટકાની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. કંપનીની એસેટ અન્ડર મેનેજમેન્ટ રૂ. ૩૮,૭૨૫ કરોડ થઈ છે, જે વાર્ષિક ધોરણે ૯ ટકાની વૃદ્ધિ સૂચવે છે. ન્યૂ બિઝનેસ પ્રીમિયમ (એનબીપી) વધીને રૂ. ૧,૨૪૫ કરોડ અને કુલ પ્રીમિયમ વધીને રૂ. ૫,૭૧૧ કરોડ થયું છે, જે સ્થિર વ્યવસાયિક કામગીરી પ્રદર્શિત કરે છે.

કંપનીએ ૨૩૫ ટકાનો મજબૂત સોલવન્સી રેશિયો જાળવી રાખ્યો છે, જે નિયામકીય જરૂરિયાતો કરતાં વધુ છે. આ મજબૂત બેલેન્સ શીટ અને સમજદારીપૂર્વક મૂડી આયોજન દર્શાવે છે. લાંબાગાળાની કટીબદ્ધતાને મજબૂત કરતાં આરએનએલઆઈસીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેના પાર્ટિસિપેટિંગ પોલિસીધારકો માટે બોનસની જાહેરાત કરતાં રૂ. ૩૫૧ કરોડનું વિતરણ કર્યું છે, જેનાથી કંપનીના ૫.૨ લાખ ગ્રાહકોને લાભ થયો છે. સતત ૨૪માં વર્ષે બોનસની જાહેરાત આરએનએલઆઈસીની તેના ગ્રાકો માટે લાંબાગાળે મૂલ્ય સર્જન અને નાણાકીય સુરક્ષાની ખાતરીને સપોર્ટ કરે છે.

કંપનીનું એમ્બેડેડ મૂલ્ય વધીને રૂ. ૭,૩૯૭ કરોડ થયું છે, જે ગત નાણાકીય વર્ષના રૂ. ૬,૮૮૫ કરોડથી વધુ છે. તે સાતત્યપૂર્ણ વ્યવસાયિક પ્રદર્શન અને સંચાલકીય કાર્યક્ષમતા દર્શાવે છે.

### સરકારી કર્મચારીઓ-પેન્શન

મળવાપાત્ર રહેશે. અત્રે નોંધનીય છે કે, હાલ પીએમજેએવાય-મા યોજના હેઠળ રાજ્યમાં કુલ ૨,૬૫૮ હોસ્પિટલો (ખાનગી: ૯૦૪, સરકારી: ૧૭૫૪) સંકળાયેલ છે.જેમાં ૨,૪૭૧ નિયત કરેલ પ્રોસીજરની સારવાર આવરી લેવામાં આવી છે. રાજ્યમાં ફરજ બજાવતાં ઓલ ઈન્ડિયા - સર્વિસીસના અધિકારીઓ તથા પેન્શનરો, રાજય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને તેમનાં આશ્રિત કુટુંબીજનોને તેમજ જે કર્મચારીઓને ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે તે તમામને આ યોજનાનો લાભ મળશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી અંદાજે ૪.૨૦ લાખ અધિકારી-કર્મચારીઓ અને અંદાજે ૨.૨૦ લાખ પેન્શનર્સ મળી કુલ ૬.૪૦ લાખ કર્મયોગીઓને આરોગ્ય સેવા-સુવિધાઓનો લાભ આ યોજના હેઠળ મળશે. ફીક્સ-પે કર્મચારીઓને હાલ કર્મયોગી કાર્ડ અંતર્ગત લાભ મળી રહ્યો છે. ૭૦ વર્ષથી વધુ ઉમરના પેન્શનર્સને હાલ તાજેતરમાં શરૂ કરાયેલ વયવંદના યોજનામાં લાભ મળતો હોવાથી આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં. આ યોજના અંતર્ગત રૂ. ૩૦૩.૩ કરોડ પ્રીમીયમનું ભારણ રાજ્ય સરકાર પર આવશે. આ કાર્ડ હેઠળ સારવાર માટે રાજ્ય સરકાર ૩૭૦૮/- રૂ. વાર્ષિક પ્રતિ કુટુંબ દીઠ પ્રિમિયમ ચૂકવશે.

#### મગની ટેકાના ભાવ

વીસીઈ મારફતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે. આ નોધણી માટે ખેડૂતોએ કોઈ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહી.રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** અમિતભાઈ પ્રફુલભાઈ રાણપરા તે પ્રફુલભાઈ છબીલદાસ રાણપરાના પુત્ર, દિનેશભાઈ, હરેશભાઈ રાણપરાના ભત્રીજાનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને ગુરુવારના રોજ બપોહે ૩ થી ૫ દરમિયાન વાઘેશ્વરી વાડી, વિભાગ નં.૩, રામનાથપરા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** પ્રવિણભાઈ મનુભાઈ ચુડાસમા (પી.એમ. ઓટો ગેરેજ, ૨-દિવાનપરા) તે સ્વ. હસમુખભાઈ, સ્વ. ભાનુબેન એસ. બગથરીયાના નાના ભાઈ, રંજનબેન ભગવતભાઈ સોલંકી, કિશોરભાઈ (વિનાયક ટ્રાન્સપોર્ટ) ના મોટાભાઈ, નિમેષભાઈ, મિતલબેન વિજયભાઈ ભટ્ટીના પિતા, બગથરીયા કિરણભાઈ દુર્લભજીભાઈ (કોલીથડ વાળા)ના બનેવી, મેહુલભાઈ હસમુખભાઈ ચુડાસમાના કાકા, શૌર્ય, સુર્વીના દાદાનું તા. ૧૨ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૬ ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન ઈન્દ્રદેવ મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી કસ્તુરબા સ્કુલ બાજુમાં, ૮૦ ફુટ રોડ, અલંકાર ટેઈલર્સ વાળી શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સરોજબેન પાનાચંદભાઈ જાંબુડીયા (ઉ.વ.૮૫) તે પાનાચંદભાઈ જાંબુડીયા (જસાપરવાળા) ના પત્ની, સ્વ. અમૃતલાલ ઝવેરચંદ દેસાઈ (કલકતાવાળા) ના દીકરી, કેતનભાઈ, મયુરભાઈના માતા, ભાવિતાબેનના સાસુમાં, વૈભવના દાદીમાનું તા. ૧૪ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૬ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સરદારનગર સ્થાનકવાસી જૈન ઉપાશ્રય ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ પાંચપીપળા નિવાસી હાલ રાજકોટ સ્વ. મનસુખભાઈ ભૂદેવભાઈ પંડ્યાના પુત્ર ભરતભાઈ (ઉ.વ. ૬૭) તે રમાશંકરભાઈ અને ડો. ભુપતભાઈના ભત્રીજા, તે બીપીનભાઈ, ભાવેશભાઈ અને રાજેશભાઈના વડિલ બંધુ તે હાર્દિકભાઈના પિતાશ્રી, તે સ્વ. સુરેશભાઈ ભાઈશંકર જોષીના જમાઈનું આજે તારીખ ૧૫/ ૫/ ૨૦૨૫ ગુરૂવારના અવસાન થયેલ છે, સ્વર્ગસ્થની સ્મશાન યાત્રા આજે તા. ૧૫/૫ના ગુરુવારે સાંજે ૫:૦૦ કલાકે તેમના નિવાસસ્થાન સંતોક ભુવન, પર્ણકુટી સોસાયટી શેરી નંબર ૭, રાજનગર ચોક, રાજકોટથી નાના મવા સ્મશાન ગૃહ જશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રોજનું એક સફરજન કેન્સરને જોજનો દુર રાખી દેશે!

## સફરજનની છાલમાં મળતા ટ્રાઈટરપેનોઈડ્સ અને અન્ય ઘણા સંયોજનો કેન્સર કોષને અટકાવે છે

**અબતક, રાજકોટ**

આપણે બધાએ સાંભળ્યું છે કે દરરોજ એક સફરજન, ડોક્ટરને દૂર રાખે છે! પરંતુ ફક્ત ડોક્ટર જ નહીં, એક સફરજન કેન્સર જેવા ખતરનાક રોગને પણ દૂર રાખી શકે છે. તો વીચારો, શું તમારા આહારમાં સફરજનનો સમાવેશ થાય છે? જો નહીં, તો કદાચ તેમાં ઉમેરવાનો સમય આવી ગયો છે, કારણ કે સફરજન ખરેખર તમને હોસ્પિટલના ખર્ચથી બચાવી શકે છે.

સફરજન ખાવાના અઢળક ફાયદાઓ સાથે, કેટલાક અભ્યાસોમાં હવે તેના કેન્સર વિરોધી ગુણધર્મો અંગે પણ સ્પષ્ટતા થઈ છે. સફરજનમાં જોવા મળતા કેટલાક સંયોજનો કેન્સર કોષો સામે લડી શકે છે.

કોર્નેલ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા ૨૦૦૭ માં કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે સફરજનની છાલમાં જોવા મળતા ટ્રાઈટરપેનોઈડ્સ અને અન્ય ઘણા સંયોજનો કેન્સર કોષ એટલે સેલ્સને અટકાવે છે અથવા મારી નાખે છે.

કોર્નેલના ફૂડ સાયન્સના એસોસિયેટ પ્રોફેસર અને અભ્યાસના લેખક રુઈ હૈ લિયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘‘અમે જોયું કે ઘણા સંયોજનો લીવર, કોલોન અને સ્તન કેન્સરના કોષો સામે શક્તિશાળી એન્ટિ-પ્રોલિફેરેટિવ ગુણધર્મો ધરાવે છે. અગાઉ તેમણે શોધી કાઢ્યું હતું કે સફરજન અને અન્ય ખોરાકમાં જોવા મળતા ફાયટોકેમિકલ્સ નામના ઘણા સંયોજનો, મુખ્યત્વે ફ્લેવોનોઈડ્સ અને ફિનોલિક એસિડ, માનવ સ્તન કેન્સર કોષોમાં ગાંઠના વિકાસને અટકાવવા સહિત કેન્સર વિરોધી ગુણધર્મો ધરાવે છે.

જર્મની, હવાઈ યુનિવર્સિટી અને સધર્ન કેલિફોર્નિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન અને ડુંગળીમાં કુદરતી રીતે જોવા મળતું ફ્લેવોનોલ ક્વેર્સેટિન સ્વાદુપિંડ એટલે કે પેન્ક્રિએટીક કેન્સરના જોખમને રોકવા અને ઘટાડવામાં ફાયદાકારક છે. ૨૦૧૬ ના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફ્લેવોનોઈડ્સની હાજરીને કારણે દરરોજ એક સફરજન કેન્સરના જોખમોને ઘટાડી શકે છે. એડિથ કોવાન યુનિવર્સિટીના સંશોધકો દ્વારા ૨૦૧૯ ના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન અને ચા જેવી ફલેવોનોઈડથી ભરપૂર વસ્તુઓનું સેવન કેન્સર અને હૃદય રોગ સામે રક્ષણ



આપે છે, ખાસ કરીને ધૂમ્રપાન કરનારાઓ અને વધુ પડતા દારૂ પીનારાઓ માટે. અભ્યાસમાં જાણવા મળ્યું કે જેમણે દરરોજ કુલ ૫૦૦ મિલિગ્રામ ફ્લેવોનોઈડ્સનું સેવન કર્યું હતું તેમને કેન્સર અથવા હૃદય રોગ સંબંધિત મૃત્યુનું જોખમ સૌથી ઓછું હતું.

સંશોધક ડો. નિકોલા બોન્ડોનોએ જણાવ્યું હતું કે એક કપ ચા, એક સફરજન, એક નારંગી, ૧૦૦ ગ્રામ બ્લુબેરી અને ૧૦૦ ગ્રામ બ્રોકોલી ફ્લેવોનોઈડ સંયોજનોની વિશાળ શ્રેણી અને કુલ ૫૦૦ મિલિગ્રામથી વધુ ફ્લેવોનોઈડ્સ પ્રદાન કરશે. ટ્રાઈટરપેનોઈડ્સ, જે મુખ્યત્વે સફરજનની છાલમાં હાજર હોય છે, તેમાં નોંધપાત્ર કીમોપ્રિવેન્ટિવ અને કીમો-રક્ષણાત્મક અસરો હોય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ‘‘સફરજનના ફાયટોકેમિકલ્સ ઘણી ફાયદાકારક સ્વાસ્થ્ય અસરો પ્રદાન કરે છે અને કેન્સરમાં નિવારક સાધન તરીકે કામ કરી શકે છે.તો જ્યારે તમારા ઘરે સફરજન હોય ત્યારે સારવાર માટે શા માટે જવું? દરરોજ એક સફરજન ખાઓ, કેન્સરના કોષોને દૂર રાખો !

# સુચિત સોસાયટીમાં દસ્તાવેજીકરણની પ્રક્રિયા વધુ સરળ બનાવવા પર મંથન

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શહેરોના પછાત વિસ્તારોમાં આવેલ સૂચિત સોસાયટીઓના દસ્તાવેજીકરણમાં આવી રહેલી અડચણોને દૂર કરવા તથા આ પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને લોકોને સુલભ બનાવવાના હેતુથી ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા અને રાજ્ય મંત્રી જગદીશભાઈ પંચાલ, મહેસૂલ સચિવ તથા સંબંધિત અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં દસ્તાવેજીકરણની હાલની પ્રક્રિયાને સરળ બનાવવા, જરૂરી કાયદાકીય સુધારા કરવા તથા વિકાસના મુખ્ય પ્રવાહમાં પછાત વિસ્તારોના નાગરિકોને લાવવા માટે શક્ય તેટલા સંવેદનશીલ અને



જનહિતના નિર્ણયો લેવા અંગે ચર્ચા થઈ હતી. રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, શહેરોના પછાત વિસ્તારોમાં આવેલી એવી સૂચિત સોસાયટીઓના નાગરિકોને, જેઓ વર્ષો સુધી પોતાનું રહેઠાણ હોવા છતાં દસ્તાવેજી માલિકી મેળવવામાં અક્ષમ રહ્યા છે, તેમને માટે દસ્તાવેજીકરણની પ્રક્રિયા સરળ બનશે. આ નિર્ણયથી નાગરિકો પોતાના મિલકતના અધિકાર સાથે નાણાકીય, શૈક્ષણિક તથા અન્ય કાયદાકીય લાભો પ્રાપ્ત કરી શકશે. સાથે સાથે પછાત વિસ્તારોનો નકશો પણ શહેરના મુખ્ય ધારા સાથે સંકળાઈ શકશે, જે રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# જડેશ્વર સોસાયટીમાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહુર્ત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં જડેશ્વર પાર્ક સોસાયટી કોમન પ્લોટમાં રૂ.૭ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે અને મેયર નયનાબેન પેઢડીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.



આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, પૂર્વ મેયર અને વોર્ડ નં.૧૨ કોર્પોરેટર ડો. પ્રદીપ ડવ, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠિયા, મિતલબેન ચેતનભાઈ લાઠીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, વોર્ડ નં.૧૨ પ્રમુખ જયેશભાઈ પંડયા, કિશનભાઈ ટીલવા, કિરણબેન હરસોડા, મનસુખભાઈ વેકરીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, અગ્રણી મૌલીકભાઈ દેલવાડિયા, પ્રતાપભાઈ વ્યાસ પરેશભાઈ રાદડિયા, રશ્મિબેન પટેલ, હંસાબેન ધમ્મર, દીલીપભાઈ કોટડીયા, કિશોરભાઈ પરમાર, જય ગજજર, રામભાઈ રામાનુજ, મનુભાઈ રાવત, મિતુલ રૈયાણી, જિગ્નેશભાઈ લાઠીયા, કાજલબેન બુટાની, મેઘનાબેન હિરપરા, મફાભાઈ અલગોતર સ્થાનિક કાંતિભાઈ ચાવડા, પ્રવિણભાઈ ભૂત, સંજયભાઈ કેરડીયા, અલ્પેશભાઈ મારડિયા, હરેશભાઈ ગજેરા, જગદીશભાઈ કથીરિયા, મુકેશભાઈ ફાચરા, જયેશભાઈ રાવલ, લલિતભાઈ બારસિયા, જયદીપભાઈ વેકરીયા, ધરમહભાઈ વેકરીયા, અશ્વિનભાઈ બોરડ, શરદાબેન ચાવડા, ઈલાબેન મારડિયા, રશિલાબેન ગજેરા, મનિશાબેન, ચંદ્રિકાબેન, કંચનબેન, નિતાબેન, વિપુલભાઈ ધીયાડ, વિપુલભાઈ બાવડિયા, વીપુલભાઈ, શૈલેશભાઈ, રમેશભાઈ, મગનભાઈ, રાજેશભાઈ વગેરે ઉપસ્થિત રહેલ.

# ભરૂચના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી: આરોપીની અટકાયત

## આરોપીએ તેના ભાઈઓ સાથેના વિવાદમાં ફોન કરીને ખોટી માહિતી આપવાનો ગુનો કર્યો

**અબતક, રાજકોટ**

ભરૂચ શહેરમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી મળતાં ચકચાર મચી ગઈ છે. ભરૂચ પોલીસ કંટ્રોલરૂમને બેવાર કોલ કરીને આ ધમકી આપવામાં આવી હતી. આ ઘટનાને ગંભીરતાથી લેતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. ધમકીના કોલ બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી અને એક વ્યક્તિની અટકાયત કરી છે. આરોપીએ તેના ભાઈઓ સાથેના વિવાદમાં ફોન કરીને ખોટી માહિતી આપવાનો ગુનો કર્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, આ કોલ દહેજ બાયપાસ રોડ પરથી કરવામાં આવ્યો હતો. પોલીસે તેની સામે ભરૂચ શહેર ‘‘સી‘‘ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બી એન એસ કલમ ૨૧૭ અને ૩૫૩ (૨) હેઠળ ગુનો નોંધ્યો છે. ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ખોટી ધમકી આપનાર યુવકને પોલીસે ઝડપી પાડી તેના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે. મળતી માહિતી અનુસાર આરોપી યુવકે પોતાના પરિવાર સાથેના વિવાદને લઈને ખોટી માહિતી આપી હતી. જેને ગંભીરતાથી લેતા પોલીસ તંત્રએ તાત્કાલિક તપાસ આરંભી હતી. મહત્વનું છે કે, હાલ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવના પગલે રાજ્ય પોલીસ તંત્રે ખાસ સતર્કતા અપનાવી છે. ભરૂચના એસ.પી.મયુર ચાવડા તાકીદ કરવામાં આવી હતી કે કોઈ પણ ખોટી, ઉશ્કેરણીજનક કે ભય પેદા કરતી માહિતી આપનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

# એ.એસ.આઈની સમજાવટથી દિવંગત સેલ્સમેનના ચક્ષુઓનું દાન કરતા પરિવારજનો

## મહાવીરનગરના સેલ્સમેન માટે હૃદય રોગનો હુમલો પ્રાણઘાતક નિવડ્યો

**અબતક, રાજકોટ**

જીવતે જીવ રક્તદાન.. મૃત્યુ પછી નું ચક્ષુદાન અમૂલ્ય દાન અનેમાનવસેવા ગણાય છે શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ની હદમાં મહાવીર નગર શેરી નંબર ૩માં રહેતા સાડીનાયુવા સેલ્સમેનનું આજે સવારે ઘરે હૃદય રોગના હુમલા બાદ બેભાન અવસ્થામાં મૃત્યુ બાદ રાજકોટ હોસ્પિટલ ચોકીના એએસઆઈ રામસીભાઈ વરુ ની સમજાવટથી પરિવારજનોએ ચક્ષુદાન કર્યું હતું.

ગાંધીગ્રામ મા મહાવીર નગર શેરી નંબર ત્રણ હઠીલા હનુમાન મંદિર નજીક રહેતા સેલ્સમેન હરેશભાઈ ચંદુભાઈ ચૌહાણ ૪૫ આજે સવારે નિત્ય ક્રમ મુજબ ૭: વાગે સાડી નું સેલ કરવા ફિલ્ડમાં જવાની તૈયારી કરતા હતા ત્યાં અચાનક છાતીમાં દુખાવા સાથે બેભાન થઈ ગયા હતા, બેભાન હાલતમાં હરેશભાઈ ને સિવિલમાં દાખલ કરવામાં આવતા તબીબોએ મૃત જાહેર કર્યા હતા. અચાનક હરેશભાઈ ના મોતના પગલે પરિવાર માં આક્રંદ છવાઈ ગયું હતું, આ કપરી ઘડીમાં હોસ્પિટલ ચોકીના એએસઆઈ રામસિંહભાઈ જે વરુ એ હરેશભાઈ ચૌહાણ ને ખરા અર્થમાં સ્મૃતિ અને માનવ સેવામાં ચિરંજીવી બનાવવા ચક્ષુદાન કરવાની સલાહ આપી હતી, રામસિંભાઈ વરૂ નિ સલાહ ને પગલે પરિવારે ચક્ષુદાન કર્યું હતું. આમ વ્યવસાય સેલ્સમેન હરેશભાઈ નું જીવન થંભી જવા પામ્યું છે પરંતુ તેમની જીવનયાત્રા અન્યના જીવનમાં આખો ની રોશનીથકી ચાલુ રહેશે. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરુ ચક્ષુદાન, અંગદાન અને દેહદાનની જાગૃતિ માટે અસરકારક કામગીરી કરી માનવસેવા ના નિમિત બને છે

# જૂનિયર કલાર્કની પરીક્ષાની આન્સર કી કોર્પોરેશનની વેબસાઈટ પર મૂકાય

## ઉમેદવારો ૨૩મી સુધીમાં વાંધા સુચનો રજૂ કરી શકશે

**અબતક, રાજકોટ**


રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલી જુનિયર કલાર્ક સંવર્ગની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. તેમજ તા.૨૩ સુધીમાં વાંધા સુચનો મંગાવવામાં આવેલ છે. બાદમાં આજે જુનિયર કલાર્ક સંવર્ગની લેખિત પરીક્ષાની ઓ.એમ.આર. ડાઉનલોડ કરવા અંગેની લીંક રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.RMC.GOV.IN પર મુકવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

# જસદણની દેવાંગીને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટથી મળ્યું નવુ જીવન

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણની દેવાંગી જન્મથી જ વારંવાર બિમાર પડતી દેવાંગી એક વર્ષની થઈ ત્યારે વારંવાર લોહી ચડાવવું પડતુ. આ બાળકીને ધ ગુજરાત કેંસર રીસર્ચ ઈસ્ટીટ્યુટ અમદાવાદ હોસ્પિટલમાં વિનામૂલ્યે સમયસર બોન મેરો ટ્રાસપ્લાન્ટની વિનામુલ્યે સઘન સારવાર આપી બ્લડ કેસરની બિમારીથી નવુ જીવન મળ્યું છે.



તા.૨૯.૦૭.૨૧ના રોજ જન્મેલી દેવાંગીની વાત કરીએ તેમના પિતા રોહિતભાઈ બરવાલિયા ખેતીકામ કરતા નાના એવા મધ્યમવર્ગ પરીવારમાં જન્મેલી. તા ૨૭.૧૧.૨૩ના રોજ જસદણ તાલુકાના વિરનગર સબ સેંટરમાં મમતા દિવસે તેમના પરીવાર લાવેલ. ત્યારે દેવાંગીના પરીવાર જનોએ જણાવ્યુ કે દેવાંગીને વારંવાર લોહી ચડાવવું પડે છે. આ વાતની જાણ ફીમેલ હેલ્થ વર્કરને થતાં તેણે માઈક્રોસાયટીક હાયપોક્રોમિક એનિમિયા હોવાનું નિદાન કર્યું. આપણી આરબીએસકે ટીમ અને સીવીલ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ વિષે જણાવ્યુ અને સારવારનો તમામ ખર્ચ સરકારના આરબીએસકે કાર્યક્રમમાં સરકાર ઉઠાવશે. તા.૧૫.૦૫.૨૦૨૪ના જીસીઆરઆઈ અમદાવાદથી દેવાંગીની સારવાર શરૂ કરવામાં આવી. ત્યા દેવાંગીને બોન મેરો ટ્રાંસપ્લાટ કરવામાં આવેલ. ત્યાર બાદ દેવાંગીની ફોલોઅપ તપાસ પણ કરવામાં આવે છે. અને હાલ દેવાંગી એકદમ સ્વસ્થ છે. પિતા રોહીતભાઈ અને તેનો પરીવાર સરકારની આર.બી.એસ.કે. યોજના, આર.બી.એસ.કે. ટીમ, સીવીલ હોસ્પિટલના ડોક્ટરો અને જીસીઆરઆઈ અમદાવાદના ડોક્ટરો તથા સરકાર પ્રત્યે આભાર પ્રગટ કરે છે.

# મહિલા કોલેજ અન્ડર બ્રિજ નજીક વૃદ્ધાના ગળામાંથી રૂ.૧.૩૮ લાખની માળાની ચીલઝડપ

## સવારે નવ વાગ્યે એક્ટિવા પર બેસી પતિ સાથે કેકેવી ચોક પાસે ભત્રીજાના ઘરે જતાં વૃદ્ધાના ગળામાંથી માળા ઝુંટવી સમડી ફરાર

**અબતક, રાજકોટ**

શહેરના મહિલા કોલેજ અંડર બ્રિજ નજીક પતિ સાથે એકટીવામાં જઈ રહેલા વૃદ્ધાના ગળામાં ઝોંટ મારી સમડી ૧.૩૮ લાખની સોનાની માળા આંચકી ગયા અંગે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ, રેસકોસ પાર્કની પાછળ સ્વસ્તિક સોસાયટી શેરી નંબર - ૩ માં રહેતા લાભુબેન મનુભાઈ કોરીંગા (ઉ.વ ૭૬) નામના વૃદ્ધાએ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ આજરોજ સવારના કાલાવડ રોડ પર કે.કે.વી. ચોક પાસે રહેતા તેમના ભત્રીજા કાંતિલાલ ભગવાનજીભાઈના ઘરે બેસવા માટે પતિ મનુભાઈ સાથે એકટીવા માં જતા હતા.

દરમિયાન પોણા નવ વાગ્યા આસપાસ કાલાવડ રોડ પર મહિલા કોલેજ અંડરબ્રિજ પાસે લોહાણા સમાજ વાડી ભવાની ગોલા પાસે પહોંચતા નંબર પ્લેટ વગરના બાઈકમાં આવેલો શખસ મહિલાના ગળામાંથી સોનાની માળા આંચકી ગયો હતો. જેથી તેમના પતિએ એક્ટિવા ઊભું રાખી દીધું હતું. પરંતુ ત્યાં સુધીમાં આ શખસ નાસી ગયો હતો. આ બાબતે પોલીસને જાણ કરી હતી બાદમાં તેમણે અજાણ્યો શખ્સ ગળામાંથી રૂપિયા ૧.૩૮ લાખની કિંમતની સોનાની માળા ચીલઝડપ કરી ગયા અંગે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## મંત્રી ભૂલી ગયા કે સુરક્ષાકર્મીઓનો કોઈ ધર્મ હોતો નથી

# સોફિયા કુરેશી વિરૂધ્ધ વિવાદિત નિવેદન આપનાર મંત્રી વિજય શાહ વિરૂધ્ધ કાયદાનો ગાળિયો કસાયો

## મધ્યપ્રદેશ હાઈકોર્ટએ સૂઓ મોટો લઈ દાખલારૂપ કાર્યવાહી કરવા આદેશ આપતાં ગત રાત્રે ૧૧ વાગ્યે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ બાદ પોલીસે આખરે બુધવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ વિરુદ્ધ એફઆઈઆર નોંધાઈ હતી. તેમની વિરુદ્ધ ઈન્દોરના માનપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. મંત્રી વિજય શાહે કર્નલ સોફિયા કુરેશી પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમને આતંકવાદીઓની બહેન તરીકે વર્ણવી હતી.

મધ્યપ્રદેશ હાઈકોર્ટે તેમના નિવેદનનો સુઓમોટો લીધો હતો. જબલપુર હાઈકોર્ટના જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અનુરાધા શુક્લાની બેન્ચે ડીજીપીને આજે જ મંત્રી શાહ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ, વિજય શાહ વિરુદ્ધ કલમ ૧૫૨, ૧૯૬(૧)(બી) અને ૧૯૭(૧)(સી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે કહ્યું હતું કે, ભારતની એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકવા બદલ ગુનો નોંધો. જો એફઆઈઆર નોંધવામાં નહીં આવે તો ડીજીપી સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. હાઈકોર્ટે કહ્યું કે મંત્રી વિજય શાહનું નિવેદન સાંપ્રદાયિકતાને પ્રોત્સાહન આપી રહ્યું છે.

મધ્યપ્રદેશ સરકારના મંત્રી વિજય શાહે ભારતીય સેનાનાં કર્નલ સોફિયા કુરેશી વિરુદ્ધ વાંધાજનક નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું જે લોકોએ આપણી દીકરીઓનો સિંદૂર ઉજાડ્યો હતો, મોદીજીએ તેમની જ બહેનને મોકલીને તેમની ઐસી કી તૈસી કરી દીધી.શાહે સોમવારે ઈન્દોરના મહુના રાયકુંડા ગામમાં આયોજિત હલમા કાર્યક્રમમાં આ નિવેદન આપ્યું હતું. એનો વીડિયો મંગળવારે વાઈરલ થયો હતો. આમાં તેઓ એમ પણ કહી રહ્યા છે કે મોદી સમાજ માટે જીવે છે અને સમાજ માટે કામ કરી રહ્યા છે.

શાહે એમ પણ કહ્યું હતું કે તેઓ આપણા હિન્દુઓને કપડાં ઉતારીને મારતા હતા અને મોદીજીએ તેમની બહેનને તેમના ઘરે તેમને મારવા મોકલી હતી. હવે મોદીજી તો કપડાં ઉતારી ના શકે, તેથી તેમણે તેમના સમુદાયની એક બહેનને મોકલી કે તમે અમારી બહેનોને વિધવા બનાવી દીધી, તેથી તમારા સમુદાયની બહેન આવીને તમને નગ્ન કરશે. જાતિ અને સમુદાયની બહેનોને પાકિસ્તાન મોકલીને દેશનાં માન-સન્માન અને આપણી બહેનોના સુહાગનો બદલો લઈ શકો છો.

# પોલીસે ધોકો પછાડ્યો: શ્રમીકોની નોંધણી નહિ કરાવનાર નવ શખ્સો વિરુદ્ધ ગુનો

## ચેકીંગ ઝુંબેશ દરમિયાન ૧૦ ડમડમ હાલતમાં અને ત્રણ છરી સાથે ઝડપાયા

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ વચ્ચે સરકાર દ્વારા ઘૂષણખોરોને ખદેડી મુકવા વિશેષ અભિયાન શરૂ કરવામાં આવતા રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા સહીતના શહેરોમાંથી સેંકડોની સંખ્યામાં ગેરકાયદે ઘૂષણખોરો ઝડપાયા હતા. જે બાદ પરપ્રાંતિય શ્રમિકકોને નોકરી પર રાખતા પૂર્વે ફરજીયાત સ્થાનિક પોલીસમાં નોંધણી કરાવવાની ઝુંબેશને વેગ આપવામાં આવ્યો હતો. જે અનુસંધાને રાજકોટ શહેર પોલીસએ ચેકીંગ ઝુંબેશ હાથ ધરી નવ શખ્સોં વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જ્યારે બીજી બાજુ પોલીસે ચેકીંગ હાથ ધરી ૧૦ નબીરાઓ અને ત્રણ શખ્સોંને છરી સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

શહેર પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર પરપ્રાંતિય શ્રમિકોને નોકરી પર રાખતી વેળાએ સ્થાનિક પોલીસ મથકમાં નોંધણી કરાવવાના જાહેરનામા ભંગ બદલ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ઝુંબેશ દરમિયાન નવ શખ્સોં ઝડપાઈ આવ્યા હતા. બી ડિવિઝન પોલીસે જાહેરનામા ભંગ બદલ ત્રણ, કુવાડવા પોલીસે એક, એ ડિવિઝન પોલીસે ત્રણ, તાલુકા પોલીસે એક અને યુનિવર્સિટીએ એક મળી કુલ નવ શખ્સો વિરુદ્ધ જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

જ્યારે શહેર પોલીસે હાથ ધરેલા ચેકિંગ દરમિયાન કુલ ૧૦ શખ્સો નશાની હાલતમાં ઝડપાઈ આવ્યા હતા. જે પૈકી એકલા ભક્તિનગર પોલીસે જ ૮ નસેડીઓને પકડી પાડ્યા હતા જ્યારે બે નબીરાઓને બી ડિવિઝન પોલીસે પકડી પાડ્યા હતા. બીજી બાજુ પોલીસના ચેકિંગ દરમિયાન ગુનો કરવાના ઈરાદે છરી સાથે નીકળેલા બે શખ્સોને ગાંધીગ્રામ પોલીસે અને એકને બી ડિવિઝન પોલીસે પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

### સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાન-૨૦૪૭ અંતર્ગત

# આદિજાતિઓના આરોગ્ય સંભાળ માટે ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં સેન્ટર ઓફ કોમ્પીટેન્સીને મંજૂરી

## દક્ષિણ ગુજરાતમાં સિકલસેલ અસરગ્રસ્ત વિસ્તાર તથા આદિજાતિ સમુદાયની વસ્તી વધુ હોવાથી ન્યુ સિવિલ હોસ્પિટલ - સુરતની સેન્ટર ઓફ કોમ્પીટેન્સીની માટે પસંદગી

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે તા. ૦૧ જુલાઈ-૨૦૨૩ના રોજ શાહડોલ, મધ્યપ્રદેશથી ભારતભરમાંથી 'સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાનનો શુભારંભ થયો. આ અભિયાન હેઠળ વર્ષ-૨૦૪૭ સુધીમાં સિકલસેલ એનિમિયા નાબૂદી માટે પ્રતિબદ્ધતા નક્કી કરવામાં આવી તે અંતર્ગત સુરત ખાતે ગુજરાતના પ્રથમ 'સેન્ટર ઓફ કોમ્પીટેન્સી-ઈજ્ઞઈ'ને કેન્દ્ર સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જેમાં સિકલસેલ એનિમિયાની આધુનિક સારવાર, નિદાન અને સંપૂર્ણ નાબૂદી માટે ભારત સરકારના આરોગ્ય- પરિવાર કલ્યાણ તેમજ જનજાતિ કાર્ય મંત્રાલય દ્વારા ગુજરાતને રૂ. ૬ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે તેમ આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.આદિજાતિ મંત્રી ડિંડોરે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિજાતિઓના સ્વાસ્થ્યની સંભાળ માટે વર્ષ ૨૦૦૫-૦૬થી સિકલસેલ નિયંત્રણ માટે ગુજરાતમાં અનેક પગલાંઓ લીધા તે ઉપરાંત રક્તદાન કેન્દ્ર વલસાડ તેમજ બારડોલી ખાતે સિકલસેલ ફાઉન્ડેશન વગેરેના સહયોગથી સિકલસેલ રોગના નિયંત્રણ માટે આશાસ્પદ કામગીરી કરવામાં આવી રહી છે. સમગ્ર દેશના સિકલસેલ ગ્રસ્ત રાજ્યોમાં રોગના નિયંત્રણ માટે ત્યારે ગુજરાતમાં ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે સ્થપાનાર 'સેન્ટર ઓફ કોમ્પીટેન્સી-સીઓસી' રાજ્યમાં 'સિકલસેલ એનિમિયા' માટે પરિણામલક્ષી કામગીરી કરીને ગુજરાતમાંથી સિકલસેલ નાબૂદ કરવા માટે મહત્વપૂર્ણ સેન્ટર સાબિત થશે. ગુજરાતમાં શરૂઆતથી જ સિકલસેલ એનિમિયા વિનામૂલ્યે ટેસ્ટ કરવામાં આવે છે જેનો ખાનગીમાં અંદાજે રૂ. ૨૦૦ થી ૩૦૦નો ખર્ચ કરવો પડતો હોય છે. આ ઉપરાંત દર્દીઓને અનેક પ્રકારની સુવિધાઓ પણ આપવામાં આવે છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં ગુજરાત અન્ય રાજ્યો માટે 'મોડેલ સ્ટેટ' તરીકે ઉભરી આવ્યું છે, જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છ, આદિજાતિ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ એકબીજાના સંકલનથી આ અંગેના આયોજીત કાર્યક્રમોને પરિણામલક્ષી બનાવવા માટે સંવેદનશીલ છે. તે અંગેનો એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં સુરત ખાતે સી ઓ સી શરૂ કરવાની જવાબદારી આરોગ્ય વિભાગની સોંપવામાં આવી છે.

### સેન્ટર ઓફ કોમ્પીટેન્સીની ભૂમિકા

આ સેન્ટર આદિજાતિ નાગરિકોમાં રોગ અંગે વધુ જાગૃતિ અને આરોગ્ય ક્ષમતા નિર્માણનું કાર્ય કરશે. જેમાં પ્રથમ વર્ષે, મલ્ટિડિસિપ્લિનરી ટીમ સાથે સીઓસી ની સ્થાપનાની સાથે અત્યાધુનિક નિદાન અને સારવારના સાધનોથી સજ્જ કરવામાં આવશે. સિકલસેલ માટેના પ્રત્યેક દર્દીની નોંધ અને ફોલોઅપની એક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. હેલ્થકેર પ્રોવાઈડર્સ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં તાલીમ કેન્દ્રનું નિર્માણ કરાશે. આવશ્યતા જણાય ત્યાં આદિજાતિ સ્થાનિક બોલીઓમાં તાલીમ અને જાગૃતિ સાહિત્ય તૈયાર કરીને તેનો ઉપયોગ કરવામાં આવશે. સિકલસેલ જેવા આનુવાંશિક રોગ બાબતે રોગ નિયંત્રણાત્મક અને સારવાર સંબંધી સરકારની તેમજ ઉચ્ચ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે આ અંગે સંશોધન અભ્યાસો કરવામાં આવશે. તે અભ્યાસો આધારે આદિવાસી સમુદાયમાં જાગૃતિ, નિવારણાત્મક બાબતો તેમજ આદિજાતિ વિસ્તારોના આરોગ્યકર્મીઓને વિશેષ સમજ વિસ્તૃત કરવામાં આવશે. સિકલસેલ જેવા આનુવંશિક રોગથી આદિવાસી સમુદાયને પેઢી દર પેઢી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેનું નિવારણ લાવવામાં સીઓસી મહત્વની ભૂમિકા ભજવશે.

# પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃત્તિ માટે રાજ્યના ૧.૨૯ લાખ વિદ્યાર્થીઓ થયા ક્વોલિફાય

## માધ્યમિક માટે ૫૪ હજાર વિદ્યાર્થીમાંથી ૩૪ હજાર વિદ્યાર્થી ક્વોલિફાઈ થયા જ્યારે પ્રાથમિક માટે ૧.૯૫ લાખ વિદ્યાર્થીમાંથી ૯૪ હજાર ક્વોલિફાઈંગ ગુણ લાવવામાં સફળ રહ્યા

**અબતક, રાજકોટ**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૬ એપ્રિલના રોજ લેવામાં આવેલી પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષાનું બુધવારના રોજ પરિણામ જાહેર કરાયું છે. જેમાં ૧.૨૯ લાખ જેટલા વિદ્યાર્થીઓ ક્વોલિફાઈંગ ગુણ લાવવામાં સફળ રહ્યા હતા. પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ૧.૯૫ લાખ વિદ્યાર્થીઓમાંથી ૯૪ હજાર અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ૫૪ હજાર વિદ્યાર્થીઓમાંથી ૩૪ હજાર વિદ્યાર્થીઓ ક્વોલિફાઈંગ ગુણ લાવી શક્યા છે. આમ, બંને મળી કુલ ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓમાંથી ૧.૨૯ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા છે, જ્યારે ૧.૨૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાઈંગ ગુણ લાવી શક્યા ન હતા. આ વિદ્યાર્થીઓ પૈકી ૧૬૪ વિદ્યાર્થીઓ ૮૫ ટકા કરતા વધુ ગુણ લાવ્યા છે, જ્યારે માત્ર ૨ વિદ્યાર્થીઓ જ ૯૫ ટકા કરતા વધુ ગુણ લાવ્યા છે.

પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૬ એપ્રિલના રોજ સવારના ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા દરમિયાન લેવામાં આવી હતી. જેમાં પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે નોંધેયેલા ૨૦૭૦૪૩ વિદ્યાર્થીઓ પૈકી ૧૯૫૭૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૧૧૨૪૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે નોંધાયેલા ૬૧૯૭૧ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષા વખતે ૫૪૪૦૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૭૫૬૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

આમ, બંને મળીને કુલ ૨૬૯૦૧૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૨૫૦૧૯૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. દરમિયાન, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા બુધવારે પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. જેમાં ક્વોલિફાય થવા માટે ૩૫ ટકા લાવવા જરૂરી હતી. જેમાં પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ૯૪૭૯૧ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા છે. જ્યારે માધ્યમિકમાં ૩૪૮૧૩ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા છે. આમ, બંને મળી કુલ ૧૨૯૬૦૪ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા છે. ૫૫ ટકા કરતા વધુ ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦ હજાર, ૬૫ ટકા કરતા વધુ ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬ હજાર કરતા વધુ અને ૭૫ ટકા કરતા વધુ ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા દોઢ હજાર કરતા વધુ છે. ૮૫ ટકા કરતા વધુ માત્ર ૧૬૪ વિદ્યાર્થીઓને આવ્યા છે. જ્યારે માત્ર ૨ જ વિદ્યાર્થીઓ ૯૫ ટકા કરતા વધુ ગુણ લાવી શક્યા છે.પરીક્ષામાં ક્વોલિફાઈંગ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓ પૈકી પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિમાં તાલુકા વાઈઝ રાજ્યનો કુલ ક્વોટા ૧ હજારનો અને માધ્યમિકમાં તાલુકા વાઈઝ રાજ્યનો ક્વોટા ૨૯૦૦નો છે, જેમાં ૧૫૦૦ ગ્રામ્ય વિસ્તાર અને ૧૦૦૦ શહેરી વિસ્તાર અને ૪૦૦ ટ્રાયબલ વિસ્તારનો છે. જેથી આ સંખ્યા મુજબ મહત્તમ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને જ મેરિટ યાદીમાં સમાવવામાં આવશે.

### આરટીઈના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ન મળેલા વાલીઓ મુંઝાશો નહિ

# વાલીઓ શનિવાર સુધી શાળાની પુનઃ પસંદગી કરી શકશે

## બીજા રાઉન્ડમાં શાળાની પુનઃ પસંદગીની કાર્યવાહી આજથી શરૂ થઈઃ જો, વાલી શાળા પસંદગી કરવા માંગતા ન હોય તો તેઓની અગાઉ પસંદ કરેલી શાળાઓને જ માન્ય રાખીને બીજા રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડની કાર્યવાહી પુર્ણ થયા બાદ ૧૩૩૯૯ બેઠકો ખાલી પડી હતી. આ બેઠકો ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા બીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે. જેમાં બીજા રાઉન્ડમાં શાળાની પુનઃ પસંદગીની કાર્યવાહી આજથી શરૂ થઈ છે અને વાલીઓ શનિવાર સુધી શાળાની પુનઃ પસંદગી કરી શકશે. જો, વાલી શાળા પસંદગી કરવા માંગતા ન હોય તો તેઓની અગાઉ પસંદ કરેલી શાળાઓને જ માન્ય રાખીને બીજા રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. એક્ટ અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા પ્રમાણે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે ચાલુ વર્ષે આરટીઈ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ ૨૮ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. આરટીઈની સમગ્ર રાજ્યમાં આ વર્ષે ૯૩૮૬૦ બેઠકો હોવાથી તેમના પર પ્રવેશની ફાળવણી કરવામાં આવનાર હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૭૪ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આમ, પ્રથમ રાઉન્ડની ફાળવણી વખતે જ આરટીઈની ૭૫૮૬ બેઠકો ખાલી રહેવા પામી હતી. ત્યારબાદ જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો તેમને ૮ મે સુધીમાં સ્કૂલ પર જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો હતો. જેમાં પ્રવેશ ફાળવાયેલા ૮૬૨૭૪ વિદ્યાર્થીઓ પૈકી ૮૦૪૬૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફાળવેલ શાળાઓમાં જઈ નિયત સમયમર્યાદામાં આરટીઈ હેઠળનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. આમ, ૫૮૧૩ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હોવા છતાં તેમણે પ્રવેશ લીધો ન હતો. જેથી ફાળવણી વખતે ખાલી પડેલી ૭૫૮૬ બેઠકો અને પ્રવેશ લીધો ન હોવાના લીધે ખાલી પડેલી ૫૮૧૩ બેઠકો મળી કુલ ૧૩૩૯૯ બેઠકો ખાલી પડતા તેની પર બીજા રાઉન્ડની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓની અરજીઓ માન્ય થયેલી હોય અને આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલો નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓને આરટીઈની ખાલી જગ્યા ધરાવતી ખાનગી પ્રાથમિક શાળાઓની પુનઃ પસંદગી કરવા તક આપવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ આરટીઈ હેઠળ કરેલી અરજીમાં પસંદ કરેલી શાળાઓમાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ ગુરૂવાથી લઈને ૧૭ મે સુધીમાં આરટીઈના વેબપોર્ટલ પર જઈ શાળાઓની પુનઃ પસંદગી કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શાળાઓની પુનઃ પસંદગી કરવા ન માંગતા હોય તો તેઓ દ્વારા અગાઉ પસંદ કરેલી શાળાઓને માન્ય રાખી નિયમાનુસાર બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# જીકાસમાં EWS સહિતની કેટેગરીના છાત્રોએ જનરલમાં ફોર્મ ભરવા પડે તેવી સ્થિતિ!!

## જીકાસ દ્વારા આગામી ૧૮મી સુધીમાં રજિસ્ટ્રેશન કરવાની સૂચના જો મુદત વધારવામાં ન આવે તો વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઉભી થશે

**અબતક, રાજકોટ**

ધો.૧૨ આર્ટસ,કોમર્સ અને સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ હાલમાં સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે જીકાસમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન ની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયામાં ઈડબલ્યુએસ કેટેગરીમાં ફોર્મ ભરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ પાસે સર્ટિફિકેટ કઢાવવા માટે એલ.સી.માંગવામાં આવે છે.




હજુસુધી વિદ્યાર્થીઓ પાસે માર્કશીટ ન હોવાથી એલ.સી. મળ્યુ નથી. આ સ્થિતિમાં ઈડબ્લ્યુએસ સર્ટિફિકેટ નીકળતાં નથી. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓએ કેટેગરીમાં ફોર્મ કેવી રીતે ભરવા તેની મુશ્કેલી છે. આ ઉપરાંત સાયન્સ કોલેજોમાં કેટલાક કોર્સ જ દેખાતા ન હોવાના મુદ્દે પણ દ્વિધાભરી સ્થિતિ જોવા મળી રહી છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજયની સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે હાલમાં જીકાસ પર રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલી રહી છે. જીકાસમાં ઈડબલ્યુએસ કેટેગરીમાં રજિસ્ટ્રેશન કરાવવા માટે વિદ્યાર્થીઓ હાલમાં આ કેટગરીનું સર્ટિફિકેટ લેવા જાય ત્યારે તેમની પાસે એલ.સી.માંગવામાં આવે છે. નિયમ પ્રમાણે વિદ્યાર્થીઓ પાસે ઓરિજનલ માર્કશીટ આવે તેની સાથે જ સ્કૂલ દ્વારા એલ.સી. આપવામાં આવતું હોય છે. હજુસુધી વિદ્યાર્થીઓ પાસે ઓરિજનલ માર્કશીટ આવી નથી ત્યારે એલ.સી.પણ ન હોવાથી ઈડબલ્યુએસ કેટેગરીના સર્ટિફિકેટ મળતાં નથી. એલ.સી. આવ્યા પછી પણ આ સર્ટિફિકેટ માટે દરખાસ્ત કરવામાં આવે તો પણ એક સપ્તાહ કરતાં વધારે સમય નીકળી જાય તેમ છે.

બીજીબાજુ જીકાસ દ્વારા આગામી ૧૮મી સુધીમાં રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. આમ, હવે જીકાસ દ્વારા મુદત વધારવામાં ન આવે તો વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઉભી થાય તેમ છે. બીજીબાજુ આજે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી એમ.જી.સાયન્સ કોલેજ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોલેજ સવારે અને બપોર એમ, બે પ્રકારે ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા સવારની કોલેજની પસંદગી કરવામાં આવે તો એક જ પ્રકારની કોલેજ દર્શાવવામાં આવે છે. એટલે કે આ કોલેજમાં ચાલતાં બપોરના કોર્સ વિદ્યાર્થીઓને પસંદગી માટે દર્શાવવામાં આવતાં નથી. એટલું જ નહી કોલેજ દ્વારા સુધારો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો તો પણ તે કરવાની મંજુરી આપવામાં આવતી નથી. જેના કારણે કોલેજ સંચાલકો અને જે તે કોર્સ કરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ બન્ને મુશ્કેલી મુકાઈ તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# બિહારથી દિલ્હી જતી સ્લીપર બસમાં આગ ભભૂકતા બે બાળકો સહિત પાંચ લોકો ભડથું

## બસમાં લગભગ ૮૦ લોકો સવાર હતા, આગ લાગતાં ઈમરજન્સી ગેટ લોક થઈ ગયો હતો જેના લીધે પાછળ બેઠેલા લોકો આગમાં ફસાયાઃ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

**અબતક, નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશના લખનૌમાં કિસાન પથ પર ભયાવહ અકસ્માત સર્જાયો છે. બસમાં અચાનક આગ લાગતાં તેમાં સવાર બે બાળકો સહિત પાંચ મુસાફરો જીવતા ભૂંજાયા છે. આ બસ બિહારથી દિલ્હી જઈ રહી હતી. પરંતુ લખનૌ પહોંચતાં અચાનક તેમાં આગ લાગી હતી. બસમાં લગભગ ૮૦ લોકો સવાર હતા. આજે વહેલી સવારે પાંચ વાગ્યે મોહનલાલગંજ નજીક કિસાન પથ પર એક બસમાં આગ લાગી હોવાની સૂચના મળી હતી. પોલીસ, ફાયરબ્રિગેડની ગાડી તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર પહોંચી સ્થિતિને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, પ્રારંભિક ધોરણે જાણવા મળ્યું છે કે, બસમાં આગ લાગતાં ઈમરજન્સી ગેટ લોક થઈ ગયો હતો. જેના લીધે પાછળ બેઠેલા લોકો આગમાં ફસાયા હતા. તેઓ બહાર નીકળવામાં નિષ્ફળ રહેતાં આગની ઝપેટમાં આવી ગયા હતાં. ઘટનામાં બે બાળકો, બે મહિલા અને બે પુરૂષો સહિત કુલ પાંચ લોકોના મોત થયા છે. બસમાં આગ લાગવા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. પરંતુ પોલીસના જણાવ્યા પ્રમાણે, બસમાં પાંચ-પાંચ કિગ્રાના સાત ગેસ સિલિન્ડર હતાં. જો કે, કોઈ સિલિન્ડર ફાટ્યો નથી. પોલીસે આગ લાગવા પાછળનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, બસમાં આગ લાગતાં જ બસ ડ્રાઈવર અને કંડક્ટર જીવ બચાવી ભાગી ગયા હતાં. બસમાં સવાર મુસાફરોએ પોતાની જાતે મહા મહેનતે બસના કાચ તોડી જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પહેલાં બસમાંથી અચાનક ધૂમાડો નીકળવા લાગ્યો હતો. બાદમાં આગની જ્વાળાઓમાં બસ લપેટાઈ હતી.

# ભારતના હુમલાથી ૬ એરબેઝને નુકશાન પાકિસ્તાનની પોલ ખોલતા વિદેશી મીડિયા

## 'વૉશિંગ્ટન પોસ્ટ'માં ભારતીય સેનાએ પાકના નષ્ટ કરેલા ૬ એર ફિલ્ડની સેટેલાઈટ તસ્વીરો સાથે અહેવાલ પ્રસિધ્ધ કર્યો

**અબતક,રાજકોટ**

પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર કરવામાં આવેલા આતંકવાદી હુમલા બાદ ભારતે આતંકવાદીઓનો સફાયો કરવા માટે ઓપરેશન સિંદૂર હાથ કરવામાં આવ્યું હતુ જેમાં આતંકવાદીઓના નવ ઠેકાણાઓને નષ્ટ કરવામાં આવ્યા હતા. અને ૧૦૦ જેટલા આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સ્થિતિ તંગ બની જવા પામી હતી. યુધ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

આ ઘટના બાદ પાકિસ્તાન સરકાર દ્વારા એવો દાવો કરાયો હતો કે ભારતીય સેનાના હુમલામાં અમને કશું જ નુકશાન થયું નથી. દરમિયાન વિદેશના મીડિયાઓએ પાકની પોલ ખોલી નાંખી હતી. અમેરિકાના વોશિંગ્ટન પોષ્ટ નામના અખબારે ભારતીય સેનાએ કરેલા હુમલામાં પાકિસ્તાનના ૬ એરફિલ્ડનો સત્યાનાશ વાળી દેવામાં આવ્યો હોવાનો અહેવાલ સેટેલાઈટ ઈમેજ સાથે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં ભારતીય સેનાની કાર્યવાહીની પ્રશંસા પણ કરવામાં આવી હતી.

'ઓપરેશન સિંદુર' બાદ પાકિસ્તાની સેના દ્વારા ભારત પર સતત ત્રણ દિવસ સુધી ડ્રોન દ્વારા હુમલા કરવામા આવ્યા હતા. ભારતની મજબૂત એરડિફેન્સ સિસ્ટમે પાકના તમામ હુમલાને નિષ્ફળ બનાવ્યા હતા. દરમિયાન વળતા હુમલામાં ભારતીય સેનાએ પાકના અનેક એરબેઝને મોટુ નુકશાન પહોચાડવામાં આવ્યું હતુ.

આજે વિદેશી મીડિયાએ પણ ભારતીય સેનાની પ્રશંસા કરતા અહેવાલમાં પાકના ૬ જેટલા એરબેઝને થયેલી નુકશાનીનો સેટેલાઈટ ઈમેજ દર્શાવવામા આવી હતી. સાથોસાથ ઉલ્લેખ કર્યો હતો કે, ભારતીય સેનાના હુમલાથી પાકિસ્તાનને ખૂબજ મોટુ નુકશાન થયું છે.

### અમદાવાદ શહેર પોલીસે પાંખો પ્રસરાવી

# અડાજણ, ડાભોડા, બોપલ, ચાંગોદર સહિતના પોલીસ સ્ટેશનોનો સિટીમાં સમાવેશ

## એસપી રીંગ રોડ નજીકના અમદાવાદ ગ્રામ્ય અને ગાંધીનગરના પાંચ પોલીસ મથકોનું સંચાલન અમદાવાદ કમિશનરેટ કરશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટના અધિકારક્ષેત્રનો વિસ્તાર કર્યો છે. જેનાથી અમદાવાદ ગ્રામીણ અને ગાંધીનગર જિલ્લાના ઘણા વિસ્તારો અમદાવાદ શહેર પોલીસના કાયદા અમલીકરણ સત્તા હેઠળ આવ્યા છે. રાજ્યના ગૃહ વિભાગે મંગળવારે આ સંદર્ભમાં એક જાહેરનામું બહાર પાડ્યું છે.

વહીવટી કાર્યક્ષમતા અને જાહેર સુલભતા સુધારવા માટે ડીજીપી દ્વારા પ્રસ્તાવિત પ્રસ્તાવને પગલે ગૃહ વિભાગ દ્વારા ૩ મેના રોજ જારી કરાયેલા ઠરાવ દ્વારા આ નિર્ણયને ઔપચારિક બનાવવામાં આવ્યો હતો.

આ નિર્ણયનો હેતુ રિંગ રોડની આસપાસ ઝડપી શહેરીકરણનો અનુભવ કરતા વિસ્તારોમાં પોલીસિંગ અને શાસનને સુવ્યવસ્થિત કરવાનો છે. અગાઉ અડાલજ, ડાભોડા, બોપલ, ચાંગોદર, અસલાલી અને વિવેકાનંદનગર જેવા પોલીસ સ્ટેશનોના અધિકારક્ષેત્ર હેઠળના ઘણા વિસ્તારોનું સંચાલન હવે અમદાવાદ શહેર પોલીસ દ્વારા કરવામાં આવશે. આ સંક્રમણથી સંકલન, ગુના પ્રતિભાવ સમય અને પોલીસ સેવાઓની સુલભતામાં સુધારો થવાની અપેક્ષા છે.

પુનર્ગઠન એસપી રિંગ રોડ અને તેની આસપાસના સર્વિસ રોડના ઘણા ભાગોને પણ આવરી લે છે, જે તેમને અમદાવાદ શહેરની સીમાઓ સાથે સંરેખિત કરે છે. નિર્દેશ મુજબ અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ ગ્રામ્ય અને ગાંધીનગરના પોલીસ અધિક્ષકો સાથે મળીને જરૂરી પ્રક્રિયાગત ફેરફારો કરાશે તેમ મંગળવારે અધિક પોલીસ મહાનિર્દેશક (વહીવટી વિભાગ ) ખુર્શીદ અહમદ દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

શહેર પોલીસ મર્યાદા વધારવાનો પ્રસ્તાવ ગૃહ વિભાગ પાસે ઘણા સમયથી પડતર હતો અને આ મહિનાની શરૂઆતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. તમામ સંબંધિત પોલીસ સ્ટેશનો, એસીપી અને ડીસીપી ઓફિસોને નવી જોગવાઈ અંગે જાણ કરવામાં આવી છે.

# ભૂલથી બીજાના સીટ નંબર પર બેઠેલી નાપાસ જાહેર થયેલી દીકરી અંતે 'પાસ' !!

## ગેરસમજના કારણે થયેલી ભૂલ સરકારે સુધારી

**અબતક,રાજકોટ**

છોટાઉદેપુર જિલ્લાની દિકરીને નજીવી ભુલના કારણે તે નાપાસ જાહેર કરાતા દીકરી ખુબ નાસીપાસ થઈ હતી અને તેના પરીણામને લઈ અસ્પષ્ટતા સર્જાઈ હતી .

આ બાબત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના ધ્યાને આવતા માનવીય દ્રષ્ટિકોણથી સમીક્ષા સાથેના અભિગમથી તેમણે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાને યોગ્ય તપાસ કરી દિકરીને સંપૂર્ણ પારદર્શીતાથી ન્યાય આપવા મંત્રીએ સુચના આપી હતી.

છોટાઉદેપુર જિલ્લાની નસવાડી વિસ્તારની દીકરી પરમાર અંકિશાબેનને ગેર સમજણના કારણે પોતાના બેઠક નંબરના બદલે અન્ય બેઠક નંબર પરથી સંપૂર્ણ પરીક્ષા આપી હતી. જેના કારણે પરિણામ જાહેર થતા તેને ગેરહાજર જાહેર કરવામાં આવી હતી.

શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ યોગ્ય તપાસ કરવા આદેશ આપ્યા હતા. આ સંદર્ભે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ વિદ્યાર્થીની તેના બેઠક નંબર ૭૩ ના બદલે ૭૧ માં સંપૂર્ણ પરીક્ષા આપી હતી. આ દીકરીને તેનું સાચું પરિણામ જાહેર કર્યુ અને તે આધારે ધોરણ-૧૧માં પ્રવેશ માટે જરૂરી તમામ પ્રક્રિયાઓ સરળતાથી પૂર્ણ કરાવવામાં આવી.

વિદ્યાર્થીનીના તમામ પેપરની ચકાસણી કર્યા બાદ આ વિદ્યાર્થીની ધોરણ ૧૦માં પાસ થવાનું જાણવા



મળ્યું હતું. જે બાદ વિદ્યાર્થીનીને પાસ જાહેર કરી મંત્રીના હસ્તે સાચું પરિણામ આપવામાં આવ્યું છે. આ ઘટના રાજ્ય સરકારની વિદ્યાર્થીઓ પ્રત્યેની સહાનુભૂતિ, તટસ્થતા અને શિક્ષણ ક્ષેત્રે ન્યાયાધારિત દષ્ટિકોણનો સ્પષ્ટ પુરાવો છે. એક નાનકડી ભૂલને કારણે દીકરીના ઉજ્જ્વળ ભવિષ્ય બાબતે સરકારની માનવીયતા અને સર્વસામાન્યની ચિંતા આ નિર્ણયમાં સ્પષ્ટ ઝળકે છે.

આ ઘટના સંદર્ભે મંત્રીની સુચનાથી સંબંધિત ખંડ નિરીક્ષકને ડીઈઓ દ્વારા નોટિસ આપવામાં આવી છે. આ પ્રકારની ભૂલ ભવિષ્યમાં ફરીથી ન થાય તે અંગેની તકેદારી રાખવા પણ રાજ્યમંત્રીએ સૂચના આપી છે. છેવાડાના જિલ્લાની દિકરીના ભણતરની ગંભીરતાને સમજીને ખુબ ઝડપથી ન્યાય અપાવવા અને તેનું આગળનું શિક્ષણ બગડે નહીં તે માટેની વ્યવસ્થા કરવા બદલ અંકિશાબેન અને તેમના પરિવારે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હાશ...મવડી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કાલથી ચાર ગેમ્સનો પ્રારંભ

## પ્રથમ તબક્કામાં આરંભ થનારી ચાર ગેમ્સ માટે ૫૯૨ સભ્યોની કેપેસિટી સામે આજ સુધીમાં ૪૫૭ સભ્યોએ કરાવ્યું રજીસ્ટ્રેશન





**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૨માં મવડી વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા સ્પોર્ટ્સ સંકુલનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયાના બે મહિના પછી આવતીકાલથી પ્રથમ તબક્કે ચાર ગેમ્સનો પ્રારંભ કરવામાં આવશે. તેવી જાહેરાત કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતા મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું હતું કે કોર્પોરેશન દ્વારા વોર્ડ નં.૧૨માં મવડી - પાળ રોડ, રામઘણ આશ્રમની પાસે, મવડી ખાતે રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે ૧૧૮૩૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળના પ્લોટમાં નવું ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામા આવેલ છે. આ નવા ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રથમ તબક્કામાં કુલ-૪ સ્પોર્ટ્સ ફેસીલીટી આવતીકાલથી શહેરીજનો માટે શરૂ કરવામાં આવે છે. આજ બપોર સુધીમાં બેડમિન્ટનમાં ૩૨૦, બાસ્કેટબોલમાં ૩૭, લોન ટેનિસમાં ૪૧ અને વોલી બોલમાં ૫૯ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

મવડી ખાતે બનાવવામાં આવેલ ઈન્ડોર ગેમ્સ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં પ્રથમ તબક્કામાં શરૂ કરવામાં આવેલ બેડમિન્ટન, બાસ્કેટબોલ, લોન ટેનિસ અને વોલીબોલ રમત માટે આવતીકાલથી નાગરિકો માટે ખુલ્લું મુકવામાં આવશે. બેડમિન્ટનમાં ૩૨૦ નાગરિકોની કેપેસીટી સામે ૩૨૦, બાસ્કેટબોલમાં ૮૦ નાગરિકોની કેપેસીટી સામે ૩૭, લોન ટેનિસમાં ૮૦ નાગરિકોની કેપેસીટી સામે ૪૧ અને વોલીબોલમાં ૧૧૨ નાગરિકોની કેપેસીટી સામે ૫૯ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. હાલ પણ ખાલી જગ્યા માટે નાગરિકો રજીસ્ટ્રેશન કરાવી શકે છે. લોન ટેનિસ, વોલીબોલ, બાસ્કેટ બોલ અને બેડમિન્ટન બેચ માટેનો સમય સવારે ૬ થી ૧૦ અને સાંજે ૬ થી ૧૦ રહેશે તેમજ તમામ બેચ ૧ કલાકની રહેશે. અઠવાડિયાના રવિવારે જાહેર રજા રાખવામાં આવશે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા બનાવવામાં આવેલ નવા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો શહેરીજનો વધુને વધુ લાભ મેળવી તેમજ સ્પોર્ટ્સ ક્ષેત્રે પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરે તેમજ પોતાની ફિઝીકલ ફિટનેસ સુધારે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ અનુરોધ કરે છે.

## સાયબર ક્રાઈમને લગતી ફરિયાદોનો હવે આંગળીના ટેરવે નિકાલ

# મુખ્યમંત્રીના હસ્તે આઈ-પ્રગતિ અને તેરા તુજકો અર્પણ પોર્ટલ લોન્ચ

## ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિક્શન માટે ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપશે બંને પોર્ટલ






**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિક્શન માટે સમયાનુકૂળ બદલાવો લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટેની ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં બે પોર્ટલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં લોન્ચ કર્યા હતા.

મુખ્યમંત્રીએ સિટીઝન સેન્ટ્રિક સર્વિસીસથી સરકારી કચેરીઓમાં લોકોની વિશ્વસનિયતા વધે અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા આશયથી આ પોર્ટલ લોન્ચ કર્યા હતા. આ પોર્ટલ લોન્ચ થવાના પરિણામે સામાન્ય નાગરિકોને પોલીસ સ્ટેશન જવામાંથી રાહત આપતી ઓનલાઈન સુવિધાઓ ઈઝ ઓફ ગવર્નન્સના અંતર્ગત મળતી થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ તેરા તુઝકો અર્પણનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. એટલું જ નહીં, નાણાંકીય સાયબર ક્રાઈમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત અનફ્રિઝ કરાવવા માટેની ઓનલાઈન એપ્લિકેશન અને પોલીસમાં એફઆઈઆર દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા આઈ-પ્રગતિ પોર્ટલ પણ તેમણે લોન્ચ કર્યા હતા.

હવે આઈ-પ્રગતિ પોર્ટલ અંગે જો વાત કરીએ તો ઈ-ગુજકોપમાં તપાસના દરેક તબક્કે ફોર્મ ભરવાનું થતું હોય છે તેમાં એફઆઈઆર દાખલ કરતી વખતે, પંચનામું કરતી વખતે, આરોપીને અટક કરતી વખતે અને કેસની ચાર્જશીટ કરતી વખતે અલગ-અલગ ફોમર્સનો સમાવેશ થાય છે.

હવે સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો(એસ.સી.આર.બી.) તરફથી ઈ-ગુજકોપમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે, આ ચારે તબક્કાની કામગીરી જયારે પણ પૂર્ણ થાય ત્યારે દાખલ થયેલી એફઆઈઆરના ફરીયાદીને સિસ્ટમ જનરેટેડ એસ.એમ.એસ. મળી જાય છે. આથી ફરીયાદી તપાસની પ્રગતિથી સંપૂર્ણપણે વાકેફ રહે છે.આ સિસ્ટમ આઈ-પ્રગતિ એટલે કે, ઈન્વેસ્ટિગેશન પ્રોગ્રેસ રિપોર્ટ થ્રુ ઓટોમેટીકલી જનરેટેડ એક્યુરેટ એન્ડ ટાઈમલી ઈન્ફોર્મેશનનો પાયલટ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરીને હવે તેનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીના હસ્તે થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની વહિવટી કાર્ય સંસ્કૃતિમાં ગુડ ગવર્નન્સ, ટ્રાન્સપેરન્સી અને લેસ હ્યુમન ઈન્ટરફીયરન્સનો જે ધ્યેય રાખ્યો છે તે આ પોર્ટલ દ્વારા ગૃહ વિભાગ સાકાર કરશે.

સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ તેરા તુઝકો અર્પણ પર નજર કરવામાં આવે તો કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે તા.૦૩/૧૦/૨૦૨૪ના રોજ તેરા તુઝકો અર્પણ પોર્ટલનુ અમદાવાદ શહેર ખાતે અનાવરણ કર્યુ હતું. સાયબર ક્રાઈમના ભોગ બનેલા નાગરીકોએ ગુમાવેલા નાણાંને લોક અદાલત દ્વારા પરત અપાવવાની કામગીરી વધુ ઝડપી બને તેવા ઉદ્દેશ્યથી આ પોર્ટલ સાયબર ક્રાઈમ અમદાવાદ શહેર દ્વારા બનાવવામાં આવેલું છે. આ પોર્ટલથી નાગરિકોને અને પોલીસ સ્ટેશન બન્નેને ફાયદો થાય છે.

નાગરિકોને આ પોર્ટલથી અનેક ફાયદા થાય છે જેમાંથી ઓનલાઈન નોંધણી અને રીઅલ-ટાઈમ સ્ટેટસ ટ્રેકિંગથી નાગરિકોને સરળ અને ઝડપી રિફંડ પ્રક્રિયા છે. એફઆઈઆર વિના સાયબર ગુનામાં ગુમાવેલાં નાણાં પરત મેળવવાની સુવિધા, જનતા માટે અનુકૂળ અને સુલભ છે. ઝડપી કોર્ટ આદેશ અને ઓટોમેટેડ પ્રક્રિયાથી નાગરિકોનો સમય બચે છે અને પોલીસ સ્ટેશન વારંવાર આવવું પડતુ નથી. બીજી બાજુ પોલીસ માટે પણ આ પોર્ટલ અત્યંત લાભદાયી છે. દરેક પોલીસ સ્ટેશનને અલગ યુઝર આઈડી અને પાસવર્ડ દ્વારા ડેટાનું સચોટ ટ્રેકિંગ અને રીઅલ-ટાઈમ મોનિટરિંગ શક્ય બને છે. ઓટોમેશનથી રિફંડ પ્રક્રિયાના પત્રો આપોઆપ તૈયાર થાય, જેનાથી મેનપાવર ઘટે છે અને ચોકસાઈ વધે છે. અરજદાર રિફંડની પેપર વર્કની પ્રકિયા ૨ થી ૩ કલાક લાગતો સમય હવે માત્ર ૧૫ મિનિટ થતા નાગરોકોને સીધો ફાયદો થશે પોલીસ સ્ટેશનમાં પેન્ડિંગ ઘટશે અને એક્યુરેસિ વધશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પોર્ટલ લોન્ચ કરતાં સ્પષ્ટપણે જણાવ્યુ કે, ટેક્નોલોજીની મદદથી ગુનાઓ રોકવા, શોધવા અને પ્રોસિક્યુશન તથા ઈન્વેસ્ટિગેશન ઝડપથી પૂર્ણ થવા સાથે ગુનેગારોને ઝડપી સજા થાય તે પણ વડાપ્રધાનએ નવા કાયદાઓમાં સુનિશ્ચિત કર્યુ છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સામાન્ય નાગરિકોને સૌથી વધુ જે મુદ્દે પોલીસ અને પ્રજાના પ્રતિનિધિઓ પાસે ધક્કા ખાવા પડતા હોય છે તે

(અનુ. આઠમા પાને)

### પાયલોટ પ્રોજેક્ટને ભવ્ય સફળતા મળતા રાજ્યવ્યાપી અમલવારી

પોર્ટલને પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદમાં અમલી બનાવવામાં આવ્યો હતો. જેમાં ભવ્ય સફળતા મળી હતી. પેન્ડિંગ અરજીમાં નોંધપાત્ર ઘટાડો થવાથી કાર્યક્ષમતામાં આશરે ૫૦ % થી વધુ વધારો જોવા મળ્યો છે. અમદાવાદ શહેર પોલીસને મળેલી આ સફળતાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં હવે આ પોર્ટલનો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે.રાજ્યના તમામ પોલીસ મથકો માટે યુઝર આઈ.ડી. અને પાસવર્ડ બનાવવામાં આવ્યા છે. અમદાવાદ શહેર પોલીસે સી.આઈ.ડી. ક્રાઈમના સંકલનથી આ પોર્ટલ લોન્ચ પહેલાં બધા જ પોલીસ મથકોને બે વાર ઓનલાઈન તાલીમ પણ આપેલી છે. આ પોર્ટલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે હવે સમગ્ર ગુજરાતમાં લોન્ચ થયુ છે.

### બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાની જટિલ પ્રકિયા હવે તદ્દન સરળ બનશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય એક એપ્લિકેશન લોન્ચ કરી છે. આ એપ્લિકેશન ફ્રિઝ થયેલ બેંક એકાઉન્ટ અનફ્રિઝ કરાવવા માટે સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર ખાતે ઓનલાઈન અરજી થઈ શકે તે હેતુથી બનાવવામાં આવી છે.નાણાંકીય સાયબર ક્રાઈમને લગતી ફરિયાદ સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ પર નોંધાવતા સામેવાળાના બેંક એકાઉન્ટ એનસીઆરપી

પોર્ટલ દ્વારા બીએનએસએસ ૧૦૬ (સીઆરપીસી ૧૦૨) મુજબ ફ્રિઝ કરવામાં આવે છે તેથી ફ્રોડના નાણાં બચાવી શકાય છે. રાજ્ય પોલીસ દ્વારા કાર્યરત થનારા આ અનફ્રિઝ ઓનલાઈન એપ્લિકેશનની મદદથી અરજદારે બેંક એકાઉન્ટ અનફ્રિઝ કરવાની અરજી માટે ભારતના અલગ-અલગ રાજ્યમાંથી રૂબરૂ હાજર રહેવાની જરૂર પડતી નથી. અરજદાર ઓનલાઈન અરજી કરી પોતાનો અરજી નંબર મેળવી શકે છે. અરજદાર પોતાના સંપર્ક નંબર, વોટ્સ એપ નંબર મારફતે ઘરેબેઠાં જ અરજીનું ફોલોઅપ સ્ટેટસ જાણી શકે છે.આ એપ્લિકેશન મારફતે અરજદારને ઈ-મેઈલ દ્વારા પોતાના બેંક એકાઉન્ટ અનફ્રિઝ અંગેની જાણ કરવામાં આવે છે જેથી અરજદારને ટેલીફોનિક કોલ કે અન્ય રીતે સંપર્ક કરવાની જરૂર રહેતી નથી.આ એપ્લિકેશનનો ઉપયોગ કરીને અરજદાર જાતે ઓનલાઈન અરજી કરી શકે છે એટલે અન્ય કોઈ માણસની જરૂરિયાત રહેતી નથી તેમજ સમય અને નાણાંનો વ્યય થતો નથી અને સંપૂર્ણ કાર્યવાહીમાં પારદર્શકતા જળવાઈ રહે છે.

# મામલતદાર કચેરીના ઈ-ધારા કેન્દ્રમાં સર્વર ડાઉન, અરજદારો હેરાન પરેશાન

## જમીનના ૭-૧૨ તેમજ ૮- અ ની નકલ કાઢવામાં છેલ્લા એક ત્રણ દિવસથી સર્વર ડાઉન આવતું હોવાથી ઉતારા કાઢવાની પ્રકિયા અનિયમિત બની: લોકોની લાઈનો લાગી



**અબતક, રાજકોટ**

રાજકોટ મામલતદાર કચેરીના ઈ-ધારા કેન્દ્ર ખાતે છેલ્લા ત્રણ દીવસથી સર્વર ડાઉન રહેતુ હોવાથી ઉતારા કઢાવવા માટે આવતા લોકોને ધરમના ધક્કા ખાવાની નોબત આવી રહેલ છે. ત્યારે સત્વરે ટેકનોલોજી ખામીને દૂર કરી રેગ્યુલર જમીનના ઉતારા મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.તદ્ઉપરાંત દિવસભર સર્વર નહિ મળતા બીજા દિવસે પણ આવવા મજબુર થવુ પડે છે. આમ એક નકલ મેળવવા માટે અરજદારોને ધરમ ધકકા ખાવા પડતા હોવાની લોકબુમો ઉઠવા પામી છે. જે અંગે જવાબદાર તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી હાથ ધરી સમસ્યાઓનુ નિવારણ લાવવાની લોકમાંગ ઉઠવા પામી છે. સરકારી સર્વર ધીમો ચાલી રહ્યો હોવાથી ન માત્ર આમ જનતા પરંતુ કચેરીનો સ્ટાફ પણ ત્રાસી ગયો છે અને રાત-દિવસ માનસિક યત્ન વચ્ચે કામ કરવા મજબૂર બન્યો છે.

## તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી હાથ ધરી સમસ્યાઓનુ નિવારણ લાવવાની લોકમાંગ



## સિંહમાં પરિવાર ભાવના વધુ મજબૂત બની!!

# વિસ્તાર ટૂંકો પડતા એક-બે નહીં, ૨૦-૨૦ સાવજ સાથે રહેતા થયા!!



**અબતક, રાજકોટ**

કહેવાય છે કે પરિવાર એ જીવનનો આધારસ્તંભ છે, જે પ્રેમ, સુરક્ષા અને સહકાર પૂરો પાડે છે. આપણે વારંવાર સાંભળતા હોઈએ છીએ કે સિંહના ક્યારે ટોળા હોતા નથી. પરંતુ વર્તમાન સમયમાં આ કહેવત બદલાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. પ્રાણીઓને પણ પ્રેમ અને હુંફની જરૂરિયાત હોય છે. તેમજ સિંહોના વિસ્તારમાં ઘટાડો થવાથી તેઓ પણ પરિવારની ભાવના સાથે રહેતા શીખી ગયા છે. હાલમાં યોજાયેલ સિંહ વસ્તી ગણતરી દરમિયાન ભાવનગર પાસે ૨૦ સિંહોનું રોયલ ફેમિલી જોવા મળ્યું હતું.

તાજેતરમાં હાથ ધરાયેલી ૧૬મી સિંહ ગણતરી દરમિયાન, વન અધિકારીઓની ટીમો દ્વારા સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં, ખાસ કરીને ભાવનગર પંથકમાં, સિંહોના મોટા સમૂહના વિક્રમી દર્શન થયા છે, ત્યારે અમદાવાદના વન અધિકારીઓએ ભાવનગર ટીમના આ વિક્રમી સિંહ દર્શનની વિશેષ ઉજવણી કરી હતી. ભાવનગર ટીમે એકસાથે ૨૦ સિંહોનો એક વિશાળ ગર્વ (પ્રાઈડ) જોયો, જે અગાઉ ક્યારેય સત્તાવાર રીતે આટલી મોટી સંખ્યામાં નોંધાયેલ નહોતો. આ ક્ષણ ૧૬મી સિંહ ગણતરીમાં સામેલ વન અધિકારીઓ માટે અત્યંત ગૌરવપૂર્ણ રહી હતી અને તે સાબિત કરે છે કે સૌરાષ્ટ્રમાં સિંહોનો 'રાજવી પરિવાર' પોતાનો વંશ અને વિસ્તાર સતત વિસ્તારી રહ્યો છે.

વરિષ્ઠ વન અધિકારીઓના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં સત્તાવાર રીતે દસ્તાવેજીકૃત થયેલ સિંહોના સૌથી મોટા જૂથમાં ૧૮ સિંહો હતા, જે જૂન ૨૦૨૨ માં ગડકબારી ખાતે ફોટોગ્રાફર પ્રીતિ પંડ્યા દ્વારા એક ફ્રેમમાં કેદ કરવામાં આવ્યા હતા. ૨૦ સિંહોનું તાજેતરનું જૂથ હવે સત્તાવાર રીતે સૌથી મોટું અવલોકન કરાયેલું જૂથ બન્યું છે. આટલા મોટા પરિવારનું એકસાથે જોવા મળવું એ સિંહોમાં મજબૂત સામાજિક બંધન અને પારિવારિક ભાવનાનો પણ નિર્દેશ કરે છે, જ્યાં બચ્ચાઓની સંભાળ અને રક્ષણ સામૂહિક રીતે થાય છે.

સત્તાવાર ગણતરી જાહેર થાય તે પહેલાં જ વસ્તી વધારાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. વરિષ્ઠ વન અધિકારીઓના મતે, સિંહોની વાસ્તવિક સંખ્યા ઘણીવાર જાહેર કરાયેલા આંકડા કરતાં વધુ હોય છે. અગાઉના વસ્તી વૃદ્ધિ દરો (૨૦૧૫ માં ૨૭.૨૫% અને ૨૦૨૦ માં ૨૯.૭૮%) ની સરખામણીમાં, આ વર્ષે સિંહોની વસ્તીમાં ૩૦% થી વધુનો નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. આનાથી કુલ સિંહ વસ્તીનો અંદાજ ૯૦૦ની આસપાસ મૂકવામાં આવી રહ્યો છે, જે ૨૦૨૦ની વસ્તી ગણતરીના ૬૭૪ના આંકડા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે.

છેલ્લી વસ્તી ગણતરી (૨૦૨૦) માં, ૬૭૪ સિંહોમાંથી લગભગ ૩૮૦ સિંહો ગીર, મિતીયાળા, ગિરનાર અને પાણિયા જેવા સંરક્ષિત વિસ્તારોમાં વસવાટ કરતા હતા, જ્યારે લગભગ ૨૯૪ સિંહો ગ્રેટર ગીર (સંરક્ષિત વિસ્તારની બહાર) અને નજીકના વિસ્તારોમાં હતા.

# પ્રદેશ ભાજપ અગ્રણી અને ખેડુત આગેવાન ચેતન રામાણીનો જન્મદિવસ



ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા ચેતનભાઈ રામાણીનો આજે જન્મદિવસ છે તેઓ જનસંઘથી લઈને ભારતીય જનતા પાર્ટીમાં આજ સુધી એક નિષ્ઠાવાન, સક્રિય કાર્યકર્તા તરીકે અથાગ પરિશ્રમ કરેલ છે તેમજ પક્ષની ૧૯૮૦ થી આજ દિન સુધીની ચડતી-પડતીમા કયારેય પક્ષ પ્રત્યેની વફાદારી છોડી નથી. તમામ પરિસ્થિતિમાં ચલિત થયા વગર પક્ષની સાથે રહ્યા છે અને એક પૂર્ણસમયના કાર્યકર્તા તરીકે સંપૂર્ણ નિષ્ઠાથી પાર્ટીની શિસ્તમાં રહી રાજપા-ભાજપા'' જેવા કે પરિવર્તન પાર્ટી જેવા સંકટ સમયે પણ પક્ષની સાથે નિષ્ઠા પૂર્વક રહ્યા છે. ૪૫ વર્ષની પક્ષની કે જાહેરજીવનની કારકિર્દીમાં તેમની નિષ્ઠા કે ચારિત્ર સામે કોઈ દાઘ લાગવા દીધેલ નથી અને કોઈ મુખ્ય ચુંટાયેલ હોદા વગર પાર્ટીનું સંગઠન મજબુત થાય તે રીતે અવિરત કામ કરતા આવ્યા છે તદઉપરાંત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, નાથદ્વારા, દ્વારકા, મથુરા, હરિદ્વારમાં ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ બોર્ડીંગમા મવડી પ્લોટમાં પણ ટ્રષ્ટી તરીકે જવાબદારી નિભાવી છે, બંસીધર ચેરસટેબલ ટ્રસ્ટના પ્રમુખ હેઠળ, વિવિધ સામાજિક સેવાકીય પ્રકલ્પો જેવા કે વૃક્ષારોપણ, ચેકડેમ, દુષ્કાળમાં રાહત કેમ્પ વગેરે કામગીરીમા સક્રીય ભૂમીકા ભજવી સ્વામીનારાયણ સંપ્રદાયની મુખ્યગાદી-વડતાલ, અમદાવાદ તેમજ બી.એ.પી.એસ., હરિધામ સોખડા, મણીનગર ગાદી, મણીનગર વધવાન તેમજ સ્વામીનારાયણ ગુરૂકુળોની તમામ સક્રિય રીતે જોડાયેલ છે તેમના જન્મદિન નિમિતે ચોમેરથી મો. ૯૮૨૫૧ ૧૮૨૩૮ મા શુભેચ્છાઓની વર્ષા કરી રહ્યા છે.

# સ્લમ વિસ્તારમાં આંગણવાડીમાં અધિકારીનું સરપ્રાઈઝ ચેકીંગ

## બાળકોની ઉંચાઈ અને ખાદ્ય પદાર્થની ચકાસણી



**અબતક, રાજકોટ**

આઈ.સી.ડી.એસ. અર્બન વિભાગના પી.ઓ. શારદાબેન દેસાઈ દ્વારા આંગણવાડીઓના લાભાર્થીને સરકાર દ્વારા નક્કી થયેલ લાભો પહોંચતા થવા બાબતે ક્રોસ વેરીફીકેશન અને સઘન મોનેટરીંગ કરવામાં આવે છે. જેના ભાગરૂપે ઈસ્ટ ઝોનના સ્લમ વિસ્તાર ખાતે કાર્યરત આંગણવાડી કેંદ્ર નંબર-૪૦ બાપા સીતારામ સી.વી.ડી. સેજાનું મોનેટરીગ કરવામાં આવ્યું હતું.

પી.ઓ. દ્વારા કરવામાં આવેલ મોનેટરીગમાં આંગણવાડી ખાતે ઉપસ્થિત બાળકોના પોષણસ્તર વિષે માહિતી મેળવી અને સેમ મેમ તેમજ વેસ્ટીંગ સ્ટંટિંગ અન્ડર

(અનું.આઠમાં પાને)

# પ્રાદેશિક માહિતી કચેરીમાં સહાયક માહિતી નિયામક પદે બઢતી મેળવતા રઝાકભાઈ ડેલાનું અભિવાદન

**અબ તક રાજકોટ**

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે નવનિયુક્ત સહાયક માહિતી નિયામક રઝાક ડેલાનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.



આ તકે કચ્છ સૌરાષ્ટ્ર ઝોનના સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસીયાએ પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. તેમણે જણાવ્યું કે ડેલા કચેરીની વહીવટી અને હિસાબી કામગીરીનો બહોળો અનુભવ ધરાવે છે. બઢતી સાથે તેઓ સહાયક માહિતી નિયામક (વહીવટ) પદે જોડાતા કચેરીની વહીવટ હિસાબ શાખાની કામગીરી વધુ સરસ રીતે થઈ શકશે.

આ તકે નાયબ માહિતી નિયામક ત્રિવેદીએ રઝાક ડેલાને અભિનંદન પાઠવતા જણાવ્યું કે ડેલાએ સૌરાષ્ટ્ર ઝોનના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવી છે. તેઓ પ્રાદેશિક કચેરી માટે ઝોનમાં વહીવટી હિસાબી બાબતોમાં સંકલન સહિતની કામગીરી સુંદર રીતે કરી રહ્યા હોવાનું જણાવતા સહાયક માહિતી નિયામકની નવી ભૂમિકા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, માહિતી વિભાગ દ્વારા હાલમાં થયેલી બઢતી અને બદલીઓમાં રઝાકભાઈ ડેલાને પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના સહાયક માહિતી નિયામક, વહીવટ પદે પ્રમોશન આપવામાં આવ્યું છે. ડેલા આ અગાઉ અધિક્ષક પદે કાર્યરત હતા.

# બ્રહ્માંડની રોમાંચક માહિતી આપશે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં આવેલી ગુજરાત સાયન્સ સિટીમાં આજથી હવે વધુ એક નવું નજરાણું 'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'નો પ્રારંભ થયો છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત સાયન્સ સિટી, અમદાવાદમાં એક નવીનત્તમ ગેલેરી, 'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી' આજથી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવનાર છે. સૌરમંડળની દિવ્ય રચના ઉપર આધારિત આ ગેલેરી એક અદ્ભુત શૈક્ષણિક અને માહિતીસભર બની રહેશે.

સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, સાયન્સ સિટી સ્થિત એક્વેરિયમ, રોબોટિક ગેલેરીની ભવ્ય સફળતા બાદ આજે ત્રીજી એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ ગેલેરી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ ગેલેરીમાં ભારતનું વિશેષ યોગદાન દર્શાવવામાં આવ્યું છે,

વેકેશનના સમયમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ તેનો લાભ લઈ શકે.

આ એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીની વિશેષતા અને મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિશેષ એક્ટિવિટી અને ૩- ડી ફિલ્મનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુલ ૧૨,૭૯૭ ચોરસ મીટરના વિસ્તારમાં આવેલી આ ગેલેરીમાં મધ્યમાં સૂર્યનું પ્રતિનિધિત્વ કરતો, ત્રણ માળ જેટલો ઊંચો વિશાળ ગ્લોબ આવેલો છે, જેની ફરતે અન્ય ગ્રહોની ગોઠવણ પણ જોઈ શકાય છે. ત્રણ માળની બનેલી આ ગેલેરીમાં છ મુખ્ય વિભાગો આવેલા છે. આ સાથે ફંડામેન્ટલ્સ એન્ડ હિસ્ટ્રી વિભાગમાં ૪૭ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે, જે એસ્ટ્રોનોમીના મૂળ સિદ્ધાંતો અને તેના ઈતિહાસની માહિતી આપે છે.

પ્રેઝન્ટ ગેલેરી વિભાગમાં વર્તમાન સમયને અનુલક્ષીને અવકાશ મિશન અને તેને લગતી શોધોના ૩૦ જેટલા વિવિધ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. આવી જ રીતે ફ્યુચર ગેલેરી વિભાગમાં સંશોધનના ભાવિ દૃષ્ટિકોણને ખ્યાલમાં રાખી ૨૪ એક્ઝિબિટ્સ બનાવવામાં આવ્યાં છે.



અમદાવાદમાં મુલાકાતીઓ માટે આજથી સાયન્સ ગેલેરી ખુલ્લી મૂકાય

## બ્રહ્માંડની જાણકારી મેળવવાનું આકર્ષક સ્થળ બનશે

ભારતના એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સના યોગદાનને ધ્યાને રાખી ખાસ વિજ્ઞાન ગેલેરી પણ બનાવવામાં આવી છે, જેમાં વિવિધ ૩૨ એક્ઝિબિટ્સનો સમાવેશ થાય છે. સ્ટેરલર ગેલેરીમાં વિવિધ તારાઓ અને તારામંડળોની રચનાની માહિતી આપતા ૮ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. સાથે-સાથે વર્ચ્યુઅલ રિયાલિટી ગેલેરીમાં અવકાશનો વર્ચ્યુઅલ પ્રવાસ કરાવતા ૪ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ચાર એટ્રિયમ આધારિત અને ૬ આઉટડોર ઈન્સ્ટોલેશન પણ મુલાકાતીઓને યુનિક અનુભવ આપશે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઊભી કરવામાં આવેલી આ ગેલેરીમાં વૈજ્ઞાનિક માહિતી તેમજ વિઝ્યુઅલ દ્વારા નવી પેઢી માટે બ્રહ્માંડની રસપ્રદ જાણકારી મેળવવાનું સ્થળ બનશે.

## ગેલેરીની મુખ્ય વિશેષતાઓ

૧૭૨ બેઠક ક્ષમતા ધરાવતો હાઈબ્રિડ ડોમ પ્લેનેટેરિયમ, જે દેશનો એકમાત્ર ઊંચો પ્લેનેટેરિયમ છે. આ સાથે ૨૪ ઈંચ ટેલિસ્કોપ યુક્ત ઓબ્ઝર્વેટરી ડોમ, જેમાં ૩૬૦-ડિગ્રી વ્યૂઈંગ અને અદ્યતન એસ્ટ્રોફોટોગ્રાફી સાધનો ઉપલબ્ધ છે.આ ઉપરાંત ૬.૫ મીટર વ્યાસ ધરાવતો વિશ્વનો સૌથી મોટો મિકેનિકલ ઓરરી મુકાયો છે, જે ગ્રહોની ગતિને દર્શાવે છે.

# "આકાશતીર" પછી "ભાર્ગવસ્ત્ર": એકી સાથે ૬૪ રોકેટ છોડી ૬૪ ડ્રોનનો ખાત્મો બોલાવી શકશે !!!

## ઓડિશાના ગોપાલપુરમાં નવી સિસ્ટમનું સફળ પરીક્ષણ કરાયું

**અબતક, રાજકોટ**

ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે ભારતીય સેનાની તાકાતમાં વધુ એક શક્તિશાળી હથિયાર ઉમેરાવા જઈ રહ્યું છે. નાગપુરની સોલર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડ (એસડીએએલ) નામની કંપનીએ એક ખાસ પ્રકારની એન્ટી-ડ્રોન સિસ્ટમ બનાવી છે, જેનું નામ છે ''ભાર્ગવસ્ત્ર''. આ સિસ્ટમ એટલી તાકાતવર છે કે તે એક સાથે અનેક ડ્રોનને પણ તોડી પાડી શકે છે. હાલમાં ઓડિશાના ગોપાલપુરમાં આ સિસ્ટમનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ પરીક્ષણ ભારતીય સેનાના મોટા અધિકારીઓની હાજરીમાં થયું હતું.

''ભાર્ગવસ્ત્ર'' એક જ વારમાં ૬૪ નાના રોકેટ છોડી શકે છે. આ રોકેટ એટલા શક્તિશાળી છે કે ડ્રોનનું આખું ટોળું પણ નીચે પડી શકે છે. એટલું જ નહીં, આ સિસ્ટમ દુશ્મનના ડ્રોનને જામ પણ કરી શકે છે, એટલે કે તેને કામ કરતા અટકાવી શકે છે. આ સિસ્ટમ બે સ્તરમાં કામ કરશે. પહેલા સ્તરમાં એવા નાના રોકેટ હશે જે ખૂબ જ ઘાતક હશે અને સીધા નિશાન પર નહીં જાય તો પણ આસપાસના ડ્રોનને નુકસાન પહોંચાડી શકે છે. બીજા સ્તરમાં નાના મિસાઈલ હશે જે ચોક્કસ નિશાન પર વાર કરશે. આ રોકેટની મારક ક્ષમતા ૨૦ મીટર સુધીની છે, એટલે કે તેની આસપાસના વિસ્તારમાં પણ તે ભારે વિનાશ સર્જી શકે છે.

સિસ્ટમના પરીક્ષણમાં આ રોકેટને એક સાથે અને અલગ-અલગ રીતે છોડીને જોવામાં આવ્યા હતા. બધા જ રોકેટ બરાબર નિશાન પર પહોંચ્યા અને ધાર્યા પ્રમાણે કામ કર્યું. આ પરીક્ષણથી સાબિત થાય છે કે ''ભાર્ગવસ્ત્ર'' મોટા પાયે થતા ડ્રોન હુમલાઓને રોકવામાં ખૂબ જ અસરકારક સાબિત થશે.

આકાશતીરે ઓપરેશન સિંદૂર દરમિયાન દુશ્મનોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. હવે ''ભાર્ગવસ્ત્ર'' સેનામાં જોડાવાથી ભારતની ડ્રોન સંરક્ષણ ક્ષમતામાં મોટો વધારો થશે તે નિશ્ચિત છે.



### ટ્રાવેલ્સ સંચાલકોની 'વોર' યથાવત

# માતૃકૃપા ટ્રાવેલ્સનું બુકીંગ કરનારની પિતૃકૃપા ટ્રાવેલ્સના કર્મચારીને જાનથી મારી નાખવાની ધમકી

## ઉપલેટામાં બસ લઈને આવ્યા છો તો ટાંટીયા ભાંગી નાખીશું: શક્તિ ટ્રાવેલ્સના પિતા-પુત્ર વિરૂધ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની બે ટ્રાવેલ્સ સંચાલકો વચ્ચેની જગજાહેર વોર યથાવત છે. અગાઉ સામસામે અનેકવાર આક્ષેપ-પ્રતિ આક્ષેપ અને ફરિયાદો કર્યા બાદ વધુ એક ડખ્ખો પ્રકાશમાં આવી રહ્યો છે. પિતૃકૃપા ટ્રાવેલ્સના ડ્રાયવર-કિલનરને ઉપલેટામાં બસ લઈને પેસેન્જર ભરવા આવશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી શકિત ટ્રાવેલ્સના પિતા-પુત્રએ આપતાં ઉપલેટા પોલીસમાં ગુનો નોંધાયો છે.

મામલામાં પિતૃકૃપા ટ્રાવેલ્સના કર્મચારી લક્કીરાજસિંહ વનરાજસિંહ ગોહિલ (ઉ.વ.૨૫) એ ઉપલેટા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કેતન રબારી અને તેના પુત્રનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું છેલ્લા પાંચ વર્ષથી ગોંડલ પિતુ કૃપા ટ્રાવેલ્સની ઓફીસ માં કામ કરૂ છુ અને રાજકોટથી પોરબંદર રોડ ઉપર ચાલતી અમારી ટ્રાવેલ્સમાં કલીનર તરીકે છેલ્લા પાંચ દિવસથી જાવ છે. ગત તા. ૧૩-૦૫-૨૦૨૫ ના બપોરના અમારી પિતુ કૃપા ટ્રાવેલ્સમાં ચાલતી એક મીનીબસ જેના નંબર જીજે-૨૩-એક્સ-૨૬૧૭ માં ડ્રાયવર તરીકે વિશ્વરાજસિંહ સહદેવસિંહ ગોહિલ હતા અને હું કલીનર તરીકે હતો. તે બસ લઈને અમે રાજકોટથી પોરબંદર ગયેલ હતા અને પોરબંદરથી પરત રાજકોટ જતા આવતા હતા ત્યારે સાંજના આશરે સવા છ વાગ્યે અમે ઉપલેટામાં જીનમીલ ચોકે પહોંચેલ હતા. જ્યાં ધોરાજી, જેતપુર, ગોંડલ અને રાજકોટના પેસેંજર અમારી બસમાં બેસાડતા હતા. ત્યારે શકિત ટ્રાવેલ્સની ઓફીસ ઉપલેટાવાળા કેતન રબારી તથા તેમનો દિકરો બન્ને અમારી પાસે આવ્યા હતા અને અમને કહેલ હતું કે, તમારે ઉપલેટામાં અંદર બસ લાવવાની નહી અને અહયાથી પેસેંજર તમારી બસમાં બેસાડવાના નહી. જેથી અમે કહેલ કે, અમે કેમ અહિયાથી પેસેંજર અમારી બસમાં બેસાડી ના શકીએ? તેમ કહેતા કેતન રબારી અચનાક ઉશકેરાય ગયેલ અને કહેવા લાગેલ કે, હવે જો ઉપલેટામાં બસ લઈ પેસેંજર ભરવા માટે આવશો તો તમારા ટાંટીયાં ભાંગી નાખશુ અને જાનથી મારી નાખીશુ તેમ કહી ગાળો આપવા લાગેલ હતા. જેથી મે આ અંગે અમારી ટ્રાવેલ્સના માલીક વિજયસિંહ ભરતસિંહ જાડેજાને ફોનથી વાત કરેલ હતી. ત્યાર બાદ તરત જ અમે અમારી બસ લઈને રાજકોટ જવા રવાના થયેલ હતા. આ અંગે અમે અમારા શેઠને રૂબરૂ મળીને બનાવની વાત કર્યા બાદ ઉપલેટા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આ બનાવનું કારણ એવું છે કે, અમારી પિતુ કૃપા ટ્રાવેલ્સની બસ ઉપલેટામાથી પેસેંજર ભરે તો માતુ કૃપા ટ્રાવેલ્સનું ઉપલેટા ખાતે બુકીંગ કરનાર શક્તિ ટ્રાવેલ્સના પિતા-પુત્રોએ મારી નાખવાની તથા ટાંટીયા ભાંગી નાખવાની ધાક ધમકીઓ આપેલ હતી.

# સગીર પુત્રનો કાયમી કબ્જો પિતાને સોંપવા કોર્ટનો આખરી હુકમ

## દંપતી વચ્ચે તકરારોથી પત્ની સગીર પુત્ર સાથે માવતરે જતા, પિતાએ પુત્રને મળવા તથા કાયમી કસ્ટડી મેળવવા ફેમિલી કોર્ટે દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં અલગ રહેતા દંપતીના ૫ વર્ષના પુત્રનો કબજો મેળવવાના સાડા ત્રણ વર્ષ પહેલાના કેસમાં ફેમિલી કોર્ટે સગીર પુત્રનો કાયમી કબ્જો પિતાને સોંપવાનો આખરી હુકમ ક્યો છે. કેસની હકીકત મુજબ, શહેરના જલારામ નગરમાં રહેતા દંપતીના સને ૨૦૧૮માં લગ્ન થયેલ અને લગ્નજીવનથી સને ૨૦૧૯માં પુત્રનો જન્મ થયેલ, પરંતુ બન્ને વચ્ચે તકરારોના કારણે માતા સગીર પુત્ર સાથે સને ૨૦૨૦થી તેમના માવતરે ચાલ્યા ગયેલ અને અલગ અલગ કાયદા હેઠળ કેસ કરેલ, જેમાં થયેલું સમાધાન નિષ્ફળ જતાં પત્ની સગીર પુત્ર સાથે ફરીથી તેની માતાને સાથે રહેવા ગઈ હતી, જેથી પિતાએ જે તે વખતે દોઢ વર્ષના સગીર પુત્રને મળવા તથા કાયમી કસ્ટડી મેળવવા ફેમિલી કોર્ટ રાજકોટમાં કેસ દાખલ કર્યો હતો. જેમાં પરિણીતાએ કોર્ટ સમક્ષ હાજર થઈ જવાબ-વાંધા રજૂ કરેલ હતા. ચાલતા કેસ દરમિયાન પુત્રને મળવા માટે કોર્ટ દ્વારા સગીર પુત્રને દર મહિનાના પહેલા શનિવારે, જો રજા હોય તો સોમવારે ૦૩:૩૦ થી ૦૫:૩૦ દરમિયાન ફેમિલી કોર્ટ પ્રિમાઈસીસમાં મળી શકશે તેવો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. બાદ બન્ને પક્ષકારો તરફે પરસ્પર ઊલટ તપાસ કરવામાં આવેલ અને પતિ તરફે વકીલ હર્ષિલ શાહ દ્વારા થયેલ ઊલટ તપાસમાં માતાએ સગીર પુત્ર સોંપી આપવાનું કબૂલ રાખેલ અને સમગ્ર પૂરાવાઓ તથા રેકર્ડ તથા બન્ને પક્ષકારો તરફે દલીલોને ધ્યાને લઈ ફેમિલી કોર્ટ દ્વારા પુત્રને મોટાભાગની જવાબદારી પિતા સંભાળતા હોવાનું ઠરાવી સગીર પુત્રનો કાયમી કબ્જો પિતાને સોંપી આપવાનો આખરી હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં અરજદાર પિતા વતી ભાવનગરના એડવોકેટ અનિરુદ્ધસિંહ ઝાલા , રાજકોટના પી. એમ. શાહ લો ફર્મના એડવોકેટ પીયષુભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નિતેષભાઈ કથીરીયા, જીતેન્દ્રભાઈ ધૂળકોટીયા, વિજયભાઈ પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ રવિરાજ વાળા, ઋત્વીક વઘાસીયા તથા સંજય મેરાણી રોકાયા હતા.

# બાયોડીઝલ પ્રકરણમાં ભરત રામાણીના આગોતરા જામીન રદ કરવાની સરકારની અરજી નામંજુર

## સુપરવેનીંગ સંજોગોમાં તે રેન્ડર થયું છે કે કેમ તે ધ્યાન લીધા વિના મિકેનિકલ મેનરથી જામીન રદ થઈ શકે નહીં, બચાવ પક્ષના વકીલ

**અબતક, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર માલિયાસણ પાસેથી બે ટેન્કર અને છ સ્ટોરેજ ટેંકમાં એકાદ કરોડના ઝડપાયેલા ગેરકાયદે બાયોડીઝલ સહિતના મુદામાલના ગુનામાં શરતોના ઉલંઘન બદલ ભરત રામાણીના આગોતરા જામીન રદ કરાવવાની સરકારની અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છેઆ કેસની હકીકત મુજબ, રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર માલિયાસણ પાસે ભરત વશરામભાઈ રામાણીના મારુતિ પેટ્રોલિયમ લખેલ વંડામાં ક્રાઈમ બ્રાંચે રેડ કરી રૂ.૧,૦૮ કરોડ નો બાયો ડીઝલ, ૬ ટેંકો, બે ટેન્કરો, જનરેટર, ઈલેકટ્રીક મોટર, હાઈડ્રોમીટર, મોબાઈલ ફોન,



એડવોકેટ સુરેશ ફળદુ

ડી.વી.આર. મળી કુલ રૂ.૧,૪૦ કરોડ નો મુદામાલ સીઝ કરી ક્રાઈમ બ્રાંચના પી.એસ.આઈ. ડી.સી. સાકરીયા જાતે ફરીયાદી બની સાત આરોપીઓ વીરૂધ્ધ ગુન્હો દાખલ કરાવ્યો હતો. પોલીસ ધરપકડની દેહસત થી ભરત રામાણીએ કરેલી આગોતરા જામીન અરજી શરતોને આધીન અદાલતે મંજુર કરી હતી. બાદ શરતોનો ભંગ થતો હોવાની તકરાર સાથે જિલ્લા સરકારી વકીલ દ્વારા સેશન્સ અદાલતમાં ભરત રામાણીના આગોતરા જામીન નામંજૂર કરવા અરજી દાખલ કરવામાં આવી હતી.જેમાં ભરત રામાણીના એડવોકેટ સુરેશ ફળદુએ એવી રજૂઆત કરેલી કે એકવાર અદાલતે આગોતરા જામીન મંજૂર કર્યા હોય ત્યારે જામીન યાંત્રિક રીતે રદ થઈ શકે નહીં જ્યાં સુધી કોઈપણ સુપરવેનીંગ સંજોગોમાં તે રેન્ડર થયું છે કે કેમ તે ધ્યાન લીધા વિના મિકેનિકલ મેનરથી જામીન રદ થઈ શકે નહીં આ સંબંધે હાઈકોર્ટ તથા એપેક્ષપોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત તો ઉપરાંત રજૂ રાખેલા દસ્તાવેજી પુરાવો લક્ષ લેતા આરોપીને પોલીસે પાઠવેલી નોટિસનો યોગ્ય ખુલાસો કરેલ હોવા છતાં તે હકીકતો લક્ષમાં લેવામાં આવેલ નથી તેવી લંબાણપૂર્વકની રજૂઆતો કરવામાં આવી હતી બાદ બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે ભરત રામાણીના આગોતરા જામીન રદ કરવાની સરકારની અરજી નામંજુર કરતો હુકમ ફરમાવેલો છે.આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા તથા મદદમાં યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, કેતન પરમાર, પ્રિન્સ રામાણી, આર્યન કોરાટ રોકાયા હતા.

# ચેક પરત ફરવાના કેસમાં મહિલાને એક વર્ષની સજા

## ૬૦ દિવસમાં દોઢ લાખ વળતર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની કેદ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી મહિલાએ મિત્રતાના દાવે સહેલીને રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જેની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે મહિલાને કોર્ટે એક વર્ષની સજા અને ૬૦ દિવસમાં દોઢ લાખ વળતર પેટે ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવ્યો હતો.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા ફરીયાદી સુનિતાબેન ઠાકુરે આરોપી શારદાબેન રમેશભાઈ ધાવરીને મિત્રતાના દાવે રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના વગર વ્યાજે આપ્યા હતા. ત્યારબાદ સુનિતાબેન ઠાકુરે હાથ ઉછીની આપેલી રકમની માંગણી કરતા શારદાબેન ધાવરીએ રૂ.૧.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક વગર વસુલાતે પરત ફર્યો હતો. જેથી ફરીયાદીએ પોતાના એડવોકેટ મારફત આરોપીને પાઠવેલી લીગલ નોટીસ બજી જતા છતાં પણ ચેક મુજબની રકમ નહિ ચૂકવતા ફરિયાદીએ રાજકોટ કોટમાં નેગોશીયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી શારદાબેન ધવરીને એક વર્ષની સજા અને ૬૦ દિવસમાં દોઢ લાખ વળતર પેટે ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવ્યો હતો.આ કેસમાં ફરીયાદી સુનિતાબેન ઠાકુર વતી એડવોકેટ નિલમ પી. સોની અને સુધા કે. ચોવટીયા રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં લોનધારકને ત્રણ માસની સજા

## રૂ.૪૦,૧૫૦નુ વળતર સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ છ માસની જેલ

**અબતક, રાજકોટ**

શહેરની પરિન ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જે લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરવાના કેસમાં લોનધારકને ત્રણ માસની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કોઠી કમ્પાઉન્ડ કવાર્ટર માં રહેતા ગુંજનભાઈ કિશોરભાઈ ચૌહાણ એ પરીન કો ઓ. સોસાયટી માંથી સભાસદ દરજ્જે ૫૦,૦૦૦ ની લોન લીધી હતી તેના બાકી નીકળતા હપ્તા ની રકમ ₹૪૦,૧૫૦ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા લોનધારક ગુંજનભાઈ ચૌહાણને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં ચેક મુજબની રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફોજદારી ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મંડળીના એડવોકેટ અમિત ગડારા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓને ધ્યાને લઈ જજ એ પી ડેરે આરોપી ગુંજન ચૌહાણને તકસીરવાન ઠેરવી ત્રણ માસની સાદી કેદની સજા અને ચેક મુજબનું વળતર સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. ફરિયાદી પરીન ક્રેડિટ સોસાયટી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અમિત ગડારા, કેતન સાવલિયા, ડેનિસ વિરાણી અને પરેશ મૃગ રોકાયા હતા.

# શાપર-વેરાવળ: સગીરા સાથે વાતચીત કરવા મુદે બે જૂથ વચ્ચે ધીંગાણું ખેલાયું

## મોડી રાત્રેની મારામારીમાં બંને જૂથના ઘવાયેલાઓને ખાટલે પોલીસ બંદોબસ્ત

**અબતક, રાજકોટ**

સાપર વેરાવળ શાંતિનગર માં છોકરી સાથે વાતચીત કરવા ના મનનો દુઃખમાં યુવાનોના બે જૂથો વચ્ચે સામસામે મારા મારી ના બનાવમાં છરી ધોકા પાઈપ ના છૂટથી ઉપયોગ માં બંને જૂથના લોકોને નાની-મોટી ઈજા સાથે સિવિલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં પોલીસે બંને પર ચાપતી નજર રાખી છે.

આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર બુધનગર માં રહેતા ઉદય મુકેશભાઈ ચાવડા અને પિયુષ પંકજભાઈ માકડીયા રાત્રે ૯ વાગે ગણેશ નગર શાંતિધામ માં હતા ત્યારે અતુલભાઈ, અંકુર સોંદરવા અને તેની સાથે આવેલા અજાણ્યા માણસોએ છોકરી સાથે વાતચીત કરવાના મન દુઃખમાં ઝઘડો કરી અને ધોકા વડે હુમલો કર્યો હતો અને આ હુમલામાં ઉદય અને પિયુષને ઈજા થતાં સિવિલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.સામા પક્ષે અતુલ ભુપતભાઈ સોંદરવા એ ઉદય અને તેના સાગ્રતો સામે આક્ષેપ કર્યો છે કે પોતે ઘેર હતો ત્યારે ઉદય અને સાગરીતો ઘરે આવી છરી વડે હુમલો કરતા માથાના ભાગે ઈજા થતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે પોલીસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# કોઠારીયા સોલવન્ટમાં ૨૧ વર્ષીય યુવકને ત્રણ શખ્સોએ છરીના પાંચ ઘા ઝીંકી દીધા

## ત્રણ માસ પૂર્વે નાના ભાઈ સાથે થયેલા ઝગડાનો ખાર રાખી હુમલો : આજી ડેમ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં ત્રણ માસ પૂર્વે નાના ભાઈ સાથે થયેલા ડખ્ખાનો ખાર રાખી યુવરાજ, વનરાજ સહિતના ત્રણ શખ્સોંએ ૨૧ વર્ષીય યુવાનને છરીના પાંચ ઘા ઝીંકી દીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં આજીડેમ પોલીસે ત્રણેય શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મામલામાં કોઠારીયા સોલ્વન્ટના દોલતપરા શેરી નંબર-૧ માં રહેતા અને ડ્રાયવીંગનો વ્યવસાય કરતા ૨૧ વર્ષીય કમલેશભાઈ વિનોદભાઈ પરમારએ આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં યુવરાજ, વનરાજ અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરિવારમાં પિતા વિનોદભાઈ, માતા ગીતાબેન, નાનો ભાઈ વિજય ઉં.વ.૧૯, બહેન દિવ્યા ઉં.વ.૧૭, કિંજલ ઉં.વ.૧૫ તથા પત્ની દિવ્યા ઉં.વ.૨૦ છે. આશરે ત્રણેક માસ પહેલા નાના ભાઈ વિજયને યુવરાજ સાથે બોલાચાલી અને ઝઘડો થયેલ હતો બાદમાં સમાધાન થઈ ગયેલ હતું.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજના પાંચ વાગ્યા આસપાસ હું મારા શેઠ નરેન્દ્રભાઈ શર્માને તેમના કારખાને ઉતારીને ફોર વ્હીલ કાર શમશાનની બાજુમાં દ્વારકાધીશ ગૌશાળાની પાસે પાર્ક કરી ફોરવ્હીલ કારમાંથી નીચે ઉતરેલ હતો. તેવામાં સામેથી એક મોટરસાયકલમા ત્રણ સવારીમાં વનરાજ,યુવરાજ તથા એક અજાણ્યો શખ્સ ધસી આવ્યા હતા. બાદમાં વનરાજ સીધો જ ગાળો આપવા લાગેલ હતો જેથી મે ગાળો બોલવાની ના પાડતા યુવરાજ અને અજાણ્યો શખ્સ પણ મને ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતા. જેથી બચવા માટે જેમતેમ પ્રયત્ન કરતા યુવરાજ તથા અજાણ્યા ઈશમે મને પકડી રાખેલ હતો અને વનરાજે તેના નેફામાંથી છરી કાઢી મને ડાબા પગે સાથળના ભાગે છરીના ત્રણ ઘા તથા નડાના ભાગે બે ઘા મારી દીધેલ હતા. જેના લીધે મને લોહી નીકળવા લાગતા હું પડી ગયેલ હતો. હુમલાના લીધે દેકારો થતાં ત્રણેય શખ્સોં તેમનું મોટરસાયકલ લઈ નાસી ગયા હતા. બાદમાં મેં મારા મિત્ર દીગુને ફોન કરી બનાવની જાણ કરતા દિગુ તથા મારો નાનો ભાઈ વિજય તાત્કાલિક બનાવ સ્થળે આવી ગયેલ અને ૧૦૮ એમ્બયુલન્સમાં બેસાડી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ હતા. મામલામાં યુવકે હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ આપતાં આજીડેમ પોલીસે યુવરાજ, વનરાજ અને અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# ગુજસીટોકના ગુનામાં ફરાર કુખ્યાત સરતાજ ખિયાણી રૂખડીયાપરામાંથી ઝડપાયો

## શહેરના પ્રથમ ગુજસીટોકના કેસમાં જામીન મેળવી ભૂગર્ભમાં ઉતરી જનાર ભિસ્તીવાડ ગેંગના સાગરીતને એલસીબી ઝોન-૨ ટીમે દબોચી લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં નોંધાયેલ ગુજસીટોકના પ્રથમ ગુનામાં જામીન મેળવ્યા બાદ ભૂગર્ભમાં ઉતરી જનાર ભિસ્તીવાડ ગેંગના સાગરીત સરતાજ ઉર્ફે રાજન ખિયાણીને એલસીબી ઝોન-૨ ટીમે રૂખડીયાપરામાંથી ઝડપી પાડ્યો છે. ગંભીર ગુનામાં પકડવાના બાકી તેમજ નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એલસીબી ઝોન-૨ ટીમના ઈન્ચાર્જ પીએસઆઈ જે વી ગોહિલની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન રાજકોટ શહેરના પ્રનગર પોલીસ મથકમાં નોંધાયેલ ગુજસીટોકના ગુનામાં જામીન મેળવ્યા બાદ ભૂગર્ભમાં ઉતરી જનાર ભીસ્તીવાડ ગેંગના સાગરીત



સરતાજ ઉર્ફે રાજન હમીદભાઈ ખીયાણીનું કોર્ટ દ્વારા સીઆરપીસીની કલમ ૭૦ મુજબનું પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હોય અને લાંબા સમયથી ફરાર આરોપી રૂખડીયાપરામાં હોવાની ચોક્કસ બાતમીના આધારે એલસીબી ઝોન-૨ ની ટીમે સરતાજ ઉર્ફે રાજન હમીદભાઈ ખિયાણી (ઉ.વ.૪૨ રહે ભીસ્તીવાડ, મોરબી હાઉસ ચોક, હલીમા મંઝિલ,રાજકોટ)ને દબોચી લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ઝડપાયેલા આરોપી વિરુદ્ધ હત્યાની કોશિશ, મારામારી, આર્મ્સ જુગારધારા સહિતના ૧૨ ગુના નોંધાયેલા છે અને રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૦માં નોંધાયેલ ગુજસીટોકના પ્રથમ ગુનામાં જામીન મેળવ્યા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો.

આ કામગીરીમાં એલસીબી ઝોન-૨ ના ઈન્ચાર્જ પીએસઆઈ જે વી ગોહિલ, એએસઆઈ રાજેશભાઈ મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્રભાઈ વાઘિયા, શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા સહિતના રોકાયા હતા.

# જીવરાજ પાર્ક નજીક પ્રૌઢાને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દેનાર કાર ચાલક ઝડપાયો

## હિટ એન્ડ રનની ઘટનામાં ૨૫ કિલોમીટર વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી ગોકુલધામના અરમાન શેખને પકડી પાડતી તાલુકા પોલીસ

**અબતક, રાજકોટ**

શહેરના જીવરાજ પાર્ક પાસેના વિસ્તારમાં દોઢ માસ પૂર્વે હીટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં અજાણ્યા વાહનની ઠોકરે પ્રૌઢનું મોત થયું હતું. જે અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી ૨૫ કિ.મી વિસ્તારમાં ૩૦૦ થી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસી અલગ- અલગ ગેરેજમાં તપાસ કરી અકસ્માત સર્જનાર ગોકુલધામ સોસાયટીમાં રહેતા કારચાલક અરમાન શેખને ઝડપી લીધો હતો.

જાણવા મળતી વિગતો મુજબ, જીવરાજ પાર્ક રીયલ રેજન્સી નજીક ગત તા. ૨૮/૩/૨૦૨૫ ના રાત્રીના અજાણ્યા વાહને હડફેટે લેતા લક્ષ્મણભાઈ દેવજીભાઈ સોલંકી (ઉ.વ ૫૪) નામના પ્રૌઢનું મોત થયું હતું. જે






અંગે મૃતકના પુત્રએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવને લઈ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ ડી.એમ. હરીપરાની રાહબરી હેઠળ પીએસઆઇ એમ.એચ.મહારાજ તથા ટીમે તપાસ શરૂ કરી હતી. અકસ્માત સર્જના કારચાલકની શોધી કાઢવા અલગ અલગ ટીમો બનાવી કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા દ્વારા નાના મવા સર્કલ તથા ભીમનગર સર્કલ, મોકાજી સર્કલ સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક, વગડ ચોક, રાદડિયા ચોક, પટેલ ચોક તથા નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પાટીદાર ચોક મવડી કણકોટ રોડ, કટારીયા ચોકડી સહિતના આશરે ૨૫ કિલોમીટરના વિસ્તારમાં અલગ અલગ ૩૦૦ થી વધુ સીસીટીવી ફૂટેજો ચકાસતા અકસ્માત સર્જનાર સ્વીફ્ટ ગાડી હોવાનું માલુમ પડ્યું હતું.

આ કારનો કાચ થોડો તૂટેલો હોય અને ડાબી બાજુની લાઈટ પણ બંધ થઈ ગઈ હોય જેના આધારે શહેરના અલગ અલગ ગેરેજમાં તપાસ કરી હતી તેમજ અલગ અલગ શોરૂમ અને આરટીઓમાંથી સ્વીફ્ટ ગાડી અંગેની માહિતી માંગી કાર જે રૂટ પરથી પસાર થઈ હતી. તે રૂટના તમામ મોબાઈલ ટાવરના ડમ્પ મંગાવી તેના આધારે તપાસ કરી અકસ્માત સર્જનાર કારચાલક અરમાન અનવરબાઈ અસગરઅલી શેખ(ઉ.વ ૨૦ રહે. ગોકુલધામ સોસાયટી તિરૂપતિ શેરી નંબર એક ફોચ્ર્યુન હોટલની સામે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ મૂળ ચારો ખાતરીપૂર જી.બલરામપુર, યુપી)



ને ઝડપી લીધો હતો. આ કામગીરીમાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ હરપાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ કૌશેલન્દ્ર સિંહ ઝાલા, અજયભાઈ ભુંડિયા, કોન્સ્ટેબલ ભીખુભાઈ, મયુરસિંહ, શિવભદ્રસિંહ, નિકુંજભાઈ, જયપાલસિંહ, મહાવીરસિંહ, બલભદ્રસિંહ અક્ષયભાઈ, કુલદીપ સિંહ અને જયદીપભાઈ સાથે રહ્યા હતા.

# સરહદની સુરક્ષાની સાથે પક્ષનું પણ 'અવલોકન' કરવા મોદી-શહેનશાહની 'શાહી' સવારી 'પધારશે'



## કેન્દ્રીય ગૃહમંત્રી-અમિત શાહ શનિ-રવિ ગુજરાતમાં, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ કાલે કચ્છની મુલાકાતે આવશેઃ ૨૫મી આસપાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ આવે તેવી અટકળો

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદીઓ દ્વારા કરાયેલા જીવલેણ હુમલા બાદ ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂર હાથ ધરવામાં આવ્યું હતુ. દુશ્મન રાષ્ટ્ર પાકિસ્તાન રિતસર ભારતના ઘુંટણીયે પડી ગયું હતુ. દરમિયાન સરહદની સુરક્ષાની સાથે સાથે પક્ષના અવલોકન માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની શાહી સવારી ગુજરાતમાં પધારી રહી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આવતીકાલથી બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આવતીકાલે કચ્છના ભૂજમાં આવેલા એરબેઝની મૂલાકાત લેશે ગુજરાતની મૂલાકાત દરમિયાન તેઓ ભારત-પાકિસ્તાનના સરહદી વિસ્તારની મૂલાકાત પણ લેશે. ઓપરેશન સિંદુરમાં ભારતીય જવાનોએ દાખવેલી હિંમત અને શૌર્યતાને બિરદાવવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ પણ આગામી શનિવાર અને રવિવારે માદરે વતન ગુજરાતની મૂલાકાતે આવી રહ્યા છે. તેઓ અમદાવાદ અને ગાંધીનગરમાં અબજો રૂપીયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે. આ ઉપરાંત આવતા સપ્તાહના અંતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ગુજરાતની મૂલાકાતે આવે તેવી અટકળો



ચાલી રહી છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં પાકિસ્તાન દ્વા ડ્રોન દ્વારા હુમલા કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા હતા. સૈનિકોને બિરદાવવા માટે વડાપ્રધાન, ગૃહમંત્રી અને સંરક્ષણ મંત્રી અલગ અલગ એરબેઝની મૂલાકાત લઈ રહ્યા છે. સૈનિકો સાથે વાતચીત કરી તેઓનો હોંસલો વધારવામાં આવી રહ્યો છે.

(અનુ. આઠમા પાને)

# માવઠાની આગાહી વચ્ચે સૂર્યનારાયણ ફરી 'ધગ્યાં'

## સાયકલોનિક સરકયુલેશનની અસર તળે રાજયના અનેક જિલ્લાઓમાં બે દિવસ કમોસમી વરસાદ પડવાની આગાહીઃ ૪૦ થી ૫૦ કી.મી.ના ઝડપે પવન ફૂંકાશે

**અબતક, રાજકોટ**

રાજયમાં સાયકલોનીક સરકયુલેશનની અસર તળે આગામી બે દિવસ સુધી અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી આપવામાં આવી છે. માવઠાની આશંકા વચ્ચે રાજયભરમાં ગરમીનો પારો ઉંચકાયો છે ત્રણ શહેરોમાં ફરી એકવાર મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૧ તાલુકાઓમાં હળવા ઝાટપાથી લઈ

### સુરેન્દ્રનગરમાં ૪૦.૮ ડિગ્રી, રાજકોટમાં ૪૦.૬ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયુંઃ ૨૪કલાકમાં ૧૧ તાલુકામાં ઝાપટાથી એક ઇંચ સુધી વરસાદ

એક ઇંચ સુધી વરસાદ પડયો હતો. સવારથી મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણ ચોખ્ખું જોવા મળી રહ્યું છે.

ગુજરાત પર અપર એર સાયકલોનીક સરકયુલેશન સર્જાયું છે. જેના કારણે આગામી બે દિવસ સુધી છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી,

(અનુ. આઠમા પાને)

## ૬૪ જળાશયોનું પાણી પીવા માટે અનામત

### રાજયમાં ૧૪૮૯૫ એમસીએફટી પાણીની જરૂરીયાત સામે ૨.૨૩ લાખ એમસીએફટીનો જથ્થો ઉપલબ્ધ

ચોમાસાની સિઝનમાં વરસાદ ખેંચાય તો રાજયની જનતાએ પીવાના પાણી માટે હાડમારી વેઠવી ન પડે તે માટે રાજય સરકાર દ્વારા ૬૪ જળાશયોનું પાણી પીવા માટે અનામત રાખવામાં આવ્યું છે.ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ગુજરાતમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરવામાં આવી હતી. ઉનાળાની સિઝન દરમિયાન ગુજરાતનાં નાગરિકોને પીવા માટેનું શુદ્ધ અને પર્યાપ્ત પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે તેમ પ્રવકતા મંત્ર ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

આ સંદર્ભે તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં કુલ ૬૪ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે. જ્યારે, હાલની સ્થિતિએ રાજ્યમાં પીવા માટેના ૧૪,૮૯૫ MCFT પાણીની જરૂરીયાત સામે આ જળાશયોમાં કુલ ૨,૨૩,૪૩૬ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હાલની સ્થિતીએ

(અનુ. આઠમા પાને)


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)



વ્યાજદર ફક્ત ૯.૨૫%* થી
GST સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા
છેલ્લા ૧ વર્ષનું GST રિટર્નના વેચાણનાં ૩૦%નું ધિરાણ
સિક્યુરીટી કવરેજ ૧૨૫%
રૂા. ૨.૫૦ કરોડ સુધી ધિરાણની સુવિધા
જામીનની જરૂરિયાત નહિ
*શરતોને આધિન
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ


# સરકારી કર્મચારીઓ-પેન્શનરોનાં કુટુંબોન રૂ.૧૦ લાખ સુધીની "સ્વાસ્થ્ય સુરક્ષા" ગુજરાત પુરી પાડશે

## ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજનાને કેબિનેટની બહાલીઃ રાજયના ૬.૪૦ લાખ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને યોજનાનો મળશે લાભ મળશે

**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આરોગ્યવિષયક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવકતા અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જેના અંતર્ગત કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ આપવામાં આવશે.

વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ અમલી પીએમજેએવાય-મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઈ લાભ આપવામા આવશે. રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને જી સીરીઝનું એબી - પીએમજીએવાય - માં કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી પીએમજેએવાય નોડલ એજન્સી સ્ટેટ હેલ્થ એજન્સી કરશે.

જેના અંતર્ગત સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને પીએમજેએવાય એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે.

યોજના હેઠળ બહારનાં દર્દી તરીકે ઓપીડી સારવારનો સમાવેશ થશે નહી. હાલ આપવામાં આવતું માસીક મેડીકલ એલાઉન્સ યથાવત મળવાપાત્ર રહેશે.

રૂ.૧૦ લાખ ઉપરાંતના ખર્ચ માટે અને સારવારની પ્રોસીજર એબી પીએમજેએવાય- માં ઉપલ્બ્ધ ન હોય તેમજ હોસ્પિટલ પીએમજેએવાય માં એમ્પેનલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પદ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ

(અનુ. આઠમા પાને)

# ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરાશેઃ રજીસ્ટ્રેશન શરૂ

### પ્રતિ કિવન્ટલ રૂ.૮૬૮૨ના ભાવે મગની ખરીદી કરશે રાજય સરકાર

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર કરશે ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી ખેડૂતોને જણસીના પોષણક્ષમ ભાવ મળે તે સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઉનાળુ મગ પાક માટે રૂ. ૮,૬૮૨ પ્રતિ કિવન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો. પ્રવર્તમાન સમયમાં વિવિધ એપીએમસી ખાતે ઉનાળુ મગનો બજાર ભાવ રૂ. ૬,૭૭૨ પ્રતિ કિવન્ટલ જેટલો ચાલી રહ્યો છે.કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, મગના ઓછા ભાવથી રાજ્યના કોઈપણ ખેડૂતને આર્થિક નુકશાન ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આજથી આગામી ૨૫ મે સુધીમાં રાજ્યના ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી

(અનુ. આઠમા પાને)









સ્મરણાંજલી

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
श्रीमद् भगवद् गीता : ६-४०

આ લોકમાં કે પરલોકમાં તેનો વિનાશ નથી જ,
કેમ કે શુભ કર્મ કરનાર કોઈ મનુષ્ય દુર્ગતિ પામતો નથી.

હૃદયસ્થ
પારસભાઈ વલ્લભભાઈ કટારીયા
આગમનઃ તા. ૦૧-૦૩-૧૯૭૫..... અનંતકાળ.....

શ્રી વલ્લભભાઈ બાવનજીભાઈ કટારીયા
મંજુલાબેન વલ્લભભાઈ કટારીયા

રીનાબેન પારસભાઈ કટારીયા | રીમલભાઈ વલ્લભભાઈ કટારીયા
સ્વેનમ પારસભાઈ કટારીયા | હેતલબેન રીમલભાઈ કટારીયા
સ્વૈના પારસભાઈ કટારીયા | માલ્વ રીમલભાઈ કટારીયા
તન્વ રીમલભાઈ કટારીયા
મુકેશભાઈ મેરજા । વિભાબેન મુકેશભાઈ મેરજા
શ્રૃજલ મુકેશભાઈ મેરજા

કટારીયા એન્ટરપ્રાઈઝ, રાજકોટ
કટારીયા ફુડસ પ્રા. લી., રાજકોટ
કટારીયા સ્નેક પેલેટસ પ્રા. લી., રાજકોટ
કટારીયા એજન્સી, જુનાગઢ